


# શ્રીમા શારદાદેવી

## સંક્ષિપ્ત જીવન



જો શાંતિ ઇચ્છતા હો તો કોઈના દોષ જોતા નહિ, દોષ જોજો પોતાના. જગતને પોતાનું કરી લેતાં શીખો. કોઈ પારકું નથી, જગત છે તમારું.

- શ્રીમા શારદાદેવી

# શ્રીમા શારદાદેવી

(સંક્ષિપ્ત જીવન)

શ્રીરામકૃષ્ણ આશ્રમ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧.

પ્રકાશક :
સ્વામી જિતાત્માનંદ
અધ્યક્ષ,
શ્રીરામકૃષ્ણ આશ્રમ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન



| | | | |
|---|---|---|---|
| છઠ્ઠું સંસ્કરણ | : જૂન, ૧૯૯૯ | પ્રત : | ૩,૦૦૦ |
| સાતમું સંસ્કરણ | : ડિસેમ્બર, ૨૦૦૦ | પ્રત : | ૩,૦૦૦ |
| આઠમું સંસ્કરણ | : જૂન, ૨૦૦૧ | પ્રત : | ૫,૦૦૦ |
| નવમું સંસ્કરણ | : જાન્યુઆરી, ૨૦૦૩ | પ્રત : | ૨૦,૦૦૦ |
| | | કુલ પ્રત : | ૮૦,૦૦૦ |

મુદ્રકઃ
શિવકૃપા પ્રિન્ટર્સ
દૂધેશ્વર,
અમદાવાદ.

## પ્રકાશકનું નિવેદન

ભગવાન શ્રીરામકૃષ્ણદેવનાં લીલાસહધર્મિણી શ્રીમા શારદાદેવીના સંક્ષિપ્ત જીવનચરિત્રનું આ નવ સંસ્કરણ પ્રકાશિત કરતાં અમને ખૂબ આનંદ થાય છે.

વર્તમાન યુગમાં ભગવાન શ્રીરામકૃષ્ણના દૈવીકાર્યને પૂર્ણ કરવા માટે દિવ્યશક્તિએ શ્રીમા શારદાદેવીના રૂપે અવતાર લીધો. એટલે જ શ્રીરામકૃષ્ણ તેમના વિશે કહ્યા કરતા : 'એ શારદા છે, સરસ્વતી છે, જ્ઞાન દેવા માટે આવી છે, એ મારી શક્તિ છે.' સંસાર પર માતૃવાત્સલ્ય વરસાવવા માટે એમણે માનવદેહ ધારણ કર્યો અને જગતને ભારતીય નારીત્વનો આદર્શ પૂરો પાડ્યો.

શ્રીમાતાજીના આશીર્વાદ આપણાં સૌનાં જીવનને પાવનકારી અને ઉન્નત બનાવે એ જ પ્રાર્થના.

અમને શ્રદ્ધા છે કે આ સંસ્કરણ વાચકોને પ્રેરણા અને શક્તિ આપીને સમુચિત લોકાદર પામશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | માતાપિતા અને જન્મ | ૧ |
| ૨. | પતિની પસંદગી | ૨ |
| ૩. | સાસરિયાં અને વિવાહ | ૪ |
| ૪. | શિક્ષણ | ૯ |
| ૫. | કામારપુકુરના ઘરમાં નિવાસ | ૧૧ |
| ૬. | દક્ષિણેશ્વરવાસ | ૧૩ |
| ૭. | પરીક્ષા | ૧૬ |
| ૮. | ષોડશીપૂજા | ૧૮ |
| ૯. | સિંહવાહિનીને જગાવ્યાં | ૨૨ |
| ૧૦. | લૂંટારાબાપા | ૨૪ |
| ૧૧. | રસભર્યો સંસાર | ૨૮ |
| ૧૨. | બુદ્ધિશાળી પત્ની | ૩૩ |
| ૧૩. | સદાસુહાગિની | ૩૬ |
| ૧૪. | 'વિશ્વમાતા' | ૩૯ |
| ૧૫. | તીર્થયાત્રા અને શ્રીરામકૃષ્ણ સંઘ માટે પ્રાર્થના | ૪૨ |
| ૧૬. | વિવેકાનંદને આશીર્વાદ | ૪૩ |
| ૧૭. | બેલુરમઠમાં માતાજી | ૪૩ |
| ૧૮. | નિવેદિતાની શાળાની મુલાકાતે | ૪૪ |
| ૧૯. | ભક્તજનની | ૪૫ |
| ૨૦. | માતાજીનું ઘર | ૪૫ |
| ૨૧. | માતાજીનો ડાકુ-પુત્ર આમજાદ | ૪૬ |
| ૨૨. | વિષ્ણુપુરનો હમાલ | ૪૭ |
| ૨૩. | વિદેશનાં ભક્તો સાથે | ૪૮ |
| ૨૪. | જગત્ જનની | ૪૮ |
| ૨૫. | શારદાવાણી (શ્રીમાના પ્રેરણાદાયી ઉપદેશ) | ૫૩ |

# શ્રીમા શારદાદેવી
## (સંક્ષિપ્ત જીવન)

### માતાપિતા અને જન્મ

શ્રીમા શારદાદેવીનું જન્મગામ જયરામવાટી બંગાળના બાંકુડા જિલ્લામાં, કલકત્તાથી સાઠેક માઈલ દૂર આવેલું છે. ગામના પાદરે નાનકડી નદી આમોદર વહે છે. એ શારદાદેવીની બચપણની 'ગંગા.' ત્યાં તેઓ રોજ સ્નાન કરવા જતાં.

પિતાનું નામ રામચંદ્ર મુખોપાધ્યાય. વંશપરંપરાથી શ્રી 'ધર્મદેવતા'ના પૂજારીપદના મહેનતાણા રૂપે જે જમીન મળેલી તેની આવક, દેવપૂજામાંથી કાંઈ મળતું તે તથા ગામમાં યજન-પૂજન વગેરે કર્મકાંડ કરાવતા તેની દક્ષિણા અને યજમાનવૃત્તિની આવકમાંથી ગુજરાન ચલાવતા. ઉપરાંત જનોઈઓ પણ વણીને તૈયાર કરતા. આમ તેમનો ઘરસંસાર જેમ તેમ કરીને ચાલતો. તેમના ત્રણ નાના ભાઈઓ પણ સાથે રહેતા.

આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં તેમનામાં ગુણો ઘણા હતા. દિલના ઉદાર, સદાચારી, નિષ્ઠાવાન, સુખી, સંતોષી અને રામભક્ત હતા. જેનું તેનું દાન ન લેતા. પવિત્રતા સર્વ પ્રકારે જાળવવાના આગ્રહી હતા. જૂના રિવાજ મુજબ હુક્કો પીવાના શોખીન અને ઘર આગળ થઈને જતા જાણીતા અજાણ્યા કોઈપણને હેતથી બોલાવીને હુક્કાની ચાર ફૂંક લેવરાવ્યા પછી જ જવા દેતા. એ જમાનામાં ચાનું વ્યસન ન હતું પણ સામાન્ય શિષ્ટાચાર તરીકે સૌ હુક્કો પીતા. ગામમાં દુષ્કાળ પડ્યો ત્યારે પોતાને ત્યાં ખીચડીના દેગડા પર દેગડા રાંધીને દિવસો સુધી ભૂખ્યા લોકોને ખવરાવેલું.

માતા શ્યામાસુંદરીદેવી પતિપરાયણા, પતિથી ય વધારે ઉદાર, પરિશ્રમી, પવિત્ર તથા દેવભક્તિપરાયણ હતાં. તેમનું મનોબળ પુરુષ કરતાં ચઢિયાતું હતું.

આવાં ઉદાર, પવિત્ર, હૈયાઉકલતવાળાં અને ઈશ્વરપરાયણ માબાપને ત્યાં શારદાદેવીનો જન્મ થયો. પોતાના જન્મ વિશે તેઓ કહેતાં કે : 'મારો જન્મ પણ એમની (શ્રીરામકૃષ્ણની) પેઠે જ થયેલો. એક વખતે મારા બાપુ કંઈક કામે કલકત્તા ગયા હતા. મારાં બા નજીકના શિહોડ ગામે બીજી સ્ત્રીઓની સાથે કંઈક

તહેવાર નિમિત્તે યાત્રાસિદ્ધિદેવીનાં દર્શને ગયાં હતાં. દર્શન કરી પાછાં વળતાં મા વિસામો ખાવા એક ઝાડ નીચે બેઠાં.એવામાં લાલ ચૂંદડી ઓઢેલી રૂપરૂપના અંબાર સમી ચાર-પાંચ વરસની ઉંમરની નાની છોકરી ઝાડ ઉપરથી નીચે ઊતરી આવી અને મારી બાને પાછળથી ગળે વળગી પડી અને બોલી : "હું તમારે ઘેર આવું છું હોં, બા !" મા આશ્ચર્યચકિત થઈને બેહોશ થઈ ગયાં. પછી બધાં માણસો બાને ઉપાડીને ઘરે લઈ આવ્યાં. એ છોકરીએ જ મારી બાના ઉદરમાં પ્રવેશ કર્યો અને ત્યાંથી જ મારો જન્મ ! ઘેર આવીને મારી બાએ આ વાત કરેલી.'

ઈ.સ.૧૮૫૩ ના ડિસેમ્બરની ૨૨મી તારીખ, ગુરુવાર ને માગશર વદ સાતમના રોજ શ્રીશારદાદેવી અવતર્યાં.

રાશિ અનુસાર તો નામ પડેલું ઠાકુરમણિદેવી; પણ માતાજીને પૂછતાં તેમણે કહેલું કે : 'મારી બાએ મારું નામ રાખ્યું હતું ક્ષેમંકરી. પણ મારી માસીની એક શારદા નામની દીકરી ગુજરી ગયા પછી તરત મારો જન્મ થયો, એટલે માસીએ આવીને મારી બાને કહ્યું : "બેન, તારી દીકરીનું નામ બદલીને શારદા રાખ; એટલે મને લાગશે કે મારી શારદા જ તારી પાસે આવી છે અને એને જોઈને હું મારી દીકરીને ભૂલી જઈશ." એટલે મારી બાએ મારું નામ રાખ્યું 'શારદા.'

## પતિની પસંદગી

અવતારચરિત્રોમાં કેટલીક અસામાન્ય ઘટનાઓ હોય છે. એમનો બુદ્ધિ કે તર્કને સંતોષ થાય એવો ખુલાસો નથી આપી શકાતો. એનું એક કારણ એ છે કે એ ઘટનાઓને આપણે આપણા રીતરિવાજો અને પરિસ્થિતિના માપદંડથી માપીએ છીએ. અને બીજું એ કે અવતારી વ્યક્તિનાં કાર્યો તેમની પાછળની દિવ્ય શક્તિથી પ્રેરાઈને થતાં હોય છે. શારદાદેવીની વરપસંદગી તથા લગ્ન પણ એ અસામાન્ય કોટિમાં આવે છે, પરંતુ અમારો મત કોઈના પર લાદવાનો આગ્રહ ન રાખતાં અમે માત્ર એ ઘટનાનું ટૂંકું બયાન આપીશું.

જયરામવાટીથી નજીકમાં શિહોડ નામનું એક ગામ છે. શારદાદેવીનું મોસાળ ત્યાં હતું. ગામના પાદરમાં શાંતિનાથ શિવનું એક પ્રાચીન મંદિર છે.

તેની સામેના ચોગાનમાં હરિકથાઓ, રામલીલા કે રાસલીલાને મળતાં આવતાં સંગીતમય અવતારચરિત્રો કે ધાર્મિક નાટકો ખુલ્લામાં ભજવાતાં.

બીજી બાજુએ શ્રીશારદાદેવીનું ભાવિ સસરાનું ગામ કામારપુકુર પણ ત્યાંથી નજીક. તેમના ભાવિ પતિ શ્રીરામકૃષ્ણના ભાણેજ હૃદયરામનું ઘર પણ શિહોડમાં. એટલે રામકૃષ્ણ નાની ઉંમરથી જ ત્યાં આવા પ્રસંગોએ આવતા જતા.

આવા એક ધાર્મિક નાટક પ્રસંગે નીચે મુજબ એક કૌતુકભરી ઘટના બનેલી છે : સીતા સ્વયંવરના અભિનયનું સંગીત ચાલી રહ્યું હતું. સૌ કોઈ જોવામાં, સાંભળવામાં મશગૂલ હતાં. એક બાજુએ કેટલાક છોકરાઓ હારબંધ બેઠા હતા. તેમાં સમાન ઉંમરના પોતાના ભાણેજ હૃદયરામની બાજુમાં શ્રીરામકૃષ્ણ પણ બેઠા હતા. પાછળ પુરુષવર્ગ હતો. સામી બાજુએ સ્ત્રી સમુદાય બેઠો હતો. તેમાં કોઈ એક સ્ત્રીના ખોળામાં બેઠી બેઠી બે વર્ષની બાલિકા શારદાય યાત્રાભિનય જોતી હતી. ગીત પૂરું થયું એટલે એ સ્ત્રીએ નાની શારદાને વહાલથી પૂછ્યું : 'દીકરી શારદા ! તું મોટી થઈશ, ત્યારે તારે કોની સાથે વિવાહ કરવો છે ?' તરત બન્ને હાથ લાંબા કરીને શારદાએ સામેની બાજુએ બેઠેલા શ્રીરામકૃષ્ણને બતાવ્યા. અને બધી સ્ત્રીઓ હસી પડી. આ વાંચીને કદાચ આપણને પણ હસવું આવશે પણ પુરાણો અને ભક્તિશાસ્ત્રો કહે છે કે અવતારી વ્યક્તિઓના જીવનમાં સાવ અલ્પ વયમાં જ પોતાના ભાવિ કાર્યનો તથા કાર્યમાં સહાયક વ્યક્તિઓનો આભાસ ક્યારેક ક્યારેક જોવામાં આવે છે. ભક્તિગ્રંથો કહે છે કે શ્રીરાધા જન્મ્યાં ત્યારે તેમનાં નેત્રો બંધ હતાં. પછી જ્યારે યશોદાજી શ્રીકૃષ્ણને તેડી રાધાજીને જોવા અને 'ઝભલું આપવા' ગયાં ત્યારે રાધાજીએ શ્રીકૃષ્ણને જોવા માટે આંખો ઉઘાડી. ભાવ કે આ આંખોથી પ્રથમ શ્રીકૃષ્ણને જ જોવા ! એ અંદરની પ્રેરણાનું કાર્ય ! 'અકસ્માત' એ કાંઈ ખુલાસો નથી. તેમ અહીં પણ જે ઉંમરે લોકદૃષ્ટિએ બાળક વિવાહ શબ્દનો અર્થ પણ ન સમજે તે વખતે પોતાના ભાવિ પતિને નાની શારદાએ હાથ લાંબો કરીને બતાવ્યા. એને અંદરથી થયેલી દિવ્ય પ્રેરણાનું કાર્ય ગણવું યોગ્ય લાગે છે.

તે જ પ્રમાણે અવતારી પતિ શ્રીરામકૃષ્ણે પણ પોતાની ભાવિ પત્નીનો પત્તો પોતાનાં મા તથા ભાઈને દિવ્ય પ્રેરણાથી જે પ્રકારે આપ્યો તે હકીકતે પહોંચવા સારુ શારદાદેવીનાં ભાવિ સાસરિયાંનો ટૂંકમાં પરિચય આપીશું.

## સાસરિયાં અને વિવાહ

આમ માતાની ગોદમાં બેસીને રમવાના, મોટી છોકરીઓની કેડમાં બેસીને ફરવાના તથા કાકાઓને કાંધે ચડીને ખેતરે જવાના દિવસો હજી તો માંડ પૂરા થયાં ત્યાં તો નાની શારદાના સગપણ માટે માગું આવ્યું.

કામારપુકુરના ખુદીરામ ચેટરજી તથા તેમનાં સુશીલ પત્ની ચંદ્રામણિદેવીનાં પાંચ સંતાન. રામકુમાર, રામેશ્વર તથા રામકૃષ્ણ ઉર્ફે ગદાધર નામના ત્રણ પુત્રો અને બે પુત્રીઓ. આ ગદાધર સાતેક વરસનો થતાં પિતા ખુદીરામે દેહત્યાગ કર્યો. એટલે મોટો પુત્ર રામકુમાર કલકત્તામાં કમાવા સારુ ગયો. ત્યાં પાઠશાળા ખોલી છોકરાઓને ભણાવવામાંથી તથા કર્મકાંડની દક્ષિણામાંથી બે પૈસા કમાતા. અહીં કામારપુકુરમાં નાનો ભાઇ ગદાધર કાંઇ ભણતો નહીં, પણ ધર્મશાળામાં આવેલા સાધુબાવાઓની સોબતમાં તથા એકાંત સ્મશાનભૂમિમાં તેમ જ ધાર્મિક આખ્યાનો, કીર્તનો વગેરે ભજવવામાં દિવસો વિતાવતો. એટલે રામકુમાર તેને કલકત્તા લઇ ગયા. હેતુ એવો કે પોતાની પાસે ગદાધર ભણે અને પોતાને દેવ-સેવા વગેરેમાં મદદગાર થાય, પરંતુ અહીં પણ ગદાધરનું ભણતર કાંઇ આગળ વધ્યું નહીં.

દરમ્યાનમાં દક્ષિણેશ્વર કાલીમંદિરમાં રામકુમાર પૂજારી નિમાયા, એટલે ગદાધર પણ ત્યાં ગયો, અને પોતાની દેવભક્તિ, સેવાપૂજા, પવિત્રતા તથા બાળક જેવી સરળતાને લીધે મંદિરના માલિક જેવા મથુરબાબુની નજરમાં વસી ગયો. અને કેટલાક સમય પછી મોટાભાઇ રામકુમારનું વૃદ્ધાવસ્થામાં મૃત્યુ થતાં તેમની જગાએ ગદાધર પૂજારીપદે નિમાયો.

પૂજા કરતાં કરતાં તેને માતાજીનાં પ્રત્યક્ષ દર્શન કરવાની તાલાવેલી લાગી. ખૂબ વ્યાકુળતાપૂર્વક અનેક પ્રાર્થનાઓ કરવા છતાં માતાજી કાંઇ રીઝ્યાં નહીં; એટલે એક દિવસે તેણે મંદિરમાં પડેલી તલવાર ઉઠાવી અને દર્શન વિનાની જિંદગી વ્યર્થ સમજીને પોતાના ગળા ઉપર ઝીંકી, એ સાથે જ જગદંબાએ પ્રગટ થઇને હાથ પકડી લીધો !

ત્યારથી તેની પૂજાપદ્ધતિ સાવ બદલાઇ ગઇ. શાસ્ત્રોના મંત્રોચ્ચાર અને વિધિવિધાનોપૂર્વક પૂજા કરવાને બદલે જીવંત જગદંબા અને તેના બાળકસમા રામકૃષ્ણ વચ્ચે મા-દીકરા જેવું વર્તન થવા લાગ્યું. પૂજારી રામકૃષ્ણ માતાજીની

સાથે વાતો કરે અને જોનારા લોકોને લાગે કે એ હવામાં વાતો કરે છે. આ બધો પ્રકાર જોઈને મંદિરના ખજાનચી તથા બીજા કર્મચારીઓએ ગદાધરને ચસકેલ મગજનો ઠરાવ્યો અને આવી વાતને ફેલાતાં વાર નથી લાગતી. તે ઊડતી ઊડતી કામારપુકુર પહોંચી ગઈ.

એ સાંભળતાં વૃદ્ધ મા ચંદ્રામણિદેવી બહુ જ ચિંતા કરવા લાગ્યાં અને ગદાધરને ઘેર તેડાવી લીધો.

ઘેર આવ્યાં પછી ગદાધરના મનને સંસારમાં વાળવા માટે તેનાથી અજાણ રીતે તેના સારુ કન્યા શોધવા લાગ્યાં. ઘણે ઠેકાણે પ્રયાસ કરવા છતાં ક્યાંય મેળ ખાય નહી. કાં તો ઘર બરાબર ન હોય, કાં તો કન્યામાં વાંધો હોય, કાં તો કન્યાનો બાપ એટલા બધા પૈસા માગે કે તે પોતાના ગજા ઉપરની વાત હોય.

આમ ખૂબ પ્રયાસ કરીને ગદાધરની મા તથા ભાઈ રામેશ્વર હેરાન હેરાન થઈ ગયાં અને એક દિવસ નિરાશ થઈ જઈને બેઠાં હતાં ત્યાં ગદાધર આવ્યો અને બા તથા ભાઈને ઉદાસ વદને બેઠેલાં જોઈને તે વસ્તુસ્થિતિ કળી ગયો. એટલામાં અચાનક તેનામાં ઈશ્વરી આવેશ આવ્યો અને તે બોલી ઊઠ્યો : 'કન્યા સારુ બીજે ફાંફાં મારવાં નકામાં છે. જયરામવાટીના રામ મુખરજીને ત્યાં કન્યા એંધાણ કરીને રાખી મૂકી છે.'

આવાં વચન પર વિશ્વાસ કોણ મૂકે ! છતાંય જેમ ડૂબતો માણસ તરણાનેય વળગે એમ ભાઈ રામેશ્વરે તપાસ કરાવી તો ખબર પડી કે કન્યા તો છે; પણ સાવ નાની, પાંચ જ વરસની, જ્યારે મુરતિયો હતો ત્રેવીસ વરસનો ! આ મેળ કેમ ખાય ? મા બોલ્યાં : 'નાની હશે તો મોટી થઈ રહેશે, માટે વાત તો ચલાવી જુઓ.'

એટલે વાત આગળ ચાલી અને માગું લઈ જનારે વર્ણન કર્યું કે મુરતિયો કલકત્તામાં દક્ષિણેશ્વર કાલીમંદિરમાં પૂજારી છે. ખાવુંપીવું, લૂગડાંલત્તાં, પ્રસાદનો થાળ, રહેવા માટે મજાનો ઓસરીબંધ પાકી છોવાળો ઓરડો અને મહિને સાત રૂપિયાનો સરસ પગાર ! (એ દિવસોમાં ઝાઝું ભણતર વગરના પૂજારી બ્રાહ્મણને માટે સાત રૂપિયાનો પગાર એટલે ઘણો કહેવાય.) વળી મંદિરના માલિકના એના પર ચારે હાથ અને છોકરો મજાનો કનૈયા કુંવર જેવો !

રામચંદ્ર મુખરજીએ પણ વાત પર વિચાર કરવાનું કહીને પોતાની તપાસ શરૂ કરી, ત્યાં ખબર પડી કે મુરતિયાનું મગજ ક્યારેક ક્યારેક ઠેકાણે રહેતું નથી

એવું દક્ષિણેશ્વરમાં કહેવાતું. એટલે તેમણે વાત જરા અટકાવી રાખી. વરપક્ષને ગરજ હતી. તેમણે યુક્તિથી જાણી લીધું કે કન્યાના બાપની આર્થિક સ્થિતિ સારી નથી. એટલે એ દિશામાંથી દબાણ હળવું થઇ જાય તો કામ પતી જાય. એટલે તેમણે હા, ના, હા, ના કરતાં રૂપિયા ત્રણસો રોકડા આપવાના ઠરાવ્યા, અને લગ્ન વખતે કન્યાના અંગ ઉપર વરપક્ષ તરફથી ઘરેણું પણ સારી રીતે ચડાવીશું એમ કહેવામાં આવ્યું. એટલે શ્રીરામચંદ્રબાબુ માની ગયા. વાગ્દાન થયું અને તુરતમાં જ લગ્નની તિથિ નક્કી થઇ.

કામારપુકુરમાં મા ચંદ્રામણિદેવીનો હરખ માય નહી. આનંદથી અધીરાં થઇને ગામના જમીનદાર લાહા બાબુને ત્યાં ગયાં. અને 'આપણા ગદાઇનાં લગ્ન છે, માટે વહુને શણગારવા ઘરેણાં જોઇશે; વિવાહ પતી જશે એટલે પાછાં આપી જઇશું,' એમ કહીને જમીનદારનાં કીમતી ઘરેણાં માગી લાવ્યાં તથા લગ્નપ્રસંગે પોતાની લાડકી પુત્રવધૂને સારી રીતે શણગારી અને શ્રીમંતાઇનું પ્રદર્શન કરીને કન્યાપક્ષને આંજી નાખ્યો. સૌ બોલી ઊઠ્યાં : 'વાહ, ગદાઇ કમાયો છે તો ખૂબ !'

આમ લગ્ન નો પતી ગયાં, જાન ઘેર આવી. ઘરેણાંથી શણગારેલ ઢીંગલી જેવી પાંચ વરસની નાનકડી વહુને ખાંધ પર તેડીને તેના કાકા ઈશ્વરચંદ્ર સાથે આવેલા.

આખું કામારપુકુર હરખાઇને ઘેલું થઇ ગયું-ખાસ કરીને મહિલામંડળી; કારણ કે ગદાઇ નાનપણથી જ તેમનો સહુનો બહુ જ વહાલસોયો દીકરો અને ભાઇ હતો. જમીનદારના ઘરનાંથી માંડીને સાધારણ પરિચિતનાં બૈરાંઓ સુધ્ધાં નાનકડી વહુને જોઇને બહુ રાજી થયાં અને હરખ કરીને પોતપોતાને ઘેર ગયાં.

સંધ્યા થઇ ગઇ. માના મનમાં થવા લાગ્યું કે વહુ છે સાવ નાનું બાળક. તેના અંગ ઉપર છે જમીનદારના ઘરનાં કીમતી ઘરેણાં. એકાદું ખોવાય કે ચોરાય તો જિંદગીભરની કાળી ટીલી બેસી જાય. પછી સાચી વાત કોઇ માને નહી અને જિંદગીભરના 'ચોર' ઠરીએ. એટલે ઘરેણાં પાછાં આપી દેવાનો વિચાર આવ્યો. પણ પરણીને તરત જ આવેલી પુત્રવધૂના અંગ ઉપરથી અલંકાર ઉતારવાનું કંઇ સાસુનું હૈયું કબૂલે ? જીવ ન ચાલ્યો. તે સાથે જ જોખમ પણ વધુ વાર કન્યાના અંગ ઉપર રહેવા દેવાની હિંમત નહી. અને ઘરની ગરીબાઇનો પણ મનમાં વિચાર આવ્યો હશે એટલે મા ચંદ્રામણિદેવી જરા ગમગીન થઇ ગયાં અને આંખમાં સહેજ પાણી આવ્યાં.

મા ચંદ્રામણિદેવીને મુંઝાયેલાં જોઇને ચતુર રામકૃષ્ણને એ સમજતાં વાર ન લાગી. એટલે આખા દિવસની ધમાલ પછી શારદા સૂઇ ગઇ ત્યારે તેની ભરઊંઘમાં રામકૃષ્ણે બધાં ઘરેણાં ઉતારી લીધાં અને માને સોંપી દીધાં. ઉછીનાં આણેલાં ઘરેણાં મા વગર વિલંબે માલિકને તેને આપી આવ્યાં અને નચિંત થયાં.

પણ સવાર પડતાં જ નવા અધ્યાયની શરૂઆત થઇ. શારદા તો સાવ બાળક હતી. ઊઠતાંવેંત બોલી ઊઠી કે 'મારા અંગ ઉપર આવાં આવાં બધાં ઘરેણાં હતાં તે ક્યાં ગયાં ?' અને એ સાથે ખુદીરામ ચેટરજીના ગરીબ ઘરની આબરૂનો પડદો ચિરાઇ ગયો, તેની પાછળથી ગરીબાઇ ડોકિયું કરી રહી. ઝટઝટ સાસુજીએ આવીને શારદાને ખોળામાં બેસાડીને સમજાવવા માંડી કે 'ગદાઇ તને એથીયે વધુ સારાં ઘરેણાં ઘડાવી આપશે,' વગેરે.

ઘરમાં વાત તરત જ ફેલાઇ ગઇ. શારદાના કાકા બધું સમજી ગયા અને તેમણે દુર્વાસાનું રૂપ ધારણ કર્યું. ક્રોધમાં આવી જઇને છોકરીનો હાથ પકડીને ચાલી નીકળી ગયા, તે સીધા પહોંચ્યા જયરામવાટી ! બિચારી માને માથે તો આભ જ તૂટી પડ્યું. વિવાહને બીજે જ દિવસે આવી ફજેતી, તથા વેવાઇપક્ષની પાસે ઘરની બાંધી મૂઠી ઊઘડી ગઇ અને ઘરમાં આવેલી કન્યા પણ ગઇ. એ બધાંથી મનમાં બહુ દુ:ખ થયું અને ચહેરા પર ઉદાસીનતા છવાઇ ગઇ.

ત્યાં રામકૃષ્ણ આવીને કહે છે : 'મા, હવે એમાં અફસોસ શો કરવો ? ભલેને લઇ ગયા. લગન તો હવે કંઇ થયું ન થયું થાય તેમ નથી ને ? તો પછી ચિંતા શા માટે કરો છો ?'

## શિક્ષણ

શારદાદેવીનાં લગ્ન પતી ગયાં અને ત્યાં પહેલે દિવસે જ સાસરિયાં અને કાકા વચ્ચે ઝઘડો થવાથી સાસરે માત્ર પગ મૂકીને જ પાછા જયરામવાટી આવવું પડ્યું. વળી ઝઘડાની ગરમી હજી કંઇ ઓછી થઇ ન હતી. એટલે પિયરમાં રહીને પોતાની બાના સંસારમાં મદદગાર થવા લાગી. કારણ કે, પાંચ વર્ષની હોવા છતાં શારદા સ્વભાવે ગંભીર અને કામઢી છોકરી હતી. નાના ભાંડુઓને રમાડવાં, સાચવવાં, પડોશની બીજી છોકરીઓ સાથે ગામની આમોદર ગંગાએ

નાહવા જવું,અને ભાંડુઓને નવડાવવા લઇ જવાં; નાહી આવીને કાંઠાની પીપળને છાંયે બેસીને ચણા-મમરાનું ચવાણું સૌને વહેંચી આપવું, ઘેર બાને રસોઇમાં અને વાસણ માંજવામાં મદદ કરવી, ઘરની ગાય માટે ચારો વાઢી લાવવો, ખેતરે કામ કરતાં માણસોને ભાત પહોંચાડવા જવું, લણણીના દિવસોમાં માણસોએ કાપી રાખેલ ડાંગરની નાની નાની ભારીઓ ઊંચકવામાં મદદ કરવી, વગેરે બધાં ગામડાના જીવનનાં ઘરગથ્થુ કામ કરતી.

એકવાર ગામમાં તીડ આવ્યાં. તીડ ડાંગરનાં ખેતર સફાચટ કરી ગયાં. દુઃખના આ દિવસોમાં શારદા ખેતરોમાં ફરતી, બચેલી ડાંગર ભેગી કરતી. આ કામ કરતાં એને જરાય થાક લાગતો ન હતો. ખેડૂતો ખેતરમાં કામ કરતા હોય ત્યારે શારદા બધાને નાસ્તામાં મમરા વ. આપતી.

શારદા સતત કામ કર્યા કરતી. ગરીબો પ્રત્યે તેનું હૃદય સહાનુભૂતિથી ઊભરાતું ને ગરીબોને મદદ કરવા એ સદાય તત્પર રહેતી.

શારદા રમત-ગમતમાં બહુ સમય ન વેડફતી. ભગવાનની નાની-મોટી મૂર્તિઓને ફૂલો કે બીલી અથવા તુલસી જેવાં પવિત્ર વૃક્ષોના પર્ણો ચડાવવાનું એને બહુ ગમતું. આમાંય કાલીમાતા અને લક્ષ્મીમાતાની મૂર્તિઓ શારદાને સૌથી વધારે ગમતી. કાલીમાતા એટલે ભયંકર અને દુષ્ટ અસુરોનો નાશ કરવાવાળી જ્યારે લક્ષ્મીમાતા તો વૈભવ અને સૌંદર્યની દેવી.

પૂજા કરવામાં શારદા એવી તો તન્મય બની જતી કે બીજું બધું સાવ ભૂલી જતી. એકવાર શારદા, સકલ વિશ્વનું રક્ષણ કરનાર માતા જગદ્ધાત્રીની પૂજા કરતી હતી. માતાજીએ સિંહ ઉપર સવારી કરી એવી મૂર્તિ હતી. આ મૂર્તિના ધ્યાનમાં તલ્લીન શારદા સ્વયં કોઇ મૂર્તિ જ હોય એવી બની જતી. એકવાર આવેલા કોઈ મહેમાને જોયું તો શારદા જાણે કે જગદ્ધાત્રીની મૂર્તિ !

શારદા આખો દિવસ કામ કરતી છતાંય એને અદ્ભુત અનુભૂતિઓ થતી. ક્યારેક એ જોતી કે એની જ વયની કોઇ છોકરી એને ઘરકામમાં મદદ કરે છે. પણ જો બીજું કોઇ આવી ચડે તો પેલી છોકરી તરત જ અદૃશ્ય થઇ જતી. મોટું મોટું ઘાસ કાપવા માટે શારદા જો તળાવમાં ઊતરતી તો પેલી છોકરીય તળાવમાં ઊતરતી. શારદા ઘાસનો પૂળો બાંધીને કાંઠે આવતી તો પેલી છોકરીય પૂળો બાંધીને કાંઠે ઊભેલી દેખાતી.

ક્યારેક ક્યારેક નાના ભાઈઓને પાઠશાળામાં પહોંચાડવા જતી ત્યારે પાઠશાળામાં બેસીને એકડા ઘૂંટતાં ને બંગાળી ભાષાનો કક્કો શીખી ગઈ. પણ એથી વધારે અભ્યાસ કાંઈ જયરામવાટીમાં થયો હોય એવું લાગતું નથી, કારણ કે એ દિવસોમાં શ્રીમંત તેમ જ ઉચ્ચ વર્ણનાં ઘરોમાં પણ સ્ત્રીશિક્ષણ પ્રત્યે વિશેષ રુચિ ન હતી એવું આગળ આવતા એક પ્રસંગ પરથી જણાશે.

બન્ને કુટુંબો વચ્ચેની કડવાશ તો સમયના વહેવા સાથે ઓછી થતી ગઈ અને ફરી પાછો મિલનસાર વ્યવહાર ચાલુ થઈ ગયો. એટલે સાસુજી અવારનવાર શારદાવહુને કામારપુકુર તેડાવતાં, અને તે પણ સાસુ, મોટાં ભાભી, નાનાં ભાભી વગેરેના સંતોષ ખાતર કેટલાક દિવસો રહેતાં અને પાછાં જયરામવાટી ચાલ્યાં જતાં. આ બધો વખત શ્રીરામકૃષ્ણ તો દક્ષિણેશ્વરમાં પૂજારીપદે રહીને માતાજીની પૂજા અને વિવિધ પ્રકારની સાધનાઓ કર્યા કરતા. આ સમયનો ગાળો લગભગ આઠ વરસનો રહ્યો હતો.

આવી રીતે શારદાદેવી એક વખતે કામારપુકુરમાં સાસરે હતાં ત્યારે તેમને વાંચતાં શીખવાની ઇચ્છા થઈ. પણ સાસરામાં એ બાબત શી રીતે બોલાય ? તેમની ભત્રીજી લક્ષ્મી (રામેશ્વર, જેઠની દીકરી)ની સાથે એ બાબતમાં કંઈક અંશે સફળતા મળી. લક્ષ્મીએ પોતાની કાકી શારદાદેવીને શીખવવાનું માથે લીધું. પણ તેમાંય વિઘ્ન તો આવેલું જ.એ વિવરણ શ્રીમા શારદાદેવીના પોતાના જ શબ્દોમાં સાંભળીએ : 'કામારપુકુરમાં હું અને લક્ષ્મી 'વર્ણપરિચય' (બાળપોથી) થોડું થોડું શીખતા હતાં. પણ ત્યાં એક દિવસ ભાણેજ હૃદયે આવીને ચોપડી હાથમાંથી ખૂંચવી લીધી અને બોલ્યો કે "સ્ત્રીની જાતને વાંચવાલખવાનું ન હોય; છેવટે શું નાટક, નોવેલ વાંચવાં છે કે ?" પણ લક્ષ્મીએ પોતાની ચોપડી હાથમાંથી છોડી નહીં; એ તો ઘરની દીકરી ખરીને, એટલે તેણે તેની સામે થઈને પરાણે પોતાની પાસે રાખી. મેં વળી પાછી છાનીમાની એક ચોપડી એક આનો દઈને મંગાવી લીધી. લક્ષ્મી જઈને નિશાળમાં ભણી આવતી તે ઘેર આવીને મને શીખવતી.'

શિક્ષણમાં માતાજીનો ઉત્સાહ આગળ ઉપર પણ ટકી રહ્યો હતો એ તેમના પોતાના શબ્દોમાં સાંભળીએ : 'બરાબર તો શીખી દક્ષિણેશ્વરમાં. ઠાકુર એ વખતે ગળાની સારવાર કરાવવા સારુ શ્યામપુકુરમાં રહેવા ગયા હતા. હું ત્યાં દક્ષિણેશ્વરમાં નોબતખાનામાં સાવ એકલી. ભવનાથ મુખરજીની એક દીકરી ત્યાં થઈને ગંગાએ નાહવા આવતી. એ છોકરી ક્યારેક ક્યારેક ઘણીવાર સુધી મારી

પાસે બેસતી.એ રોજ નહાવા આવતી વખતે મારો પાછલો પાઠ લેતી અને નવો દેતી. હું તેને શાકપાંદડું કે મંદિરની વાડીમાંથી જે કાંઇ અમારે ત્યાં આવતું તે સારી પેઠે આપતી.'

શ્રીરામકૃષ્ણે શારદાદેવીના ભણવામાં વાંધો લીધો ન હતો; એટલું જ નહી પણ તેમણે તો કાલીમંદિરના પીતાંબર ભંડારીના અગિયાર વરસના છોકરા શરતને કહ્યું હતું કે 'તું લક્ષ્મીને અને તારી કાકીને વર્ણ પરિચયનો પહેલો અને બીજો ભાગ વાંચતાં શીખવી દે.' આ બે ભાગ પૂરા થયા અને તેમને સાધારણ લખતાંય આવડ્યું એટલે ઠાકુરે કહ્યું કે : 'હવે વધુ ભણવાની જરૂર નથી. હવે રામાયણ વગેરે ધર્મનાં પુસ્તકો મજાનાં વાંચી શકશો.'

આટલા વિદ્યાભ્યાસને પરિણામે શ્રીશારદાદેવી રામાયણ વગેરે વાંચી શકતાં, પરંતુ લખવાનો મહાવરો નહી, એટલે ખાસ લખી શકતાં નહી.

સને ૧૮૬૪ માં બંગાળમાં ભયંકર દુકાળ પડ્યો. દુકાળનાં પંજાએ જયરામવાટીને પણ ભરડો લીધો. હજારો માણસો ભૂખમરાનો ભોગ બન્યાં. શારદાનાં પિતા પાસે લોકો ખાવા માટે હાથ લાંબો કરતા. રામચન્દ્ર કંઇ શ્રીમંત ન હતા; ગરીબ હોવા છતાં પણ તેમણે તો ઘરઆંગણે સદાવ્રત જ ખોલી દીધું. જેમ જેમ લોકો આવતાં, તેમ તેમ તેઓ દાળ-ચોખાની ખીચડી રાંધીને બધાંને ખવરાવવા માંડ્યા. તેમના નાના સરખા કોઠારમાં થોડા ચોખા સંઘરી રાખ્યા હતા એય ખલાસ થઇ ગયા.

લોકોને ભૂખનાં દુઃખથી પિડાતા જોઇ શારદાનું હ્રદય દ્રવી ઊઠતું. ભૂખ્યા લોકો ગરમ ગરમ ખીચડી ખાતાં દાઝી જાય નહિ એટલે શારદા પંખો લઇને હવા નાખતી.

એકવાર એક સાવ લઘરવઘરવાળવાળી ને લાલચોળ આંખોવાળી આદિવાસી કન્યા દોડતી દોડતી આવી. ઢોરને ખાવા માટે એક તગારામાં ડાંગરની ભૂંસી પલાળી રાખી હતી, એ અકરાંતિયાની પેઠે ખાવા જ લાગી. શારદાએ આ છોકરીને ઘરમાં આવીને બધાંની જેમ ખીચડી ખાવાનું કહ્યું. પણ પેલી છોકરીએ કંઇ ધ્યાન ન દીધું. શારદાદેવી પછીના વર્ષોમાં આ પ્રસંગ સંભારીને કહેતાં: 'ભૂખનું દુઃખ ભારે ભૂંડું છે, હોં !'

# કામારપુકુરના ઘરમાં નિવાસ

લગ્ન કરીને શ્રીરામકૃષ્ણ તો દક્ષિણેશ્વરમાં ગયા અને ત્યાં કાલી માતાની સેવામાં રોકાયા. આ બાજુ શારદાદેવીએ સાસુના સંતોષની ખાતર પિયરથી સાસરે અને સાસરામાં થોડા દિવસ રહીને પાછાં પિયર, એમ અવારનવાર જવા આવવામાં સમય વિતાવતાં વિતાવતાં યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. શારદા મટીને હવે તો શારદાદેવી થયાં હતાં અને પિતાને ઘેર દિવસો ગાળતાં હતાં.

તેવામાં એક દિવસે કામારપુકુરથી સમાચાર આવ્યા કે ઠાકુર શ્રીરામકૃષ્ણ દક્ષિણેશ્વરથી આવી પહોંચ્યા છે, અને ચંદ્રામણિદેવીએ શારદાદેવીને તેડાવ્યાં છે. એટલે શારદાદેવી કામારપુકુર ગયાં. ત્યાં જોયું તો શ્રીરામકૃષ્ણની સાથે એક ભગવાં વસ્ત્રધારી ભૈરવી બ્રાહ્મણી આવેલી. એ ભૈરવી શ્રીરામકૃષ્ણની તાંત્રિક સાધનાઓની ગુરુ હતી અને મગજની ગરમ હતી. એટલે શારદાદેવીને માથે એકને બદલે બે સાસુઓની તબિયત સાચવવાનું આવી પડ્યું.

શારદાદેવી કહેતાં કે મને ભૈરવીની બીક લાગતી. ભૈરવી પોતે કેટલીક વાર રસોઈ કરતી. શાક વગેરેમાં મરચું છૂટથી વાપરતી. ઘરનાં બીજાં બૈરાંઓને તેની રસોઈ પસંદ આવતી નહી અને તેઓ તેને મોઢે જ સંભળાવતાં. ભૈરવી મને પૂછતી, 'વહુ મા, શાક કેવું થયું છે?' હું બીકની મારી કહેતી કે 'મજાનું થયું છે,' એથી ભૈરવી મારા ઉપર રાજી રહેતી. પણ પેલું તીખું શાક મારે ખાઈ જવું પડતું અને એ ખાતાં ખાતાં મારી આંખમાંથી અને નાકમાંથી નીકળતું પાણી મારી સાડીના છેડાથી હું લૂછતી જતી.

સમજણાં થયા પછી સ્વામી સાથે મિલન અને વસવાટ આ પહેલ-વહેલો જ કહી શકાય. તે પહેલાં જયરામવાટીમાં ગામડાની મર્યાદામાં રહીને રસોઈ તથા ઘરકામ શીખ્યાં તથા ભજન ગાઈને ગુજારો કરનારા માગણ લોકો પાસેથી ભજનો ગાતાં શીખ્યાં હતાં.

હવે શ્રીરામકૃષ્ણ કામારપુકુર આવ્યા એટલે ઘરસંસાર ચલાવવાના શિક્ષણની શરૂઆત થઈ. શ્રીરામકૃષ્ણને ખબર હતી કે પોતાની પત્ની નાની અને અણસમજુ છે એટલે તેમણે તેને વહેવારની બધી બાબતમાં સમજાવીને કુશળ

બનાવવા માંડી.

સાંજ પડ્યે દીવાની વાટ કાતરવા જેવી સાવ સામાન્ય બાબતથી શરૂઆત કરીને સળગેલી દીવાસળી સાવ ખલાસ ન થઇ ગઇ હોય તો ખાલી બાકસમાં એકઠી કરવી કે જેથી ફરી વાર ઉપયોગમાં આવે, કચરો કાઢી રહ્યા પછી સાવરણી જ્યાં ત્યાં ન ફેંકતા તેને સ્થાને મૂકવી, અને શાક સુધારી રહ્યા પછી છાલ-છોતરાં વગેરે ફેંકી ન દેતાં ગાયને મોઢે નાખવાં વગેરે ઘરગથ્થુ બાબતોની શ્રીરામકૃષ્ણ શિખામણ આપતા. વળી ઘરનાં બધાં માણસોના સ્વભાવ પારખી લઇને કોની સાથે કેવી રીતે વર્તવું, પાડોશનાં તથા બહારનાં બીજાંઓની સાથે માણસ જોઇને ક્યા પ્રકારે વાતચીત કરવી, પરિચય પાડવો તથા વહેવાર રાખવો, કંજૂસ તેમજ ઉડાઉ બેમાંથી એકેય ન બનતાં કરકસરપૂર્વક જ્યાં જેટલી વસ્તુની કે પૈસાની જરૂર હોય ત્યાં તેટલાંનો જ ઉપયોગ કરવો, બહાર જતી વખતે ઘરને તાળું મારીને પાછું ખેંચી જોઇને બરાબર દેવાયું છે કે નહી તેની ખાતરી કરવી, કોઇને ઘેર બેસવા જવું હોય તો પૈસા લીધા વિના સાવ ખાલી ખિસ્સે ન જવું, પાત્રાપાત્રનો વિચાર કરવાને ગજા પ્રમાણે અતિથિસત્કાર કરવો, દેવદર્શને સાવ ખાલી હાથે ન જવું, સાધુ-બાવાઓનાં સ્થાનોમાં એકલાં ન જવું કે વધારે વાર ન જવું વગેરે દુનિયાદારીની વ્યવહારુ સૂચનાઓથી માંડીને દેવપૂજનના વિધિ, જુદા જુદા જપના ક્રમ, સંખ્યા, બીજ વગેરે તેમ જ ધ્યાનના પ્રકારો તથા ઈશ્વરીય તત્ત્વના આધ્યાત્મિક અનુભવ સુધીના સર્વ વિષયોની સમજણ સુધ્ધાં શ્રીરામકૃષ્ણ ખંત અને ધીરજપૂર્વક શારદાદેવીને આપવા લાગ્યા.

પરિણામે, એ વખતે તો માત્ર સાત માસના સહવાસનો લાભ મળેલો, પરંતુ એટલા થોડા સમયમાં પણ સ્વામીના પ્રેમ અને તેમની મહત્તાની ઘણી ઊંડી છાપ શારદાદેવીના અંતરમાં અંકિત બની. એ સમયને યાદ કરીને એ પાછળથી કહેતાં કે 'એ વખતથી અંતરમાં જાણે કે આનંદનો એક કુંભ ભરીને મૂક્યો ન હોય તેમ હું સદાય ઉલ્લાસમાં રહેતી. આજુબાજુના કજિયા, કુટુંબીઓનાં વાંકા વેણ, ઘરકામનો પરિશ્રમ, લોકોની નિંદા વગેરે મને જરાય દુઃખ દઇ શકતાં નહી.'

એ રીતે સાતેક મહિના કામારપુકુરમાં ગૃહવાસ કરીને શ્રીરામકૃષ્ણ પાછા દક્ષિણેશ્વર ગયા અને શારદાદેવી પિતાને ઘેર જયરામવાટી આવ્યાં.

## દક્ષિણેશ્વરવાસ

શ્રીરામકૃષ્ણ દક્ષિણેશ્વર પહોંચીને જગદંબાની સેવામાં રોકાયા અને શારદાદેવી પણ કામારપુકુરની મીઠી યાદ સાથે પિયર પહોંચીને પોતાની બાનો સંસાર સંભાળવામાં મશગૂલ થઇ ગયાં. કાળ કાળનું કામ કરતો ગયો અને શારદાદેવી અઢાર વરસનાં થયાં.

આ બાજુ દક્ષિણેશ્વર પહોંચીને શ્રીરામકૃષ્ણ જગદંબામાં એવા તો તલ્લીન થઇ ગયા કે કામારપુકુરને ભૂલી ગયા, પોતાના ઘરને ભૂલી ગયા, પત્નીને ભૂલી ગયા, પોતાના શરીરને સુધ્ધાં વીસરી ગયા, આખા જગતને ભૂલી ગયા. સ્મરણ રહ્યું એકમાત્ર જગન્માતાનું તથા તેમને વિવિધ સ્વરૂપે જોવાનું. એ વખતે દરેક ધર્મના, દરેક સંપ્રદાયના ઉચ્ચ કોટિના સિદ્ધ પુરુષો ત્યાં આવતા અને પોતાની સાધનપદ્ધતિમાં શ્રીરામકૃષ્ણને પ્રવેશ કરાવી, તે સિદ્ધ થાય એટલે પોતે તેમની પાસેથી પોતાનો અનુભવ પૂર્ણ કરીને ચાલ્યા જતા.

આ રીતે શ્રીરામકૃષ્ણે સર્વ પ્રકારની સાધનાઓનાં લક્ષ્યોનાં દર્શન કર્યાં. તેમણે શ્રીરામનાં, સીતાજીનાં, શ્રીકૃષ્ણનાં, રાધાજીનાં, હર-પાર્વતીનાં, શ્રીગૌરાંગ મહાપ્રભુનાં, ઈસુ ખ્રિસ્તનાં, મહમદ પેગંબરનાં વગેરે ઈશ્વરનાં સર્વસગુણ સ્વરૂપોનાં દર્શન કર્યાં. અને સઘળી સાધનાઓના મુકુટમણિરૂપ અદ્વૈત સાધના કરીને નિર્ગુણ બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થયા.

તેમની આ બધી અતિ ઉચ્ચ કોટિની અને અસાધારણ સાધનાઓ મંદિરમાં ખાટસવાદિયાં માણસો સમજી શકતાં નહીં, એટલે તેઓ શ્રીરામકૃષ્ણને ગાંડા ગણવા લાગ્યાં. આ બધા સમાચાર લોકવાયકાની પાંખો ઉપર બેસીને ઊડતા ઊડતા જયરામવાટી પહોંચવા લાગ્યા.

ગામના ચોવટિયા અને પારકી પંચાતમાં પ્રવીણ પુરુષોને તો વાતોનો ખોરાક મળી ગયો. બીજી બાજુ ગામની નદીએ, મંદિરે જ્યાં ભેગાં થાય ત્યાં બૈરાંઓમાં વાતોનો વિષય શ્યામાની શારદાનો ગાંડો વર જ હોય.

શારદાદેવીને કાને એ બધું આવતું, એ માનવાને મન માનતું નહીં. એટલે ઘરની બહાર નીકળવાનું બંધ કર્યું. મનને ઘણું સમજાવવા છતાંય લોકો જ્યારે 'ગાંડાની વહુ' કહીને પોતા તરફ આંગળી ચીંધતાં ત્યારે હૈયું વલોવાઇ જતું અને અંતરમાં પારાવાર વેદના થતી. વળી પાછું થતું કે બધાં ખોટું બોલે છે,

રામકૃષ્ણ કંઇ ગાંડા નથી. 'છેલ્લીવાર આવ્યા હતા ત્યારે કેવા પ્રેમાળ અને લાગણીવાળા લાગતા હતા ? એમનો બધો જ વ્યવહાર સાવ ડાહ્યા માણસ જેવો જ હતો. આવા માણસ ગાંડા કેમ હોઇ શકે ?' વિચાર આવવા લાગ્યો કે દુર્ભાગ્યે જો એમનું ખરેખર એવું થઇ ગયું હોય તો મારે તેમની પાસે સેવામાં પહોંચી જવું જોઈએ. પણ થાય શું ? જવાય કેવી રીતે ? કહેવું કોને ?

૧૮૭૨ ના માર્ચ મહિનામાં ગામની કેટલીક સ્ત્રીઓએ મળીને દોલપૂર્ણિમાને દિવસે કલકત્તામાં ગંગાસ્નાન કરવા જવાનું ઠરાવ્યું. શારદાદેવીએ પણ એ તકે કલકત્તા જવાની પોતાની ઈચ્છા એક બાઈ પાસે વ્યક્ત કરી. તેણે પિતા રામચંદ્ર પાસે વાત કરી.

પિતા સમજી ગયા અને પોતે જ મૂકવા જવાનું નક્કી કર્યું.

જયરામવાટી સુધી તો હજીયે રેલગાડી નથી. શ્રીમંતો પૈસાને જોરે પાલખી કે બળદગાડીમાં સવાર થઇને અને સાધારણ લોકો પોતાના જ પગ પર સવાર થઇને ત્રણચાર દિવસનો પંથ કાપીને કલકત્તા પહોંચતાં.

શારદાદેવી, પિતા તથા અન્ય મહિલાઓના સંગાથમાં ઉલ્લાસભર્યાં ચાલવા લાગ્યાં. રસ્તામાં વનશ્રી જોતાં જોતાં ત્રણેક દિવસ તો મજાના નીકળી ગયા. પણ ચોથે દિવસે ટાઢિયો તાવ ભરાયો અને શારદાદેવી અશક્ત થઇ પડ્યાં. બીજાઓને રવાના કરીને પિતા-પુત્રીએ એક ધર્મશાળામાં આશરો લીધો. આ અણધાર્યાં વિલંબથી શારદાદેવીને મનમાં બહુ જ દુઃખ થયું, પણ લાચાર થઇને પથારીમાં પડી રહેવું પડ્યું.

તાવ આખો દિવસ રહ્યો. શારદાદેવી લગભગ બેહોશ હતાં. મધરાત પછી તેમણે જોયું કે શ્યામ રંગની પણ અતિશય સુંદર એક સ્ત્રી આવીને બાજુમાં બેઠી. બેસીને તે સ્ત્રી પોતાનો હાથ શારદાદેવીના શરીરે અને માથે ફેરવવા લાગી. તેનો સ્પર્શ એવો શીતળ અને સુંવાળો લાગ્યો, કે એનાથી તાવની બળતરા બધી શાંત થઇ ગઇ.

શારદાદેવીએ પૂછ્યું : 'હેં , તમે ક્યાંથી આવો છો ?' તે સ્ત્રી બોલી : 'હું દક્ષિણેશ્વરથી આવું છું.' એ સાંભળતાં નવાઇ પામી જઇને શારદાદેવી બોલી ઊઠ્યાં : 'દક્ષિણેશ્વરથી ? મેં તો ધાર્યું હતું કે હું દક્ષિણેશ્વર જઇશ, એમને (શ્રીરામકૃષ્ણને) મળીશ ને એમની સેવા કરીશ, પણ રસ્તામાં આ મૂઓ તાવ આવ્યો એટલે પછી મારા નસીબમાં એ કરવાનું બન્યું નહિ.'

સ્ત્રી બોલી : 'તમે દક્ષિણેશ્વર જરૂર જજો, એમાં શું ! તાવની ચિંતા શું કામ કરો છો ? ઠીક થઈ જાય એટલે તમે ત્યાં જજો. એમને મળજો. તમારે માટે તો એમને એ ઠેકાણે રાખ્યા છે.' શારદાદેવી બોલી ઊઠ્યાં : 'એમ ? તમે મને શું થાઓ ?' સ્ત્રી બોલી : 'હું તમારી બહેન થાઉં.' શારદાદેવી કહે : 'એમ, એટલે તમે આવ્યાં છો, ખરુંને!' એ પછી તરત જ શારદા દેવી ગાઢનિદ્રામાં પડી ગયાં. સ્ત્રી અદૃશ્ય થઈ ગઈ.

બીજે દિવસે સવારમાં શારદાદેવી જાગ્યાં ત્યાં જણાયું કે તાવ સાવ ઊતરી ગયો છે. રાતના દર્શનના સ્મરણથી મનમાં પણ ઉત્સાહ આવી ગયો હતો. એટલે રસ્તામાં પડ્યાં રહેવા કરતાં ધીરે ધીરે આગળ ચાલવું સારું ગણીને પિતા-પુત્રીએ વાટ પકડી. સારા નસીબે થોડેક દૂર જતાં એક ભાડૂતી પાલખી પણ મળી ગઈ. શારદાદેવી તેમાં બેસી ગયાં અને પિતા સાથે ચાલવા લાગ્યાં.

રસ્તામાં પાછો તાવ ભરાયો, પરંતુ એ એટલો આકરો નહોતો અને મનમાં જોર હતું. એટલે નકામી બાપુને ચિંતા કરાવવી એના કરતાં ચૂપ પડ્યા રહેવું વધુ સારું સમજીને કાંઈ જણાવ્યું જ નહી. અંતે લાંબી વાટ પૂરી થઈ. રાતના નવેક વાગ્યાના સુમારે બંને દક્ષિણેશ્વર પહોંચી ગયાં.

શારદાદેવીને આમ અણધાર્યાં અને તાવભર્યાં આવેલાં જોઈને શ્રીરામકૃષ્ણ દુઃખી થઈને બોલ્યા : 'વાહ ! તમે આવી ગયાં એ બહુ સારું થયું. હું ખૂબ રાજી થયો. પરંતુ, હવે શું મારો માથુર (કાલીમંદિરના માલિક. તે શ્રીરામકૃષ્ણની સર્વ આવશ્યકતાઓ પૂરી પાડતા.) છે કે તમારી ઉત્તમ સારવાર થઈ શકે ?'

એમ કહીને તરત પોતાના ઓરડામાં બીજું બિછાનું કરાવી આપીને સૂવાનો વ્યવસ્થા કરી આપી. બે-ત્રણ દિવસમાં દવા વગેરેની વ્યવસ્થાથી તથા સારવારથી તાવ બિલકુલ ઊતરી ગયો અને શારદાદેવીએ જોયું કે ત્યાં ઘેર કામારપુકુરમાં જોયા હતા તે દેવતા જ છે. હૃદય આનંદથી ભરપૂર થઈ ગયું. તેમના પિતા પણ પુત્રીનો આનંદ તથા શ્રીરામકૃષ્ણના પ્રેમભર્યા અને માનભર્યા વર્તનથી મનમાં આનંદિત થઈને થોડાક દિવસ પછી પ્રસન્ન ચિત્તે ગામ જયરામવાટી પાછા ફર્યાં.

## પરીક્ષા

શ્રીશારદાદેવીનું દક્ષિણેશ્વર આગમન અને તેમનો શ્રીરામકૃષ્ણ સાથે નિવાસ એ આધ્યાત્મિક સાધનાના ઇતિહાસમાં એક અપૂર્વ ઘટના ગણાય.

અદ્વૈત વેદાંતની સાધના અને શ્રીરામકૃષ્ણના સંન્યાસી ગુરુ સ્વામી તોતાપુરીજીને કહેલું કે 'સ્ત્રી પાસે હોવા છતાં જે પોતાના મનને નિર્વિકાર રાખી શકે અને સ્ત્રીને બ્રહ્મના એક સ્વરૂપ સિવાય બીજી વિકારી દેહદૃષ્ટિથી ન જુએ તે જ સાચો બ્રહ્મનિષ્ઠ છે. બીજા બધા સાધક ભલે હોય, પણ અદ્વૈત વિજ્ઞાનથી બહુ દૂર છે.' એ શબ્દોમાં વ્યક્ત કરેલ સ્ત્રીભોગની વાસનાના ત્યાગની પરીક્ષા શ્રીરામકૃષ્ણે આ વખતે આપી અને એમાં ઉત્તીર્ણ થયાઃ એ જગજાહેર બીના ટૂંકમાં આ પ્રમાણે હતી ;

એક રાતે પોતાની બાજુમાં શારદાદેવીને સૂતેલાં જોઇને, શ્રીરામકૃષ્ણે પોતાના મનને પૂછ્યું : 'મન, આ નવયુવતી સ્ત્રી છે. લોકો સ્ત્રીદેહને બહુ જ ભોગ્ય વસ્તુ માને છે અને સદા તેની લાલસા રાખ્યા કરે છે, પણ એથી ઇશ્વરપ્રાપ્તિ થઇ શકતી નથી. તારે જોઇએ તો એ હાજર છે લે ; અંદર એક અને બહાર બીજું એમ રાખીશ મા.'

તરત જ તેમનું મન એક એવા ઉચ્ચ સમાધિરાજ્યમાં ચઢી ગયું કે ઠેઠ બીજે દિવસે મોડી સવારે નીચે ઊતર્યું.

પરંતુ શારદાદેવીને માટે પણ દક્ષિણેશ્વરવાસ પરીક્ષાનો કાળ હતો એમ કહી શકાય. નારીસ્વભાવમાં સંતતિની આકાંક્ષા સાહજિક રીતે જ રહેલી છે. તેના નારીત્વનું ત્યાં સાફલ્ય છે. શારદાદેવીમાં એ બિલકુલ જ નહોતી એમ કહી શકાય તેમ નથી, પરંતુ તેમની મહત્તા ત્યાં છે કે પોતાના પતિના આદર્શને અનુકૂળ થવા માટે તેમણે એ દેહબદ્ધ શુદ્ધ સાંસારિક વાસનાનું સર્વોચ્ચ ભાવમાં-વિશ્વમાતૃત્વમાં રૂપાંતર કર્યું એ દર્શાવનારી ઘટના આ પ્રમાણે છે :

શ્રીરામકૃષ્ણ કેટલીક વાર શારદાદેવીને સંસારની અનિત્યતાની, તેના દુઃખની-કષ્ટની વાતો કરીને સમજાવતા કે 'વૈરાગ્ય અને ભગવદ્ ભક્તિ જ સાચી વસ્તુ છે. શિયાળવાં-કૂતરાંની પેઠે કેટલાંક કચ્ચાંબચ્ચાં જણ્યે શું વળવાનું ?' શારદાદેવીની માને ઘણાંય છોકરાંછૈયાં થયેલાં, તેમાંથી કેટલાંક મરી પણ ગયેલાં.

અને શારદાદેવીએ એ નાનાં નાનાં ભાંડુઓને ખોળામાં રમાડીને અને કાંખમાં તેડીતેડીને મોટાં કરેલાં. તેમાંનાં કેટલાંકના મૃત્યુ વખતે પોતાનાં માબાપનો શોક તથા મનનું દુઃખ પણ જોયેલું; પોતાને પણ શોક થયેલો. એ બધાંનો ઉલ્લેખ કરીને શ્રીરામકૃષ્ણ કહેતા : 'તમારેય ઘણીયે પળોજણ વેંઢારવી પડી છે. જોયું છે ને કેટકેટલું દુઃખ ? તો પછી પરિગ્રહ વધારવાની જરૂર શી ? એ બધાં નથી તોય છો ઠાકુરાણી અને રહેશોય ઠાકુરાણી.'

એ અરસામાં એક દિવસ સવારના પહોરમાં શારદાદેવી કામારપુકુરના ઘરમાં છાણમાટીની ગાર લીપી રહ્યાં હતાં, ત્યારે શ્રીરામકૃષ્ણ બહાર ઓટલા પર બેસીને દાતણ કરી રહ્યા હતા અને વચ્ચે વચ્ચે હાસ્યજનક તુક્કાઓ કહીને સૌને હસાવી રહ્યા હતા. એમાં વાતમાં ને વાતમાં શારદાદેવીને ઉદ્દેશીને શ્રીરામકૃષ્ણ કહેવા લાગ્યા કે : 'છોકરાંના અન્નોટણ વખતે સારાં સારાં ઘરેણાં પહેરીને સ્ત્રીઓ ગાણાં ગાય ને નાચે, પણ એ જ છોકરું જ્યારે મરી જાય ત્યાર ભોંય પછડાટ ખાઈને રોવું પડે.' શારદાદેવીએ શરમના માર્યા કાંઈ પણ બોલ્યા વિના એ બધું સાંભળ્યા કર્યું, પરંતુ શ્રીરામકૃષ્ણ વારેવારે છોકરાંના મરવાની વાત બોલ્યા કરે છે એ જોઈને પછી છેવટે ધીમેથી બોલ્યા : 'બધાંય શું મરી જાય ?' શારદાદેવીના એ શબ્દો બહાર નીકળ્યા ન નીકળ્યા કે તરત જ શ્રીરામકૃષ્ણ બૂમ પાડી ઊઠ્યા : 'એલા, આ તો ફણિધર નાગની પૂંછડી પર પગ પડી ગયો રે, ફણિધર નાગની પૂંછડી પર પગ પડી ગયો ! વોય મા, હું તો જાણતો હતો આ તો ભોળું ભોળું, સાદું સીધું સારું માણસ છે, કાંઈ સમજતું નહી હોય; પણ પેટની અંદર તો બધુંય પડ્યું છે ! લે, કહે છે કે, ''બધાંય શું મરી જાય ?'' શરમાઈ જઈને શારદાદેવી તો ઊઠીને ચાલ્યાં ગયાં.

અનુમાન કરી શકાય કે કામારપુકુરમાં બનેલી આ ઘટના શ્રીરામકૃષ્ણના મનમાંથી સાવ નીકળી ગઈ નહી હોય. એટલે, હવે જ્યારે શારદાદેવી ભરજુવાની અવસ્થામાં દક્ષિણેશ્વર આવ્યાં અને રોજ રોજ શ્રીરામકૃષ્ણના ઓરડામાં તેમની જ પથારીમા એકસાથે સૂવાની વ્યવસ્થા તેમણે કરી હતી, ત્યારે એક વખતે શારદાદેવીને એકાન્તમાં શ્રીરામકૃષ્ણે પરીક્ષા લેવાના હેતુથી પૂછ્યું : 'બોલો, તમે શું કહો છો, તમારી ઈચ્છા સંસાર કરવાની અને મને તેમાં ખેંચવાની છે ? તો તમારો અધિકાર છે.' જરાય ખચકાયા વગર મક્કમતાથી

શારદાદેવીએ ઉત્તર આપ્યો, 'ના હું તમને સંસારમાં ખેંચવા નથી આવી. હું તમારા ઈષ્ટપ્રાપ્તિના માર્ગમાં સહાય કરવા આવી છું. માત્ર, મને તમારી સેવાનો અધિકાર આપો એટલી જ મારી માગણી છે.'

એકવાર શારદાદેવી શ્રીરામકૃષ્ણના પગ દાબતાં હતાં. પગ દાબતાં દાબતાં તેમણે શ્રીરામકૃષ્ણને પૂછ્યું : 'તમને મારાં તરફ કેવા ભાવ થાય છે ?' શ્રીરામકૃષ્ણે તત્કાલ જવાબ આપ્યો : 'મંદિરમાં જે માતાની પૂજા થાય છે, તે જ માતાએ આ શરીરને જન્મ આપ્યો, અત્યારે એ નોબતખાનાની ઓરડીમાં રહે છે; અને એ જ માતા અત્યારે મારા પગ દબાવી રહી છે. હું તો ખરેખર, તમને મંગલમયી જગત્‌જનની જ જોઉં છું.'

શ્રીરામકૃષ્ણ કહેતા કે, 'એ (શારદાદેવી) જો એટલી ઉચ્ચ, પવિત્ર અને સંયમી ન હોત, અને ભાનભૂલી થઈને મારા પર આક્રમણ કરત, તો સંયમનો બંધ તૂટી જઈને મારામાં દેહબુદ્ધિ ન આવત એ કોણ કહી શકે ?'

આ આખો પ્રસંગ હૃદયમાં ઉતારવા માટે, આ કામગંધ-રહિત, દેહસંબંધ-રહિત અપાર્થિવ પ્રેમસંબંધ સમજવા માટે, ઓછામાં ઓછું ઘડીભરને માટે તો આપણે આત્મામાં સ્થિર થવું પડશે.

## ષોડશીપૂજા

પુરુષશ્રેષ્ઠ શ્રીરામકૃષ્ણ અને નારીશ્રેષ્ઠ શ્રીશારદાદેવીના જીવનનો આ સમય આત્મસંયમના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાયેલું એક અતિ ઉજ્જવળ પાનું ! પતિપત્ની એક જ શય્યામાં બેચાર દિવસ નહી પણ આઠ આઠ માસ સુધી એકત્ર શયન કરવા છતાં આ અલૌકિક માનવોના મનમાં શરીરભોગની કામનાનો ઉદય સરખોય થયો નહી, એ ઘટના કેવળ અસામાન્ય નહી, પરંતુ અભૂતપૂર્વ છે.

શ્રીરામકૃષ્ણને ખાતરી થઇ કે પોતાની પત્નીનું અંતર સંપૂર્ણપણે કામરહિત અને નિર્મળ છે - ચંદ્રમા જેવું. ચંદ્રમાની અંદર પણ કલંક છે, પણ શારદાદેવીના અંતરમાં રજોગુણ-તમોગુણની કાળાશનો લેશ સરખોય નથી. એટલે આવી શુદ્ધ સાત્ત્વિક જીવંત મૂર્તિને અવલંબીને ષોડશીપૂજા, એટલે કે સોળ વરસની સુંદરીમાં શ્રીત્રિપુરસુંદરીરૂપે જગદંબાની પૂજા કરવાની ઇચ્છા તેમનામાં

જાગી. તેની પાછળ એક બીજો પણ ગૂઢ હેતુ હતો કે પોતાની લીલાપૂર્તિને માટે જેને પોતે પાછળ રાખી જવાના હતા, તેને પોતાના હૃદયની પૂજા અર્પણ કરીને પોતાની અને લોકોની સમક્ષ સન્માનિત અને મહિમાવંતી બનાવીને એ જ દેવીને પોતાની શક્તિરૂપે સ્થાપિત કરવી. અને અલ્પ સમયમાં જ તેમણે એ ઇચ્છાને અમલમાં મૂકી.

શ્રીરામકૃષ્ણે પંચાંગ જોઈને ઈ.સ.૧૮૭૨ ના જૂનની ૫મી તારીખ, વિ.સં.૧૯૨૮ ના વૈશાદ વદ અમાસ તિથિને રોજ ફલાહારિણી કાલીપૂજાને દિવસે રાતે ષોડશીપૂજા કરવાનું નક્કી કર્યું. આ બધાં કામોમાં શ્રીરામકૃષ્ણ પોતાના ભાણેજ હૃદયરામને મદદમાં લેતા, પરંતુ તે દિવસે હૃદયરામ ભવતારિણી કાલીના મંદિરમાં ફલાહારિણી પૂજામાં વ્રતી થયા હતા, એટલે પોતાનાથી બન્યાં તેટલાં પૂજાદ્રવ્યો તથા અન્ય વસ્તુઓ શ્રીરામકૃષ્ણની ઇચ્છા પ્રમાણે તેમના ઓરડામાં મૂકીને કાલીમંદિરમાં પૂજા કરવા ચાલ્યા ગયા. પછી શ્રીરાધાકાન્તજીના મંદિરનો દીનુ પૂજારી પોતાના મંદિરના ઠાકોરજીની સેવાપૂજા સમાપ્ત કરીને શ્રીરામકૃષ્ણના ઓરડામાં આવ્યો. તેણે પૂજાની ચીજવસ્તુઓ પૂજાપાત્રોમાં તેમની જગાએ ગોઠવી દીધી. પૂજનની દેવતા ત્રિપુરસુંદરીની કોઇ પ્રતિમા કે છબી કે એવું કંઇ જ નહોતું, છતાં દેવતાની સ્થાપનાને માટે લીપીગૂંપીને સુશોભિત બનાવેલ એક પાટલાનું આસન શ્રીરામકૃષ્ણની પાટની ઉત્તર બાજુએ મૂકવામાં આવ્યું. એ રીતે શ્રીત્રિપુરસુંદરીની પૂજાની સઘળી તૈયારી કરતાં રાતના નવ વાગી ગયા. પછી દીનુ પૂજારી ચાલ્યો ગયો.

શ્રીશારદાદેવીને રાત્રે પૂજા વખતે હાજર રહેવા માટે શ્રીરામકૃષ્ણે અગાઉથી જ કહાવી રાખ્યું હતું. એટલે તેઓ પણ આવી જઇને એકધ્યાન થઈને શ્રીરામકૃષ્ણની પૂજા જોવા લાગ્યાં.

શ્રીરામકૃષ્ણ પૂર્વાભિમુખ થઈને તેમના ઓરડાના પશ્ચિમ તરફના બારણા તરફ પીઠ કરીને બેઠા. મંત્રોચ્ચાર કરીને પૂજાદ્રવ્યોનું પ્રથમ શોધન કર્યું. પછી વિધિ અનુસાર પૂર્વકૃત્ય બધું પૂરું કરીને શારદાદેવીને દેવતા માટેના પેલા પાટલા પરના આસન પર બેસી જવાની ઈશારત કરી. પૂજા જોતાં જોતાં અત્યાર પહેલાં જ શ્રીશારદાદેવીને અર્ધસમાધિ અવસ્થા તો આવી ગઈ હતી; એટલે પોતે શા માટે, શું કરે છે વગેરેનો વિચાર ન કરતાં એ તો મંત્રમુગ્ધની પેઠે પશ્ચિમાભિમુખ થઈને શ્રીરામકૃષ્ણની સામેના પાટલા પરના આસન પર બેસી ગયાં.

શ્રીશારદાદેવી આસન પર બેસી ગયાં એટલે કળશમાંનું મંત્રથી પવિત્ર કરેલું જળ લઈને શ્રીરામકૃષ્ણે વારંવાર તેનો છંટકાવ કરતાં કરતાં શારદાદેવીનો અભિષેક કર્યો. પછી તેમને મંત્રશ્રવણ કરાવીને પ્રાર્થનામંત્ર બોલ્યા : 'હે બાલે ! હે સર્વશક્તિની અધીશ્વરી, માતા ત્રિપુરાસુંદરી, સિદ્ધિદ્વાર ઉન્મુક્ત કર; આ(શારદાદેવી)ના શરીર-મનને પવિત્ર કરીને તેમાં પ્રગટ થઈને સર્વકલ્યાણ સિદ્ધ કર.'

પછી શ્રીરામકૃષ્ણે શારદાદેવીના પ્રત્યેક અંગમાં મંત્રોનો ન્યાસ કરીને સાક્ષાત્ દેવીસ્વરૂપે તેમના પૂજનનો આરંભ કર્યો. પ્રથમ દેવીના બેય પગે લાલ અળતો લગાવી દીધો, પછી દેવીના લલાટમાં સિંદૂરનો ચાંદલો કર્યો તથા સેંથામાં સિંદૂર પૂર્યું, પછી શરીરે નવા વસ્ત્ર પરિધાન કરાવ્યાં, અલંકાર ધારણ કરાવ્યા, મોઢામાં મીઠાઈ મૂકી અને મુખવાસને માટે મુખમાં પાનનું બીડું આપ્યું તથા સુગંધ, પુષ્પ, માલા વગેરે સોળેસોળ તથા વિશેષ ઉપચારોથી પૂજન કરીને આરતી કરી. પછી ભોગ ધરાવ્યો. છેલ્લે શ્રીરામકૃષ્ણે નૈવેદ્ય ધરાવેલ મિષ્ટાન્ન વગેરેનો કંઈક અંશ પોતાને હાથે લઈને દેવી શ્રીશારદાદેવીના શ્રીમુખમાં મૂક્યો.

જોતજોતામાં બાહ્યભાનરહિત થઈને શ્રીશારદાદેવી સમાધિસ્થ થયાં. શ્રીરામકૃષ્ણ પણ અર્ધસમાધિ અવસ્થામાં મંત્રોચ્ચારણ કરતાં કરતાં સમાધિ રાજ્યમાં ચાલ્યા ગયા. એ ઉચ્ચ ભૂમિકાએ સમાધિસ્થ પૂજક અને પૂજિતા દેવી આત્મસ્વરૂપમાં સંપૂર્ણપણે સંયુક્ત થઈને એક થયાં.

એ સ્થિતિમાં ઘણો વખત નીકળી ગયો. મધરાતનો મોટો ભાગ જ્યારે વીતી ગયો ત્યારે સમાધિસ્થ શ્રીરામકૃષ્ણને વ્યુત્થાનદશા (સમાધિમાંથી નીચેની ભૂમિકા) એ આવવાનાં કંઈક કંઈક ચિહ્નો જણાવા લાગ્યાં; અને પૂર્વની પેઠે અર્ધસમાધિની સ્થિતિ આવી ગઈ એટલે તેમણે શ્રીદેવીને આત્મસમર્પણ કર્યું. પછી પોતાને તથા પોતાની સર્વસાધનાઓના ફળને અને પોતાની જપમાળાને તથા સર્વસ્વને શ્રીદેવીને ચરણે સદાયને માટે વિસર્જન કરીને મંત્રોચ્ચારણ કરતાં કરતાં દેવીને પ્રણામ કર્યાં, '-હે સર્વ મંગલની માંગલ્યસ્વરૂપ, હે સર્વ કર્મ સિદ્ધ કરનારી, હે શરણદાયિનિ, હે ત્રિનયનિ, હે શિવગેહિની ગૌરિ, હે નારાયણી, તને પ્રણામ હો ! તને પ્રણામ હો !'

પૂજા સમાપ્ત થઈ. શ્રીરામકૃષ્ણે શારદાદેવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

કર્યાં, ત્યારે શારદાદેવી તો કોઇ મૂર્તિની જેમ સાવ સ્થિર બેઠાં હતાં. માનવીના દેહના આલંબને મૂર્તિમતી વિદ્યાસ્વરૂપિણી ઈશ્વરીની ઉપાસના દ્વારા શ્રીરામકૃષ્ણની સાધનાની પણ સમાપ્તિ થઇ. પૂજા પૂરી થતાં બાહ્ય ભૂમિકાએ મન પાછું ઊતરી આવ્યું એટલે શારદાદેવી પણ મનમાં શ્રીરામકૃષ્ણને પ્રણામ કરીને નોબતખાનાની પોતાની ઓરડીમાં ચાલ્યાં ગયાં. શ્રીશારદાદેવીને લાગ્યું કે આ દિવસથી કોઇ દૈવી ચેતનાનો આવિર્ભાવ એમનામાં થયો છે. ગામડા ગામની એક સામાન્ય છોકરીનું તે દિવસે શ્રીમા શારદાદેવીમાં રૂપાંતર થયું.

ષોડશીપૂજા પછી શારદાદેવી પૂર્વની પેઠે જ દિવસનો મોટો ભાગ પોતાની ઓરડીમાં ઘરકામમાં તથા શ્રીરામકૃષ્ણની તેમ જ સાસુની સેવામાં ગાળીને રાત્રે અગાઉની માફક શ્રીરામકૃષ્ણની સાથે એક જ બિછાનામાં સૂતાં.

શ્રીરામકૃષ્ણને દિનરાત સમાધિનો વિરામ નહીં, અને ક્યારેક તો તેમની સમાધિની માત્રા એટલી ગાઢ રહેતી કે તેમનામાં જીવંતપણાનું એકે લક્ષણ ન દેખાતું. એથી શારદાદેવીને ચિંતા રહ્યા કરતી. એટલે શ્રીરામકૃષ્ણની સમાધિ ઉતારવા માટે સમાધિના પ્રકાર પ્રમાણે જુદા જુદા બીજમંત્રોનો તેમના કાનમાં ઉચ્ચાર કરવા સારુ તેમને રાતે જાગતા રહેવું પડતું. એક દિવસે તો તેમની સમાધિ એટલી ગાઢ થઇ ગયેલી કે શારદાદેવીથી કોઇ રીતે ઊતરે જ નહીં. એટલે પોતે ગભરાઇ ગયાં અને મધરાતે ભાણેજ હૃદયને જગાડીને લાવ્યાં. હૃદયરામે આવીને શ્રીરામકૃષ્ણના કાનમાં કેટલીયે વાર સુધી ઈશ્વરના નામનો ઉચ્ચાર કર્યા કર્યો ત્યારે તેમની સમાધિ ઊતરી. બાહ્ય જગતના ભાનમાં આવ્યા પછી શ્રીરામકૃષ્ણને ખબર પડી કે શારદાદેવીને રોજ રાતનો ઉજાગરો થાય છે એટલે પછી નોબતખાનાની ઓરડીમાં મા ચંદ્રાદેવી પાસે તેમને સૂવાની ગોઠવણ કરી.

આમ આશરે સવા વરસથીયે વધારે સમય સુધી શારદાદેવી દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણ સાથે એકઠાં રહ્યાં. ષોડશીપૂજા પછી તેમને સખત બીમારી લાગુ થઇ. ડોકટરની દવા વગેરે સર્વ પ્રકારની સારવાર કરી જોઇ, પણ કોઇ રીતે રોગ કાબૂમાં ન આવ્યો. એટલે પછી ન છૂટકે સૌના કહેવાથી અને શ્રીરામકૃષ્ણને ઉપાધિરૂપ થવામાંથી મુક્ત રાખવા માટે તે કામારપુકુર ગયાં. અને થોડાક દિવસ રહીને ત્યાંથી જયરામવાટી ચાલ્યાં ગયાં.

## સિંહવાહિનીને જગાવ્યાં

આ સંસારમાં સદા સુખી કોઈ જ નથી. દેહ ધારણ કરનારની પાછળ સુખદુઃખ, રોગ-શોક લાગેલાં જ છે. અવતારી પુરુષો પણ આમાંથી મુક્ત નથી. શ્રીરામકૃષ્ણ કહેતા કે 'પંચભૂતમાં પડે તો બ્રહ્મ સુધ્ધાં રડે !'

શારદાદેવી જયરામવાટી આવ્યાં તો શારીરિક સ્વાસ્થ્યનો સુધારો તો રહ્યો સુધારાને ઠેકાણે, અને ઊલટું માનસિક દુઃખ વગેરેથી સ્વાસ્થ્ય સારી રીતે બગડ્યું, એ આપણે નીચેની ઘટનાઓના ટૂંકા બયાનથી જાણી શકીએ છીએ.

દક્ષિણેશ્વરથી આવ્યાંને થોડોક સમય થયો ત્યાં કામારપુકુરમાં સસરાને ઘેર તેમના વચેટ જેઠ રામેશ્વરે સ્વર્ગવાસ કર્યો !

એની હજી વરસીયે નહોતી વાળી ત્યાં ચાર મહિના પછી ચૈત્ર મહિનામાં શારદાદેવીને પિયર જયરામવાટીમાં તેમના નાના ભાઈને પાંચમની જનોઈ દેવાઈ ગઈ અને પછી ચોથે જ દિવસે, રામનવમીને સપરમે દિવસે તેમના પિતા રામચંદ્ર મુખરજીએ દેહત્યાગ કર્યો !

પિતાના દેહત્યાગ પછી તેમની માતાના ઘરમાં કમાનારું કોઈ જ ન રહ્યું. ખેતીની જે સાવ સામાન્ય આવક હતી તે ખેતીને સંભાળનારું કોઈ ન રહ્યું. કારણ કે છોકરાઓ બધા નાના; એટલે કર્મકાંડની કમાણી, દક્ષિણા વગેરે અટકી ગઈ, તેમ ખેડૂતોની લુચ્ચાઈથી ખેતરની આવક પણ નહિવત્ થઈ ગઈ. કાકાઓ માંડ માંડ પરાણે પોતાનું પૂરું કરતા હતા તે ભાઈના ઘરમાં ક્યાંથી આપે ? પરિણામે પિતાના જવાની સાથે જ ગરીબાઈ પિતાના ઘરમાં ઘર કરી ગઈ. નાના ભાઈઓને જુદાં જુદાં ગામડાંમાં જુદાં જુદાં સગાંઓને ત્યાં મોકલી આપવા પડ્યાં, અને જે સાવ નાનાં હતાં તેમનો ગુજારો કરવા માટે શારદાદેવીનાં માતુશ્રીને ગામના એક શ્રીમંત બ્રાહ્મણ કુટુંબમાં જઈને તેમને ઘેર ડાંગર છડવાનું કામ સ્વીકારવું પડ્યું હતું.

આ બધી ઘટનાઓથી શારદાદેવીનાં મનમાં શોકનો પાર ન રહ્યો, અને દક્ષિણેશ્વરમાં સાસુજીને પુત્રશોકમાં સાંત્વન આપનારું તથા શ્રીરામકૃષ્ણની ભોજન વગેરે બાબતો સંભાળનારું બીજું કોઈ જ નહોતું, એટલે ઉપરની માનસિક કષ્ટમય ઘટનાઓથી પીડાઈને શારદાદેવી થોડાક મહિનામાં જ પાછાં દક્ષિણેશ્વર ચાલ્યાં ગયાં.

પરંતુ ત્યાં પણ શાન્તિ ક્યાં હતી ? ત્યાં આવ્યાં ને થોડાક વખતમાં મરડો લાગુ પડ્યો. દવાદારૂ કરતાં ક્યારેક ઠીક થતું; પણ પાછો ઊથલો મારતો. એમ સાજીમાંદી સ્થિતિમાં વરસ દિવસ સુધી ખેંચી કાઢ્યું, પરંતુ આખરે જયરામવાટી જવાથી સાવ સારું થઇ જશે એમ ધારીને ત્યાં ગયાં.

ત્યાં ગયા પછી થોડા દિવસોમાં જ પાછો મંદવાડ આવ્યો અને મરડો શરૂ થયો. એવા ગામડા-ગામમાં વૈદ્ય-ડોકટરનો ઘણે ભાગે અભાવ જ હોય છે. રોગ મટાડવાનું કામ બહુ અંશે કુદરત પર જ છોડી દેવાનું હોય છે અથવા ગામનાં વૃદ્ધ ડોસા-ડોસીઓના અનુભવના નુસખા કામે લગાડવામાં આવતા હોય છે. આ બધાંય જ્યાં નિષ્ફળ નીવડતાં ત્યાં છેવટે સરળ ગામડિયાઓ ગામના કોઇક દેવતાનું શરણ લે છે. તેમાં રોગી મંદિરના બારણા સામે દેવતાની દૃષ્ટિ પડે એવી રીતે ખાધાપીધા વિના પડ્યો રહે. એમ ઉપાય ન મળે ત્યાં સુધી પડ્યો રહે. પછી તેના નસીબ પ્રમાણે દેવતા સ્વપ્નમાં દર્શન દઇને રોગનો ઉપાય બતાવે અથવા આશીર્વાદ આપે અને રોગ મટી જાય. આ દેવતાઇ ઉપાયને 'હત્યાદાન' યાને 'ત્રાગું' કહેવામાં આવે છે. આ ઉપાય સર્વથા શ્રદ્ધાનો જ છે, ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રનો નહી.

આ બાજુ શારદાદેવીએ ઘરગથ્થુ ઘણાયે ઉપાયો કર્યા પણ રોગે મચક આપી નહી, અને શરીર સાવ નિચોવાઇ ગયું અને પથારીવશ થઇ પડ્યાં. જીવતાં ઊઠવાની આશામાંય શંકા જણાવા લાગી. એ સાથે કંઇક બીજા રોગની ગૂંચવણ પણ ઊભી થયેલી. એ વિશે શારદાદેવી કહેતાં કે 'એ વખતે મારું શરીર ખૂબ સૂજી ગયું હતું અને નાકમાંથી ને કાનમાંથી રસ ઝરતો. આંખોનાં પોપચાં સૂજી જઇને ભેગાં થઇ ગયાં હતાં. એટલે આંખે દેખી શકાતું ન હતું. પૂનમની રાત મારે મન અમાસ હતી. એટલે છેવટના ઉપાય તરીકે મારા નાના ભાઈ ઉમેશે કહ્યું : "મોટી બહેન, સિંહવાહિની (ગામની દેવી)ની સાથે હત્યાદાન આપો." મેં એની હા પાડી. અને એ મને હાથ પકડીને સિંહવાહિનીને મંદિરે પહોંચાડી આવ્યો.'

શારદાદેવી કહે છે કે, 'હું તો માતાજીના મંદિરની સામેના ઓટલા પર પડી રહી. મંદિરની પાસે જ મારી એક ધરમની મા રહેતી હતી. તે અવારનવાર ગળાના ખોંખારા ખાતી હતી, કે જેથી મને એકલાં પડ્યાં પડ્યાં બીક ન લાગે. રાત જવા લાગી. કેટલાક કલાક પછી દેવી સિંહવાહિની બારતેર વરસની એક

લુહારની છોકરીને વેશે જઈને મારી બાની પાસે બોલ્યાં :'જાઓ, જાઓ, એને (શારદાદેવીને) ઉપાડી આવો. આવો મંદવાડ, તેમાં એને ત્યાં પડી રહેવા દેવાય ? અબઘડી જ લઈ આવો. આ દવા કરજો; એથી સારું થઈ જશે.' આ બાજુ દેવીએ મને કહ્યું કે 'દૂધીનાં ફૂલને મીઠામાં લસોટીને તેનો રસ આંખોમાં ટીપું ટીપું કરીને નાખજો, એટલે મટી જશે.' ત્યાર પછી મારી બાએ મને તેડી જઈને જે દવા આપી તે મેં લીધી અને દૂધીનાં ફૂલનાં રસનાં ટીપાં આંખમાં નાખ્યાં. એની સાથે સાથે જ જેમ તળાવમાંથી જાળ ખેંચાતી આવે તેમ આંખની અંદરનો બધો મેલ ખેંચાઈને બહાર નીકળી આવ્યો. તે જ દિવસે આંખો સારી થઈ ગઈ અને શરીરના સોજા-બોજાય ઊતરી ગયા, અને શરીર મજાનું હલકું ફૂલ જેવું થઈ ગયું. મંદવાડમાંથી બેઠી થઈ. જે કોઈ પૂછતું તેને કહેતી કે ''મા સિંહવાહિનીએ દવા આપી છે.'' ત્યારથી એ દેવી સિંહવાહિનીનું માહાત્મ્ય ફેલાયું. મનેય દવા મળી ને જગતનુંય ભલું થયું.'

ત્યારથી જયરામવાટીના સિંહવાહિનીની માટીથી રોગ મટાડવા તથા સર્પદંશના વિષમાંથી મુક્ત થવાના અનેક કિસ્સાઓ બનેલા છે.

## લૂંટારાબાપા

શારદાદેવીના જીવનનો આ સમય ખરેખર ખૂબ કષ્ટમય થયો એમ લાગે છે. કારણ કે આટલાં દુઃખ અને શોક હજી જાણે કે ઓછાં હોય તેમ દક્ષિણેશ્વરથી સમાચાર આવ્યા કે સાસુ ચંદ્રામણિદેવી સ્વર્ગવાસી થયાં છે.

આ બાજુ તેઓ મરડામાંથી હજી માંડ માંડ મુક્ત થયાં હતાં ત્યાં વળી મલેરિયાએ સકંજામાં લીધાં અને પેટની અંદર બરોળ વધી. એટલે ગામડિયા ઉપાયરૂપે પેટ પર ધગધગતા ડામ દેવરાવ્યા અને એથી હેરાન થયાં. પરંતુ ગમે તે કારણે હોય, બરોળ મટી ગઈ ખરી.

આમ, મુસીબતો વચ્ચે શારદાદેવીનું જીવન ચાલ્યું જતું હતું.

આ જ અરસામાં એક વખત શારદાદેવીને કામારપુકુરથી કલકત્તા જવાનું થયું. સાથે ગામની બાઈઓ, ભત્રીજી લક્ષ્મી તથા ભત્રીજો શિવુ હતો. બાઈઓ કલકત્તામાં ગંગાસ્નાન કરીને પાછી ફરવાની હતી અને શારદાદેવી ત્યાં દક્ષિણેશ્વર

રોકાઈ જવાનાં હતાં.

કામારપુકુરથી નીકળતી વખતે એવું ઠરેલું કે પાંચેક ગાઉ દૂર આરામબાગ ગામે પહોંચીને ત્યાં ધર્મશાળામાં બાકીનો દિવસ ગાળવો; કારણ કે ત્યાર પછી લગભગ પાંચેક ગાઉનું એક મોટું ઉજ્જડ વેરાન મેદાન જેવું આવતું હતું. ત્યાં થઈને નીકળતાં ઘણાય લૂંટાતા. એવો લૂંટારાઓનો ભય હતો કે વચમાંનાં બે ગામડાંઓ તથા લૂંટારાઓની કાલીનું મંદિર વગેરે સ્થળેથી લોકો વિસામો ખાઈને ટોળીબંધ થઈને જ નીકળતા.

આ વખતે એવું બન્યું કે શારદાદેવીના સંગાથીઓએ આરામબાગની પાસે પહોંચતાં જોયું કે હજી તો દિવસ ઘણોય બાકી છે, એટલે ઉતાવળે પગલે ચાલીએ તો વેરાન પ્રદેશને પાર કરી જઈને તારકેશ્વરની ધર્મશાળાએ પહોંચી જઈએ અને કલકત્તા એક દિવસ વહેલાં પહોંચાય. એટલે સૌએ ઠરાવ્યું કે આરામબાગમાં વિસામો ખાવા ન રોકાતાં આગળ ચાલ્યે રાખવું.

શારદાદેવી નબળાઈને લીધે થાકી ગયેલાં હોવા છતાં સૌનો મત એવો થયો એટલે વિરોધ કરીને સૌને રોકવાં એ તેમને ઠીક ન લાગ્યું અને સૌની સાથે ચાલવા માંડ્યું.

બેએક ગાઉનો પંથક કાપતાં કાપતાં શારદાદેવી પાછળ પડી જવા લાગ્યાં. એટલે તે આવે ત્યાં સુધી સૌ ઊભાં રહેતાં અને તે સાથે થઈ જાય એટલે તેમને ઝડપથી ચાલવાની સૂચના આપીને પાછાં બધાં ચાલવા માંડે. આમ ત્રણ ચાર વાર થયું, એટલે એ લોકોએ કહ્યું કે, 'આમ ધીરે ધીરે ચાલશો તો તો રાત સુધીમાંય તારકેશ્વર પહોંચાશે નહી અને બધાંય લૂંટારાઓના હાથમાં પડશું.'

શારદાદેવીએ જોયું કે પોતે બીજાં બધાંની અગવડ અને બીકનું કારણ થઈ પડ્યાં છે, એટલે તેમણે કહ્યું કે : 'તમે બધાં મારી વાટ ન જોતાં તારકેશ્વર પહોંચો. ત્યાં હું પણ તમારી પાછળ પાછળ આવી પહોંચું છું.' સમય વધુ નથી જાણીને પેલા લોકોએ તેમના શબ્દો પર ભરોસો રાખીને ચાલવાની શરૂઆત કરી અને ઉતાવળે પગલે ચાલતાં ચાલતાં તેઓ નજર બહાર થઈ ગયાં.

શારદાદેવી પોતાથી બને તેટલું ઉતાવળે ચાલવા છતાંય પેલા વેરાન પ્રદેશની વચ્ચે પહોંચ્યા પછી થોડી વારમાં જ સાંજ પડી ગઈ અને દિવસ આથમી ગયો. થોડુંક ચાલ્યા પછી ચિંતા થવા લાગી. છતાં આગળ ચાલ્યે જાય છે, ત્યાં સંધ્યા પણ પૂરી થઈ અને જ્યાં દૂર નજર નાખી ત્યાં તો દેખાયું કે કાળા

સીસમના રંગનો પ્રચંડ કાયાવાળો એક પુરુષ, માથે કાળાં કાજળ જેવાં ઘૂંઘરાળાં જુલફાં, હાથમાં ચાંદીનાં જાડાં કડાં અને ખાંધે કડિયાળી ડાંગ નાખીને પોતાની તરફ આવી રહ્યો છે. શારદાદેવી સમજી ગયાં કે જરૂર લૂંટારો ! એ સાથે જ ભયની એક કંપારી તેમના શરીરમાંથી નીકળી ગઈ, અને હવે નાસવું કે બૂમ પાડવી નકામી સમજીને સ્થિર થઈ ઊભાં રહ્યાં.

ત્યાં તો પેલાએ કર્કશ અવાજે બૂમ મારી : 'અરે, કોણ છે તું ? અત્યારે અહીં કેમ ઊભેલ છે ? ક્યાં જાય છે ?' શારદાદેવી બોલ્યાં : 'ઉગમણી બાજુ તારકેશ્વર.' લૂંટારો બોલ્યો : 'એ રસ્તો આ ક્યાં છે ? ત્યાંનો રસ્તો તો પેલો જાય છે.' શારદાદેવી પૂતળાની પેઠે સ્થિર ઊભાં છે, ત્યાં તો પેલો લૂંટારો તદ્દન નજીક આવી ગયો અને શારદાદેવીના મોઢા સામે તાકીને જોઈ રહ્યો. બેએક ક્ષણ પછી સહેજ પાછો હઠ્યો અને નરમ અવાજે બોલ્યો : 'ડરો મા, મારી સાથે બાઈ માણસ છે, તે પાછળ ચાલી આવે છે.'

શારદાદેવીએ ઊંચે નજર કરીને જોયું તો એક સ્ત્રી ચાલી આવતી જોઈ; એટલે હિંમત આવી અને બોલ્યાં : 'બાપુ, મારાં સંગાથીઓ મને મૂકી આગળ ચાલ્યાં ગયાં છે. મને લાગે છે કે હુંય ભૂલી પડી ગઈ છું. તમે સાથે આવીને મને તેમની સાથે પહોંચાડી દો ને ? તમારા જમાઈ દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિની કાલીવાડીમાં રહે છે. હું તેમની પાસે જાઉં છું. તમે જો ત્યાં સુધી મને પહોંચાડી દો તો તમારી ખૂબ આગતાસ્વાગતા કરશે.'

એટલામાં તો પેલી સ્ત્રી - લૂંટારાની પત્ની - પણ ત્યાં આવી પહોંચી એટલે શારદાદેવી તો સ્નેહથી તેમનો હાથ પકડીને લાગ્યાં : 'બા, હું તમારી દીકરી શારદા; સંગાથવાળાં મને મૂકીને આગળ ચાલ્યાં ગયાં છે એટલે હું તો મોટી આફતમાં આવી પડી હતી; નસીબજોગે બાપુ અને તમે આવી પહોંચ્યાં તે સારું થયું, નહીંતર શું થાત ?'

શારદાદેવીના એ પ્રકારના નિઃસંકોચ સરળ વર્તન, વિશ્વાસ અને મીઠા શબ્દોથી લૂંટારા અને તેની પત્નીનું હૃદય સાવ પીગળી ગયું અને તેને લૂંટવાનું કે હેરાન કરવાની વાત તો દૂર રહી, પણ ઊલટાં તેને પોતાની દીકરી ગણીને દિલાસો આપવા લાગ્યાં અને તેને સાવ થાકી ગયેલી જોઈને આગળ ચાલવા ન દેતાં પાસેના તેલોભેલો ગામમાં એક નાની દુકાને લઈ ગયાં અને ત્યાં રાત્રિ ગાળવાની સગવડ કરી. લૂંટારાની સ્ત્રીએ પોતાનો સાડલો પાથરીને શારદાદેવીને

સૂવાનું બિછાનું કરી આપ્યું અને પુરુષ જઇને ચણામમરા ખરીદ કરી આવ્યો અને તેમને ખાવા આપ્યા. આમ સગાં માબાપની પેઠે ખૂબ સ્નેહપૂર્વક તેમને સુવડાવીને લૂંટારો હાથમાં ડાંગ લઇને ચોકી કરતો આખી રાત બેઠો.

સવારમાં વહેલાં ઊઠીને શારદાદેવીને સાથે લઇને તેમણે ચાલવા માંડ્યું અને સૂરજ ચડ્યો ત્યાં તો તારકેશ્વર પહોંચી ગયાં. તરત પેલા લૂંટારાની સ્ત્રી બોલી : 'અમે અહી ધર્મશાળામાં બેઠાં છીએ. આ મારી દીકરીએ કાલ રાતે કાંઇ ખાધું નથી. માટે ઝટ ઝટ બાબા તારકનાથની પૂજા પતાવી આવીને સીધુંસામાન, શાકભાજી વગેરે લઇ આવો, આજે એને સારી પેઠે જમાડવાની છે.'

લૂંટારો એ બધું લેવા ગયો એટલામાં શારદાદેવીનાં સંગાથીઓ તેમને શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યાં અને તેમને ક્ષેમકુશળ આવી પહોંચેલાં જોઇને હરખ કરવા લાગ્યાં. ત્યાર પછી શારદાદેવીએ પોતાનાં રાતના આશ્રયદાતા 'બા'નો તથા 'બાપુ'નો પરિચય કરાવતાં કહ્યું કે : 'આમણે આવીને જો મારી સંભાળ ન લીધી હોત તો કાલે રાત્રે મારું શું થાત એ કોણ કહી શકે ?'

પછી પૂજા, રસોઇ, ભોજન વગેરેથી પરવારીને સૌ વૈદ્યવાટીને માર્ગે રવાના થયાં. શારદાદેવી કહે છે કે 'એ એક રાતમાં ડાકૂ માબાપે અને મેં પરસ્પરને એટલાં બધાં પોતાનાં કરી લીધાં હતા કે વિદાય લેતી વખતે અમે ત્રણે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં. કેટલેય દૂર સુધી તેઓ બન્ને વળાવવા માટે સાથે ચાલતાં આવ્યાં? અને લૂંટારાની સ્ત્રી બાજુના ખેતરમાંથી લીલા અડદની શીંગો તોડી લાવીને શારદાદેવીની સાડીના પાલવને છેડે બાંધીને આંસુ ખેરતાં ખેરતાં બોલી : 'દીકરી શારદા, રાત્રે મમરાની સાથે આ પણ ખાજે.'

આખરે તેમની પાસેથી દક્ષિણેશ્વર જરૂર આવવાનું વચન લઇને શારદાદેવી તેમનાથી વિખૂટાં પડ્યાં.

તે વચનનું પાલન તેમણે કરેલું. મીઠાઇ વગેરે વિવિધ પ્રકારની ચીજો લઇને તેઓ બે ત્રણ વાર દક્ષિણેશ્વર ગયેલાં અને શ્રીરામકૃષ્ણે પણ શારદાદેવીની પાસેથી એ બધી ઘટના સાંભળીને તેમની સાથે જમાઇ જેવું જ વર્તન રાખેલું અને ખાતરબરદાસ્ત કરીને તેમને પ્રસન્ન કરેલાં.

લૂંટારાનું કઠોર હૃદય શારદાદેવીને એક નજરે જોતાં જ એકદમ નરમ કેમ થઇ ગયું ? શું શારદાદેવીની સરળતા અને વિશ્વાસ મૂકવા માત્રથી કે એની પાછળ કોઇક દિવ્ય શક્તિ હતી ખરી ? એ બાબતમાં શારદાદેવીએ શ્રીમુખે

ભક્તોને કહેલું : 'મેં એક વાર એ લૂંટારા દંપતીને પૂછેલું કે તમે મારા પર આટલો બધો સ્નેહ રાખો છો શા માટે, બાપુ ? તેઓ બોલેલાં : ''તમે કાંઈ સાધારણ માણસ નથી. અમે તમને કાલીરૂપે દેખ્યાં છે.'' 'શારદાદેવીએ તેની સામે વાંધો લેતાં કહ્યું : 'એ વળી શું, તમે એ શું દેખ્યું ?' એથી જરાય અચકાયા વિના તેઓ બોલ્યાં હતાં : 'ના મા, અમે સાચેસાચ જોયેલ છે. અમે પાપી છીએ એટલે તમારું રૂપ છૂપાવો છો.' શારદાદેવી બેધ્યાનપણે બોલ્યાં : 'કોણ જાણે ભાઈ, હું તો કાંઈ જાણતી નથી.'

એ સાંભળીને એક ભક્ત બોલી ઊઠ્યો : 'ત્યારે તો આપે તેને કાલીરૂપે દર્શન આપ્યાં હતાં ? મા, છુપાવશો મા. બોલી નાખો.'

શારદાદેવી બોલ્યાં : 'હું શું કામ દર્શન દેવા જાઉં ? તેણે કહ્યું હતું કે તેણે જોયું છે.' પેલા ભક્તે કહ્યું : 'એનો અર્થ જ એ થયો કે તમે દેખાડ્યું હતું.'

શારદાદેવી (હસી પડીને) : 'એ હવે તમને ઠીક પડે તેમ કહો.'

## રસભર્યો સંસાર

'પરમહંસદેવ તો ચોવીસે કલાક સમાધિમાં રહેતા, તેમને સંસારવહેવાર કે સ્ત્રી વગેરે સાથે શી નિસબત ? તેમને સંસારમાં વળી રસ શું હોય ?' એવો ખ્યાલ કેટલાક લોકોનો હોય છે. એ ખ્યાલ કેટલો ભ્રામક છે અને શ્રીરામકૃષ્ણ તથા શારદાદેવીનો સંસાર કેવો રસભર્યો હતો એ દર્શાવવા તેમના જીવનના કેટલાક પ્રસંગો જોઈએ.

દક્ષિણેશ્વર કાલીમંદિરમાં શ્રીરામકૃષ્ણના ઓરડાથી થોડેક અંતરે નોબતખાનાની નાની ઓરડીમાં શારદાદેવી રહેતાં. એ જમાનામાં ઓઝલનો રિવાજ કડક હતો. એટલે ઓરડીની આજુબાજુની ઓસરીને પણ ચક નાખીને ઘેરી લીધી હતી. એ ઓરડીને શ્રીરામકૃષ્ણ 'માળો' (પંખીનો) કહેતા. એ 'માળા'માં શારદાદેવીની સાથે તેમની ભત્રીજી લક્ષ્મી પણ વચ્ચે આવીને રહેતી. એ બંનેને શ્રીરામકૃષ્ણ 'શુક-સારિકા' (પોપટ-મેના) કહેતા. મંદિરમાંથી પૂજારી તરીકેનો પોતાના ભાગનો માતાજીની પ્રસાદીનો થાળ પોતાના ઓરડામાં આવતો એટલે શ્રીરામકૃષ્ણ પોતાના ભત્રીજા રામલાલને બૂમ મારીને કહેતા : 'અરે રામનેલો ! ત્યાં માળામાં પોપટ-મેના છે; આ ફળફૂલ, ભીજાએલા ચણા વગેરે લઈ જઈને

તેમને આપી આવ.'

અપરિચિત લોકો જાણતા કે ખરેખર શ્રીરામકૃષ્ણે બે પક્ષી પાળેલાં છે. અરે, તેમની પાસે રહીને આખો દિવસ સત્સંગ કરનાર 'માસ્ટર' મહાશય પણ શરૂઆતમાં એ જ ભ્રમમાં પડ્યા હતા.

વળી કોઈક ભક્ત-મહિલાને વચમાં રાખીને શ્રીરામકૃષ્ણ શારદાદેવીની સાથે કેવો રંગ જમાવતા એ નીચેની ઘટનાથી જણાશે.

એક વખતે એક સ્ત્રી-ભક્ત ગૌરીદાસી ત્યાં નોબતખાનામાં શારદાદેવીની સાથે કેટલાક દિવસ થયાં રહેતાં હતાં. એ દરમિયાન એક દિવસ ત્યાં આવીને શ્રીરામકૃષ્ણ બોલ્યા : 'કહે જોઈએ ગૌરીદાસી, તું અમારા બેમાંથી વધારે કોને ચાહે છે ?' ગૌરીદાસી પણ કાંઈ ગાંજી જાય તેવી નહોતી. તેણે તરત ગીત ઉપાડ્યું :

રાધાથી ન મોટા તમે, બાંકે બંસીધારી
જન પડે દુઃખે જ્યારે,
બોલે મધુસૂદન ત્યારે,
તમ દુઃખે, બંસી બોલે, 'રાધા કિશોરી ?'

ગીતનો અર્થ સ્પષ્ટ જ છે. શારદાદેવીએ તો શરમાઈ જઈને ગૌરીદાસીનો હાથ પકડીને દાબી રાખ્યો. શ્રીરામકૃષ્ણ પોતાની હાર કબૂલીને હસતા હસતા ચાલ્યા ગયા.

બીજો એક સરસ પ્રસંગ જોઈએ : એક દિવસ એ જણ (શ્રીયુત કાલીપદ ઘોષ)ની પત્ની અતિશય દુઃખી અને વ્યથિત અંતઃકરણે દક્ષિણેશ્વર શ્રીરામકૃષ્ણ પાસે આવી. તેનો પતિ દારૂની લતે ચડી જઈને સર્વ પ્રકારે દુરાચારી અને દુષ્ટ થઈ ગયેલો. આ મહિલાએ તો માત્ર સાંભળેલું કે દક્ષિણેશ્વરમાં એક દેવી સાથે વાતો કરનારો સાધુ રહે છે. એ વખતે હજી કલકત્તાના લોકો શ્રીરામકૃષ્ણને વિશેષ જાણતા નહીં. તે સ્ત્રીએ આવીને શ્રીરામકૃષ્ણ પાસે વિનંતી કરી કે : 'મહારાજ, મારો સંસાર સળગી ગયો છે. ઘરવાળો અવળે રસ્તે ચડી ગયો છે. આપ દયા લાવીને જો કંઈ ઔષધિ કે એવું કંઈક આપો કે જેથી એનું મન ફરી જાય, તો અમારું ઘર ચાલે.'

આવા કામમાં પડવું શ્રીરામકૃષ્ણના સ્વભાવ વિરુદ્ધ હતું અને ચોખ્ખી ના

જ પાડી દેતા. પરંતુ એ વખતે એમના મનમાં જરા વિનોદની ઈચ્છા થઈ કે પછી એ સ્ત્રીની કાકલૂદીથી પીગળી ગયા, પણ તેને પાછી ન કાઢતાં શારદાદેવી રહેતાં હતાં તે નોબતખાનાની ઓરડી બતાવીને બોલ્યા : 'ત્યાં એક સ્ત્રી રહે છે; તેને તમારી બધી વાત પેટ ખોલીને કરજો; એ બરાબર ઔષધિ આપશે. મંત્ર, તાવીજ વગેરે બધું એ જાણે છે. એ બાબતમાં તેની શક્તિ મારા કરતાં વધારે છે.' એમ કહીને બાઈને ત્યાં મોકલી. એ ત્યાં ગઈ.

શારદાદેવી ત્યારે પૂજામાં બેઠાં છે, તેમનું મન સાંસારિક બાબતોથી પર અતિ ઉચ્ચ કરુણાપૂર્ણ ભાવરાજ્યમાં વિચરી રહ્યું છે. પેલી બાઈએ ત્યાં આવીને પોતાની કહાણી કહી સંભળાવી, અને શ્રીરામકૃષ્ણ બોલ્યા હતા તે કહ્યું. એ સાંભળીને શારદાદેવી સમજી ગયાં કે ઠાકુરે વિનોદ કર્યો છે, પરંતુ તેમનાથી પણ એ દુઃખી બાઈને ના પાડી નિરાશ કરીને ઘેર જવા કહેવાનું ન બન્યું. એટલે તેમણે કહ્યું : 'હું તે વળી શું જાણું છું ? બેટા, એ જ બધી ઔષધિ ને ઉપાય જાણે છે; તું તેમની પાસે જા.' પેલી બાઈ બિચારી સરળ હૃદયે ત્યાંથી પાછી શ્રીરામકૃષ્ણ પાસે આવી.

શ્રીરામકૃષ્ણ સમજી ગયા અને બોલ્યા : 'ના રે ના, મારી પાસે આવવું નકામું છે. જે કાંઈ કરવાનું હોય છે તે બધું એ જ કરે છે, માટે તું ત્યાં જા.'

કહ્યું છે કે ગરજવાનને અક્કલ ન હોય, તેમ તે બિચારી દુખિયારી બાઈ વળી પાછી ધક્કો ખાઈને શારદાદેવી પાસે ગઈ.

શ્રીરામકૃષ્ણે તેને પાછી પોતાની પાસે મોકલી જોઈને તથા ત્રણ ત્રણ ધક્કા ખાધા પછી બાઈની દયામણી અવસ્થા જોઈને શારદાદેવીનું હૃદય પીગળી ગયું અને હવે તે બાઈના દુઃખી અંતરને વધુ દુઃખી ન થવા દેવું એમ થઈ ગયું. એટલે એ બાઈને પોતાની પાસે બેસાડીને આશ્વાસન આપ્યું અને પૂજામાં ચડાવેલું એક બીલીપત્ર લઈને તેના હાથમાં આપ્યું અને કરુણાપૂર્ણ સ્વરે બોલ્યાં : 'બેટા, આ લઈ જા, આનાથી જ તારી ઈચ્છા પૂર્ણ થશે.'

બાઈ એ આશીર્વાદ માથે ચડાવીને ઘેર ગઈ. એ અમોઘ આશીર્વાદને પ્રભાવે તેનો પતિ (તેને 'દાનવકાલી' પણ કહેતા) પાછળથી શ્રીરામકૃષ્ણનો મહાન ભક્ત થયો.

પ્રસંગોપાત્ત આવો રંગ-રસ જમાવવા છતાં શ્રીશારદાદેવી તરફ શ્રીરામકૃષ્ણ મશ્કરીમાં સુધ્ધાં તોછડાઈ કદી પણ દર્શાવતા નહીં. તેમને તેઓ

કેટલા બધા માનની દૃષ્ટિએ જોતા તે શારદાદેવીના શબ્દોમાં જ જોઈએ : 'હું એવા સ્વામીની સાથે જોડાઈ હતી કે એમણે મને કદી 'તું' કહીને બોલાવી નથી. ઠાકુરે મારા તરફ ફૂલ સરખોય ઘા કર્યો નથી; કદીયે 'તમે' સિવાય બોલાવી નથી.'

એક દિવસ દક્ષિણેશ્વરમાં રાતને વખતે શ્રીરામકૃષ્ણનું ખાવાનું - પૂરી, રવાની ખીરનો વાટકો વગેરે થાળમાં મૂકીને શારદાદેવી તેમના ઓરડામાં મૂકવા ગયાં. શ્રીરામકૃષ્ણનું એ બાજુ ધ્યાન નહોતું. તેમણે જાણ્યું કે, તેમની ભત્રીજી આવી હશે, એટલે બોલ્યા : 'કમાડ વાસતી જજે.' શારદાદેવી બોલ્યાં : 'હો, બારણું બંધ કર્યું છે.'

તેમનો અવાજ કાને પડતાં જ શ્રીરામકૃષ્ણ સંકોચ પામીને બોલી ઊઠ્યા : 'અરે, તમે છો ? મેં જાણ્યું કે લક્ષ્મી છે. તમે મનમાં કાંઈ લાવશો મા, હોં !' અજાણ્યે 'દેતી જાજે' બોલાઈ ગયું તેમાંય આટલો સંકોચ ! બીજે દિવસે સુધ્ધાં નોબતખાનાની ઓરડી સામે જઈને તેમણે શારદાદેવીને કહ્યું : 'જુઓ, કાલ આખી રાત મને ઊંઘ નથી આવી, એ જ ચિંતા થયા કરતી હતી કે શા માટે એવું તોછડું વચન બોલી નાખ્યું.'

એટલું જ નહી, પણ શારદાદેવીએ એક દિવસે ભક્તોને કહ્યું કે : 'ઠાકુરના પગ દાબવાનું હું પૂરું કરી રહું એટલે ઠાકુર (મને) પ્રણામ કરતા !'

ક્યાં અત્યારની પાશ્ચાત્ય પદ્ધતિની કહેવાતી સ્ત્રી સન્માનની ભાવના અને ક્યાં ઓગણીસમી સદીના, આ અભણ બ્રાહ્મણની સ્ત્રી સન્માનની ભાવના !

વારુ, દક્ષિણેશ્વરના એ નિરક્ષર બ્રાહ્મણદેવતા શ્રીરામકૃષ્ણ અને જોગમાયા શ્રીશારદાદેવીના ખાનગી જીવનમાં ચાલો વળી એક ડોકિયું કરી લઈએ, આપણને છોકરાંને એમાં વાંધો નહી !

શારદાદેવીના સ્વામી સંસારી નહોતા. એ હતા સંન્યાસી, વળી પાછા પરણેલા હતા અને સૂતાં બંને એકસાથે. અને છતાં સાંસારિક સંબંધનો સર્વથા અભાવ ! એમના સાંસારિક જીવનનું આવું ઊલટું સ્વરૂપ જોઈને મોટાં મોટાં વિદ્વાન નરનારીઓની બુદ્ધિનેય અંધારાં આવી ગયાં છે, અને કોઈ કોઈએ તો તેવો મત પણ પ્રગટ કર્યો છે કે બિચારી શારદાદેવીને જિંદગીનો લહાવો કાંઈ મળ્યો નહીં. ન કંઈ પહેર્યું ઓઢ્યું કે ન કંઈ ઘરેણાંગાંઠુ જોયું. એ તેમના સ્ત્રીત્વ પ્રત્યે અન્યાય છે. એનો જવાબ નીચેની હકીકત આપશે.

પહેરવું, ઓઢવું, અલંકારોથી શરીરને શણગારવું એ સ્ત્રી સ્વભાવમાં સહજ છે. શ્રીરામકૃષ્ણ એ જાણતા. એ શારદાદેવી વિશે કહેતા કે : 'આ શારદા સાક્ષાત્ સરસ્વતી છે જ્ઞાન દેવા આવી છે. લોકો તેના પ્રત્યે અશુદ્ધ દૃષ્ટિએ જુએ તો તેમનું અકલ્યાણ થાય એટલા માટે આ વખતે એ પોતાનું રૂપ ઢાંકીને આવી છે. એ છે મહાબુદ્ધિમતી, જ્ઞાનદાયિની ! એ મારી શક્તિ છે !''

વિવાહને વળતે દિવસે જ નવી આવેલી નાની વહુના અંગ ઉપરથી અલંકારો ઉતારી લીધા તે વખતે મા ચંદ્રામણિદેવી બોલેલાં કે 'ગદાઈ તને ઘણાંયે ઘરેણાં ઘડાવીને શણગારશે.' એ શબ્દો શ્રીરામકૃષ્ણ ભૂલ્યા નહોતા. એટલે એક દિવસે ભાણેજ હૃદયરામને બોલાવીને તેમણે કહ્યું : 'અરે હૃદુ, એનું નામ શારદા. તે સાક્ષાત્ સરસ્વતી છે, એટલે શણગાર કરવાનું એને ગમે. જો તો, પેલી પેટીમાં રૂપિયા કેટલા છે ? એ લઈ જા અને એને માટે વચમાં તાવીજવાળો બે સાંકળીનો સોનાનો એક હાર ઘડાવી આવ.' એમ કહીને હૃદયને ત્રણસો રૂપિયા લઈ જવાનું કહીને હાર ઘડાવવા મોકલ્યો. આ બાજુ પોતે પૈસાને સ્પર્શી પણ શકતા નહી.

વળી પંચવટીમાં સાધના કરતી વખતે સીતાજીનાં દર્શન થયેલાં. ત્યારે તેમના હાથ ઉપર ડાયમંડના આકારની ડિઝાઈનવાળાં સોનાનાં બે કડાં જોયાં હતાં, તે યાદ રાખીને શ્રીશારદાદેવીને માટે પણ બરાબર એવાં જ નક્કર સોનાનાં બે કડાં બનાવડાવીને તેમનો શોખ પૂરો કર્યો હતો !

એ સમયે શારદાદેવીની સાથે રહેતાં તે યોગીનમા નામે એક સ્ત્રી ભક્ત કહેતાં કે 'માના વાળ કાળા ભમર જેવા છેક ઘૂંટણ સુધી અડતા. મા એ વખતે જરીની પહોળી કિનારવાળી લાલ રેશમી સાડી પહેરતાં. સેંથામાં સિંદૂર પૂરતાં, નાકમાં મોટી નથ નાખતાં. કાનમાં કર્ણફૂલ લટકાવતાં અને હાથમાં ઠાકુરને મધુર ભાવની સાધના વખતે મથુરબાબુએ ઘડાવી આપેલ સોનાની બંગડીઓ પહેરતાં અને સીતા જેવાં દેખાતાં.'

એટલું જ નહીં, પણ પોતાના અંતર્ધાન થવા પછી શારદાદેવીના ભરણપોષણની કાળજી સુધ્ધાં શ્રીરામકૃષ્ણને હતી. આ બાજુ પોતે સંસારથી સાવ અલિપ્ત ! એક દિવસે શારદાદેવીને તેમણે પૂછેલું : 'કેટલા રૂપિયા હોય તો તમારો મહિનાનો હાથખરચ નીકળે ?' શારદાદેવી બોલ્યાં : 'પાંચ છ રૂપિયા હોય તો ચાલ્યું જાય.' શ્રીરામકૃષ્ણે હિસાબ ગણીને અડસટો બાંધ્યો કે એ હિસાબે

પાંચસો-છસો રૂપિયા મૂકી રાખ્યા હોય તો તમારું સારી રીતે ચાલ્યું જાય.

અને તેમણે એટલા રૂપિયા બલરામબાબુ પાસે વ્યાજે મુકાવ્યા હતા. બલરામબાબુ દર છ મહિને રૂ.૩૦ વ્યાજ શારદાદેવીને પહોંચાડી આપતા.

ચોવીસે કલાક સમાધિમાં ડૂબેલા રહેનાર પુરુષ જ્યારે જગત-ભાનમાં આવતા ત્યારે તેમને પત્નીની કાળજી કેટલી હતી !

## બુદ્ધિશાળી પત્ની

'ધન્યો ગૃહસ્થાશ્રમઃ' - શાસ્ત્રકારોએ કહ્યું છે કે ધન્ય ગૃહસ્થાશ્રમનું મુખ્ય લક્ષણ એ કે પતિ અને પત્ની બંનેનો આદર્શ અને વિચારોમાં મેળ હોય તો સંસારનું ગાડું સરસ અને સરળ ચાલે. બંનેની બુદ્ધિમાં સામંજસ્ય જોઈએ. શારદાદેવી સ્કૂલ-કોલેજના ઉંબરા ઘસી નાખીને ભણ્યાં જરાય નહતાં, પણ ગણ્યાં'તાં બહુ. કોઠાજ્ઞાન ને હૈયાઉકલતમાં એ પહેલો નંબર હતાં. તેમનામાં ભણતર કરતાં ગણતર કેટલી બધી વધુ માત્રામાં હતું, સાધારણ વાક્યમાંથી બોલનારનું મન પારખી લેવાની કળા કેવી અદ્‌ભુત રીતે તેમણે હસ્તગત હતી, એ દર્શાવનારી એકાદ બે ઘટનાઓ આપણે જોઈશું.

શારદાદેવી જન્મ્યાં હતાં ગામડામાં, છતાં બુદ્ધિ ગામડિયા જેવી જાડી ન હતી. એમને માટે, પ્રસંગ આવ્યે પરમહંસદેવ કહેતા કે : 'એ ભારે બુદ્ધિમતી.' તેમના એ શબ્દો એમને એમ, માત્ર એ પોતાની પત્ની હતી એટલા માટે જ નથી નીકળ્યા, પરંતુ પોતાની પરીક્ષામાં પાસ થયા પછી જ એ 'ડિગ્રી' તેમને આપી છે. ઘટના આ પ્રમાણે :

કલકત્તાથી કેટલાક માઈલ ઉત્તરે, ગંગાને પૂર્વ કિનારે, પાણિહાટિ નામના ગામમાં શ્રી ગૌરાંગ મહાપ્રભુના ત્યાં થયેલા આગમનની સ્મૃતિમાં, દર સાલ જેઠ સુદ તેરશની તિથિએ 'રાઘવ પંડિતનો પૌઆનો મહોત્સવ' નામનો ગૌડીય સંપ્રદાય વૈષ્ણવોનો એક મોટો ઉત્સવ થાય છે. તે પ્રસંગે ત્યાં અનેક નામાંકિત સાધકો, ભક્તો, કીર્તનકારો વગેરે આવીને એકઠા થાય છે અને લોકોનો મોટો મેળો ભરાય છે.

અગાઉ તો શ્રીરામકૃષ્ણ દર વરસે એ ઉત્સવમાં જતા, પણ તેમના અંગ્રેજી ભણેલા ભક્તોનું આગમન શરૂ થયા પછી કેટલાંક વરસથી ત્યાં જવાનું બન્યું

નહોતું. એટલે ઇ.સ. ૧૮૮૫ ની સાલનો ઉત્સવ આવ્યો એટલે ઠાકુર ભક્તોને બોલ્યા : 'ત્યાં તે દિવસે આનંદનો મેળો ભરાશે, હરિનામનું બજાર ભરાશે, તમે બધા ''યંગ બેંગાલ'' (Young Bengal, બંગાળના નવયુવકો) એ તો કદી એવું દીઠું નહી; માટે ચાલો, આ વખતે જોઇ આવીએ.'

યોજના પ્રમાણે આશરે પચીસેક ભક્તો ઉત્સવને દિવસે સવારના નવ વાગ્યા પહેલાં બે નૌકાઓ ભાડે કરીને દક્ષિણેશ્વર એકઠા થયા. શ્રીરામકૃષ્ણને માટે એક અલગ હોડી ઘાટે બાંધી રાખી હતી. કેટલીક સ્ત્રી-ભક્તો પણ વહેલી સવારમાં આવી જઇને શારદાદેવીની સાથે મળીને આખી મંડળીની રસોઇ કરવાની વ્યવસ્થામાં લાગી ગઇ હતી. દસેક વાગ્યે બધા જમી કરીને તૈયાર થઇ ગયાં.

આ બાજુ શ્રીરામકૃષ્ણ જમી રહ્યા એટલે શારદાદેવીએ એક સ્ત્રીભક્તની મારફત તેમને પુછાવી જોયું કે પોતે આવે કે નહી, એ સાંભળીને તે સ્ત્રીભક્તને શ્રીરામકૃષ્ણ બોલ્યા : 'તમે બધાંય તો આવો છો. જો એની ઇચ્છા હોય તો એ આવે.' તે સ્ત્રીભક્તે જઇને શારદાદેવીને એ કહ્યું. એ સાંભળીને તે બોલ્યાં : 'જુઓ ને, અહીંથી કેટલાંય માણસો સાથે જાય છે. વળી ત્યાં અતિશય ભીડ થવાની. એટલી બધી ભીડમાં નાવમાંથી ઊતરીને ઉત્સવ જોવાનું મારે માટે બહુ મુશ્કેલ થઇ પડે, એટલે હું આવવાની નથી.'

એટલે પછી તેમની રજા લઇને બીજી બધી સ્ત્રીભક્ત શ્રીરામકૃષ્ણવાળી નાવમાં બેસીને મહોત્સવ જોવા ચાલી ગઇ. આખો દિવસ ભજન-કીર્તન વગેરેનો આનંદ માણીને રાત્રે સાડા આઠ વાગ્યે સૌ પાછાં દક્ષિણેશ્વર આવી ગયાં. બીજે દિવસે પૂનમની સ્નાનયાત્રા તથા કાલીમંદિરની દેવીપ્રતિષ્ઠાનો વાર્ષિક ઉત્સવ હોવાથી તે જોવા માટે સ્ત્રીભક્તોએ રાત સુધી શારદાદેવી પાસે રોકાઇ જવાનું નક્કી કર્યું.

રાત્રે શ્રીરામકૃષ્ણ જમવા બેઠા ત્યારે પાણિહાટિનો પ્રસંગ નીકળ્યો. એટલે શ્રીરામકૃષ્ણ જમતાં જમતાં સ્ત્રી ભક્તોને કહેવા લાગ્યા : 'ત્યાં એટલી બધી ભીડ, તેમાં વળી મને ભાવસમાધિ થાય એટલે સઘળા લોકો મને તાકીતાકીને જોયા કરે. એ (શારદાદેવી) સાથે ન આવ્યાં એ સારું જ કર્યું. એમને સાથે જોત તો લોકો કહેવા લાગત કે ''એલા, હંસ-હંસી આવ્યાં છે !'' એ ભારે બુદ્ધિમતી !'

શ્રીરામકૃષ્ણ જમી રહ્યા પછી સ્ત્રીભક્તોએ જઇને શારદાદેવીને એ વાત

કહી સંભળાવી. એટલે એ બોલ્યાં કે : 'સવારે એમણે જે રીતે મને સાથે જવાનું કહેવરાવ્યું તેનાથી જ હું સમજી શકી હતી કે એ ખુલ્લે દિલે મને એ બાબતમાં અનુમતિ આપતા નથી. નહિતર તો એમ બોલત કે : ''હા હા, જરૂર આવે, એમાં વળી પૂછવાનું શું ?'' પરંતુ એમ ન કરતાં એ બાબતનો નિર્ણય કરવાનો ભાર મારા ઉપર મૂકીને બોલ્યા કે : ''એની ઇચ્છા હોય તો આવે,'' એટલે મેં નક્કી કર્યું કે જવાનો સંકલ્પ છોડી દેવો એ જ સારું.'

પોતાના પતિના આદર્શને પોતાનો કરવો, અને એમના જ શરીરની સગવડ તથા આરામને માટે અનાયાસે મળતી મોટી રકમનો માત્ર તેમના આદર્શને ખાતર ત્યાગ કરવો એ સ્ત્રીસ્વભાવને માટે સહેલું નથી. તેમાંય એનો સ્વીકાર કરવાની બાબતમાં પતિ તરફથી અનુમતિના આભાસ જેવું હોય તો તો એ એથીયે વધુ મુશ્કેલ બને.

પરંતુ મોઢાના શબ્દો પાછળનો ભાવ પારખવામાં શારદાદેવીની બુદ્ધિ ઘણી જ પારંગત હતી એ દર્શાવનારી એક ઘટના શ્રીરામકૃષ્ણના શબ્દોમાં જ રજૂ કરીએ. શ્રીરામકૃષ્ણ કહે છે કે :

'મારવાડી ભક્તે (બડા બજારના લક્ષ્મીનારાયણે) જ્યારે દશ હજાર રૂપિયા આપવાની ઇચ્છા દર્શાવી ત્યારે મારે માથે, જાણે કે, કરવત મૂકી દીધી હોય એવું મને થયું. મેં જગન્માતાને કહ્યું : ''માવડી, આટલા બધા દિવસે વળી તું લક્ષ્મીથી લલચાવવા આવી ?''

એ સાંભળીને મારવાડી બોલી ઊઠ્યો : 'ત્યારે તો હજી આપને ત્યાજ્ય અને ગ્રાહ્ય છે.'

'કોણ જાણે બાપુ, પણ હું તો જે તજું છું, તે કાયમને માટે જ.' શ્રીરામકૃષ્ણ હળવે શબ્દે બોલ્યા.

એટલે તે મારવાડી ભક્તે તે રકમ 'માતાજી' - (શારદાદેવી)ના નામ પર મૂકવાની ઇચ્છા દર્શાવી અને હજાર હજારની દશ નોટોનું બંડલ કાઢીને નીચે મૂકી દીધું.

પરમહંસદેવ કહે છે :

'એ વખતે એનું (શારદાદેવીનું) મન જાણવા માટે મેં એમને તેડાવીને કહ્યું : ''આમ જુઓ, આ (મારવાડી) રૂપિયા આપવા માગે છે. હું તો લઈ શકતો

નથી એમ મેં કહ્યું , એટલે એ તમારે નામે આપવા માગે છે. તો તમને એમાં શું હરકત છે? બોલો , શું કહો છો?''

સાંભળીને શારદાદેવી બોલ્યાં : 'એ કેમ બને ? રૂપિયા લેવાય નહી. હું લઉ એ રૂપિયા તમારા લેવા બરાબર જ થાય ! કારણ કે હું રાખું એટલે તમારી સેવા અને બીજી જરૂરી બાબતોમાં વપરાયા વગર રહે જ નહી, એટલે પરિણામે એ તમે લીધા બરોબર જ થાય. લોકો તમારા પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ રાખે છે તે તમારા ત્યાગ માટે; માટે રૂપિયા કોઈ રીતે લેવાય જ નહી.'

'એ (શારદાદેવી)નાં એ વચનો સાંભળીને મેં હા.... આશ કરીને છુટકારાનો શ્વાસ લીધો,' પરમહંસદેવ પ્રસન્ન થઈને બોલ્યા.

## સદાસુહાગિની

'એક સરખા દિવસ સુખના કોઈના જતા નથી' એમ કોઈકે ગાયું છે, એ સૌના જીવનમાં સાચું છે. સુખ કે દુઃખ કયારેય શાશ્વત હોતું નથી, અવતારી પુરુષોના જીવનમાં સુધ્ધાં.

ઈ.સ.૧૮૮૫ ના ઉનાળામાં શ્રીરામકૃષ્ણના ગળાની વેદના શરૂ થઈ. ડોકટરોએ કેન્સરનું નિદાન કર્યું. ઉપાયો કરવા છતાં એ મટવાનાં ચિહ્નો જણાયાં નહિ, શ્રીરામકૃષ્ણની સતત સંભાળ રાખવી પડે એવી સ્થિતિ હતી. એટલે એમને સારવાર માટે પ્રથમ શ્યામપુકુરમાં અને પછી હવાફેર માટે કાશીપુરના ઉદ્યાનભવનમાં ફેરવ્યા. માતાજી અહી શ્રીરામકૃષ્ણ માટે અને એમની સેવામાં રહેતા શિષ્યો માટે રસોઈ કરતાં. નરેન્દ્ર (ભાવિ સ્વામી વિવેકાનંદ) અને બીજા કેટલાક શિષ્યો દિવસ ને રાત ગુરુદેવની સેવામાં રહેતા. પરંતુ શ્રીરામકૃષ્ણે જાણે કે અંતર્ધાન થવાનો નિર્ણય કરી લીધો હતો. પોતાના મહાસમાધિ-કાળની સૂચક આગાહીઓ તેમણે પાંચ વરસ પૂર્વે જ કરી રાખી હતી. તેમણે કહેલું હતું કે 'જ્યારે તમે જુઓ કે હું જેના તેના હાથનું ખાઉ છું, કલકત્તામાં રાત્રિ ગાળું છું, ખાવાની ચીજના અગ્રભાગ પહેલાં બીજા કોઈને આપીને પછી હું ખાઉ છું તથા જ્યારે જુઓ કે ઘણા લોકો મને દેવતારૂપે માને છે, શ્રદ્ધાભક્તિપૂર્વક મારી પૂજા કરે છે, ત્યારે જાણજો કે આનો (પોતાનો) અંતર્ધાન થવાનો સમય આવી ગયો છે.'

શ્રીરામકૃષ્ણે દક્ષિણેશ્વર છોડ્યું તે પહેલાં જ ત્રણ બાબતોની તો સાબિતી

મળી ગઈ હતી. કલકત્તામાં બલરામબાબુને ઘેર ક્યારેક રાત્રિવાસ પણ થવા લાગ્યો હતો અને કાશીપુરમાં રહેતી વખતે ચોથી આગાહીની ખાતરી મળી. તે આ પ્રમાણે : એક વખતે કેટલાક ભક્તો દક્ષિણેશ્વર ગયા. ત્યારે તેમને ખબર પડી કે 'ઠાકુર તો સારવાર માટે કાશીપુર પધાર્યા છે.' એટલે એ ભક્તોએ સાથે આણેલી મીઠાઇ દક્ષિણેશ્વરના તેમના ઓરડામાં શ્રીરામકૃષ્ણના ફોટા આગળ ધરાવીને પ્રસાદ લીધો. એ સમાચાર કાશીપુર પહોંચ્યા એટલે શ્રીરામકૃષ્ણ બોલી ઊઠ્યા : 'એ લોકોએ ત્યાં કાલીને ભોગ ન ધરાવતાં (મારી) છબીને શા માટે ધરાવ્યો ?'

એ સાંભળીને શારદાદેવી વગેરેને અમંગળ થવાની બીક લાગી. એટલે શ્રીરામકૃષ્ણ બોલ્યા : 'અરે, તમે કોઇ ચિંતા કરો મા. હવેથી ઘેર ઘેર મારી પૂજા થશે. સાચું કહું છું – બાપુના સમ ખાઇને કહું છું, શ્રીરામકૃષ્ણે આ પ્રથમ વાર 'મારી પૂજા' શબ્દોનો પ્રયોગ કર્યો ! શારદાદેવીને સમજવામાં બાકી રહ્યું નહી કે શ્રીરામકૃષ્ણ હવે આ મૃત્યુલોક છોડવાની તૈયારી કરી રહ્યા છે !

પરંતુ માણસને આશા છોડતી નથી. શ્રદ્ધા જાય તોય આશા ન જાય. અને એ કારણસર નિરાધારના આધારનું શરણ લીધા વિના કોઇ માણસ રહી શકે નહી. વૈદ્ય-ડોકટરોના હાથ હેઠા પડ્યા, હવાફેરથીયે કાંઇ ફેર પડ્યો નહી. સારામાં સારી સારવાર સામે પણ જ્યારે રોગે મચક આપી નહી, ત્યારે શારદાદેવીએ છેલ્લો દેવતાઇ ઉપાય – હત્યાદાનનો – અજમાવવાનો નિર્ણય કર્યો. શ્રીરામકૃષ્ણે તેમાં વાંધો ન લીધો.

શારદાદેવી ગયાં તારકેશ્વર. ત્યાં શિવજીના સામે અન્નજળનો ત્યાગ કરીને સાથરો કરીને સૂતાં. કાં તો પ્રાણત્યાગ કરવા ને કાં તો શિવજી ઉપાય બતાવે ! એક દિવસ ગયો, બે દિવસ ગયા; ત્રીજે દિવસે મધ્યરાત્રિ વીત્યા પછી એક વિચિત્ર અવાજ આવ્યો, જાણે કે ગોઠવીને મૂકેલાં માટલાંના ઢગલામાંના એક પર દંડો મારીને ફોડી નાખવાનો જેવો અવાજ આવે તેવો અવાજ. એથી શારદાદેવી જાગી ગયાં અને તેમના મનમાં થયું : 'અરે, આ જગતમાં કોણ કોનો સ્વામી ? આ સંસારમાં કોણ કોનું છે ? કોને માટે અહીં હું હત્યા દેવા આવી છું ?' એ વિચારની સાથે જ શારદાદેવીના અંતરમાં તીવ્ર વૈરાગ્ય આવી ગયો. એ ઊભાં થઇ ગયાં અને શંકરની જળાધારીમાંથી વહેતું અભિષેકનું જળ લઇને તેનું આચમન કરીને તરસે સુકાતું ગળું સહેજ ભીનું કર્યું. બીજે દિવસે સવારમાં એ

તારકેશ્વરથી પાછાં કાશીપુર ચાલ્યાં આવ્યાં. આવતાં જ મજાકમાં માથું હલાવીને શ્રીરામકૃષ્ણે કહ્યું : 'કાં કાંઈ વળ્યું ? કાંઈ નહી.'

કાશીપુરમાં જ એક દિવસ શારદાદેવી શ્રીરામકૃષ્ણનું જ ભોજન લઈને ઉપર આવ્યાં. જુએ છે તો શ્રીરામકૃષ્ણ આંખો બંધ કરીને પડ્યા છે. શારદાદેવીએ કહ્યું : 'હવે જમી લો, ઊઠો !' શ્રીરામકૃષ્ણ જાણે કે કોઈક દૂરદૂરના દેશમાંથી આવીને ભાવની તંદ્રામાં શારદાદેવીની સામે તાકી રહ્યા હોય એમ તાકી રહ્યા. તેમને એમ તાકી રહેલા જોઈને માતાજીએ પૂછ્યું : 'તમે કેમ આજે ઉદાસ દેખાઓ છો ? તમારા મનમાં જે કંઈ હોય તે મને કહોને ?'

આગ્રહભર્યે સ્વરે શ્રીરામકૃષ્ણ કહેવા લાગ્યા : 'તમારે બસ કંઈ કરવાનું જ નથી ? બસ, બધું મારે જ કરવાનું છે ? જુઓ, જગતના લોકો જાણે કે અંધકારમાં કીડાની પેઠે ખદબદ ખદબદ કરી રહ્યા છે. તમે તેમને સંભાળો.' શારદાદેવી બોલ્યાં : 'પણ હું એકસાવ સામાન્ય સ્ત્રી છું. મારાથી શું થઈ શકે ?, તરત શ્રીરામકૃષ્ણે જવાબ આપ્યો : 'ના, ના, તમારે કેટલુંય કરવું પડશે. (પોતાને બતાવીને) આણે તે વળી શું કર્યું છે ? તમારે એથી ઘણુંય વધારે કરવું પડશે.' એ પ્રસંગ બંધ કરવા માટે શારદાદેવી બોલ્યાં : 'એ જ્યારે થવાનું હશે ત્યારે થઈ રહેશે. તમે હવે જમી લો તો ?' ઠાકુરે આ રીતે સૂચવ્યું કે શારદાદેવીને લોકોના ઉદ્ધારની, શિષ્યોની સંભાળ રાખવાની છે. ભાવિ જવાબદારીની સોંપણ કરીને પછી ઊઠીને બેઠા.

ઈ.સ.૧૮૮૬ નો શ્રાવણ મહિનો લગભગ પૂરો થવા આવ્યો. શ્રીરામકૃષ્ણે નરેન્દ્રનાથમાં શક્તિસંચાર કરીને ભાવિ કાર્યની સૂચનાઓ આપી દીધી. છેલ્લે દિવસે શારદાદેવીને કહ્યું : 'હવે જુઓ, બ્રહ્મભાવનું ઉદ્દીપન થાય છે, જાણે કે, હું ક્યાંય જઈ રહ્યો છું – પાણીની અંદર અંદર થઈને ખૂબ ખૂબ દૂર.' શારદાદેવી રડવા લાગ્યાં. શ્રીરામકૃષ્ણ બોલ્યા : 'તમને ચિંતા શી ? આ નરેન્દ્ર વગેરેએ મારી જેવી સંભાળ રાખી છે, તેવી જ તમારી પણ રાખશે.'

એ જ રાત્રે, શ્રાવણ વદ અમાસની મહાનિશા; ઈ.સ.૧૮૮૬ ના ઓગસ્ટની ૧૬ મી તારીખની મધરાતે શ્રીરામકૃષ્ણે મહાસમાધિમાં પ્રવેશ કર્યો.

કાશીપુરના સ્મશાનમાં તેમના દેહને અગ્નિદાહ આપી આવીને ચિતા ઠાર્યા પછી લઈ લીધેલી પવિત્ર ભસ્મ તથા અસ્થિ એક તામ્રપાત્રમાં ભરીને તેને શ્રીરામકૃષ્ણની પથારીમાં મૂકવામાં આવી.

સંધ્યાસમયે શારદાદેવી શરીર પરથી અલંકારો એક પછી એક કાઢવા લાગ્યાં. છેવટે જ્યાં સોનાના કંકણ કાઢવા જાય છે, ત્યાં એકદમ શ્રીરામકૃષ્ણ પ્રગટ થયા અને શારદાદેવીનો હાથ પકડી રાખીને બોલ્યા, 'શું હું મરી ગયો છું, તે તમે સૌભાગ્યવતીનાં ચિહ્નો હાથમાંથી કાઢી નાખો છો ? હું તો એક ઓરડામાંથી હવે બીજા ઓરડામાં ગયો છું. બસ, એટલું જ !'

ત્યાર પછી શારદાદેવીએ એ કંકણ કોઈ દિવસ કાઢ્યાં નહી. ત્યારથી એ બે કડાં (ચિત્રોમાં તેમના હાથ પર જુઓ છો તે) અને બારીક લાલ કિનારની સફેદ સાડી હમેશાં પહેરતાં. સદાસુહાગિની શ્રીમતી શારદાદેવીના ઠાકુર શ્રીરામકૃષ્ણદેવ સદાવર્તમાન.

## વિશ્વમાતા

પરમહંસદેવે સ્વધામગમન કર્યું અને સાથે સાથે પોતે સૂક્ષ્મ શરીરે અહી જ છે એવો પરિચય આપતા ગયા. છતાં સ્થૂલ શરીરે તેમના મૃત્યુના આઘાતની અસર શારદાદેવી પર ક્યારેક ક્યારેક પ્રબળ થઈ આવતી. એટલે મનને શાંત કરવા શ્રીમા કેટલાંક ભક્ત સ્ત્રી-પુરુષોને લઈને તીર્થયાત્રાઓ નીકળ્યાં. એ વખતે શ્રીમાનું વય તેત્રીસ વરસનું હતું. લગભગ વરસ એક વૃંદાવનમાં ગાળ્યું. વચ્ચે હરદ્વાર તથા જયપુરના ગોવિંદજીનાં દર્શન કરી આવ્યાં.પછી પાછાં કલકત્તા થઈને કામારપુકુરમાં આવ્યાં.

હવેથી તેમના કષ્ટપૂર્ણ અને તપસ્વી જીવનનો આરંભ થયો. કામારપુકુરના ઘરમાં બીજું કોઈ નહોતું. કારણ કે ભત્રીજો રામલાલ દક્ષિણેશ્વરના કાલીમંદિરમાં પૂજારી હતો એટલે એ ત્યાં રહેતો. તેની મા વગેરે (શારદાદેવીના વચેટ જેઠાણી તથા તેમનો પરિવાર) તેની સાથે દક્ષિણેશ્વરમાં રહેતાં. એટલે અહી કામારપુકુરના ઘરમાં શ્રીમાને સંગાથ આપવાવાળું કોઈ નહોતું. એને તેમને બહુ જ એકલું લાગતું. પરંતુ અહીં તેમને અવારનવાર પરમહંસદેવ શ્રીરામકૃષ્ણનાં દર્શન થતાં. એ અરસામાં જ એક દિવસ શ્રીરામકૃષ્ણે દર્શન દઈને કહ્યું : 'કામારપુકુરમાં રહેજો, ઘરના ફળિયાની ખાલી જગામાં શાક-પાંદડું વાવજો. એ શાક-ભાત ખાજો અને હરિનામ લેજો.' ભત્રીજા રામલાલે એ વખતે તેમને કંઈ પણ મદદ કરવાનું તો દૂર રહ્યું, પણ વૃંદાવનની યાત્રાએ ગયાં એ દરમિયાનમાં

કાલીમંદિરના ખજાનચીને તેણે એવું સમજાવ્યું કે : 'કાકી (શ્રીમા)ને તો ભક્તો પાસેથી ઘણુંય મળે છે.' પરિણામે શ્રીરામકૃષ્ણના પૂજારીપદના પગારના જે સાત રૂપિયા ચાલુ રાખીને શ્રીમાને આપવામાં આવતા, તે બંધ કરવામાં આવ્યા. કેટલાક ભક્તોને એ ખબર પડતાં તેમણે આપસમાં ઠરાવ્યું કે ગુરુપત્ની તરીકે માતાજીને મહિને દસ રૂપિયા એકઠાં કરીને આપવા. પરંતુ એ ઠરાવમાં જ રહ્યું. એનો અમલ ન થયો. એ અરસામાં માતાજીના એવા દિવસો ગયા છે કે ભાતમાં ભેળવીને ખાવા ઘરમાં મીઠું ન મળે ! આમ કષ્ટમય દિવસો નીકળવા લાગ્યા, પરંતુ મન વધુ ને વધુ સાધનાપરાયણ થવા લાગ્યું. અને શ્રીમા દિવસનો મોટો ભાગ જપ-ધ્યાનમાં વિતાવતાં.

સમયના જવા સાથે પરમહંસદેવના ભક્તોને માતાજીનો ખ્યાલ આવવા લાગ્યો અને કલકત્તાથી કેટલાક ભક્તોનાં અતિ આગ્રહભર્યાં તેડાં આવવા લાગ્યાં. એટલે શ્રીમા કલકત્તા આવીને ભક્ત બલરામબાબુને ઘેર આવીને રહ્યાં. ત્યાં એક દિવસ અગાસી ઉપર માતાજી ધ્યાન કરતાં કરતાં સમાધિસ્થ થઈ ગયાં. વ્યુત્થાનમાં આવ્યા પછી બોલ્યાં કે 'જોયું કે કયાંય ચાલી ગઈ છું. ત્યાંના બધાં મારી કેટલી આગતા-સ્વાગતા કરી રહ્યાં છે. મારું સ્વરૂપ પણ અતિશય સુંદર થઇ ગયું છે. ઠાકુર (શ્રીરામકૃષ્ણ) ત્યાં જ રહેલા છે. મારું સ્વાગત કરીને મને તેમની બાજુમાં બેસાડી. એ વખતના આનંદનું વર્ણન હું કરી શકતી નથી. થોડુંક ભાન આવતાં મેં જોયું કે આ શરીર અહીં પડેલું છે. ત્યારે વિચાર આવ્યો કે આવા ગંદા શરીરમાં કઈ રીતે પ્રવેશ કરવો ? એની અંદર પ્રવેશ કરવાની જરાય ઇચ્છા થતી નહોતી. કેટલીય વારની મનની આનાકાની પછી એમાં પ્રવેશ કરી શકી, અને આ શરીરમાં ચેતના આવી.'

ત્યાર પછી થોડા દિવસોમાં ભક્તોએ નીલાંબર બાબુનું મકાન ભાડે લીધું અને માતાજીને ત્યાં રાખ્યાં. ત્યાં છએક માસ રહ્યાં. એ મકાનમાં રહેતાં ત્યારે એક દિવસે શ્રીમા નિર્વિકલ્પ સમાધિમાં ચાલ્યા ગયેલાં. એ અવસ્થામાંથી સહેજ નીચી ભૂમિએ આવતાં બોલી ઊઠ્યાં : 'અરે યોગેન, મારા હાથ ક્યાં ? પગ ક્યાં ?' યોગીનમાએ તેમના હાથપગ દાબી દાબીને દેખાડ્યા કે : 'આ રહ્યાં તમારાં પગ, આ રહ્યા તમારા હાથ.' છતાંય તે દિવસે માતાજીને દેહભાન પાછું આવતાં બહુ જ સમય લાગેલો.

માતાજી કહેતાં કે 'એ દિવસોમાં મને દિવ્ય દર્શનો થતાં, મન જ્યોતિમાં

લીન થતું. જો બેચાર દિવસ વધારે એ ભાવ રહ્યો હોત, તો શરીર ટકત નહી.'

અહીં જ એક વખતે શ્રીમાએ પંચતપા કરેલ. એ ઘટના આ પ્રમાણે : પરમહંસદેવના અંતર્ધાન થયા પછી શ્રીમા જ્યારે કાશીયાત્રાએ ગયેલાં ત્યારે એક ભૈરવી તેમની પાસે આવતી; એ જાતજાતનાં વ્રત-અનુષ્ઠાનોમાં કુશળ હતી. માતાજીની માનસિક અવસ્થા જોઈને તેણે એક દિવસે સલાહ આપી કે, 'શોકનિવારણ માટે તમે પંચતપા કરો.' આ સાંભળીને માતાજીને એમ થવા લાગ્યું કે કઠોર તપ કરવાથી મનની અંદરનો શોકાગ્નિ ઓછો થઈ જશે. વળી જાણે કે શ્રીરામકૃષ્ણના શબ્દો પણ કાનમાં સંભળાવા લાગ્યા કે 'તમારે હજી જીવતાં રહેવાનું છે !'

એ પછી શ્રીમા યાત્રાએથી પાછાં કામારપુકુર આવ્યાં. ત્યાં તેઓ રોજ દેખતાં કે માથે રૂક્ષ કેશ, ગળામાં રુદ્રાક્ષની માળા અને અંગે ભગવા વસ્ત્રધારી એક બારેક વરસની કન્યા તેમની આગળ-પાછળ કવચિત્ સાથે ફર્યા કરે છે. વળી એક જટા તથા દાઢી મૂછવાળા સુવર્ણવર્ણ પ્રશાંત સંન્યાસીનાં દર્શન ઘણી વાર થતાં. તેણે પણ વારંવાર કહેવા માંડ્યું : 'પંચતપા કરો.'

એ વખતે તો માતાજીએ એ પર ખાસ ધ્યાન નહી આપેલું, પરંતુ નીલાંબર બાબુના મકાનમાં રહેતી વખતે એ અચાનક સ્ફુરી આવ્યું. એટલે તે વિષે તેમણે પોતાનાં સાથીદાર યોગીનમાને પૂછ્યું. તેમણે કહ્યું કે 'છ છ ફૂટને અંતરે ગાયના છાણથી લીપીને એક મોટો ચતુષ્કોણ તૈયાર કરવો. તેના પર રંગોળી કરીને સુશોભિત કરવો. પછી તેના ચારે ખૂણે અડાયાં છાણાંના ચાર અગ્નિ સળગાવવા અને ગ્રીષ્મકાળનો સૂર્ય હોય ત્યારે સવારમાં ગંગા સ્નાન કરીને તેની વચમાં બેસી જવું, તે ઠેઠ સંધ્યાકાળ સુધી. આને પંચાગ્નિ તપ કહે છે.' માતાજીએ એ અનુષ્ઠાન કરવાનું ઠરાવ્યું અને એક પછી એક સાત દિવસ સુધી ભરઉનાળામાં એ તપ કર્યું. બાજુમાં યોગીનમા પણ બેસતાં. એ તપને પરિણામે માતાજીનું શરીર સાવ રૂક્ષ થઈ ગયું. પરંતુ હૃદયમાં એમને પરમશાંતિનો અનુભવ થયો. ચહેરો માત્ર તપની જ્યોતિથી તેજસ્વી દેખાતો. નવાઈ જેવું કે પેલી ભગવા વસ્ત્રધારી કિશોરી સંન્યાસિની તથા વૃદ્ધ સંન્યાસી પણ ત્યાર પછી દેખાતાં બંધ થઈ ગયાં.

આ દિવસોમાં જ એક દિવસ માતાજીને એક અદ્ભુત દિવ્ય દર્શન થયેલું. તેમણે જોયું કે પરમહંસદેવ ચાલ્યા આવીને ગંગામાં ઊતર્યા તથા તેમની પાછળ

પાછળ સ્વામી વિવેકાનંદ વગેરે તેમના સંન્યાસી શિષ્યો પણ આવ્યા. પરમહંસદેવનો દેહ ગંગાના જળમાં ઓગળી ગયો અને સ્વામી વિવેકાનંદ એ ગંગાજળ લઈને ખોબા ભરી ભરીને આજુબાજુ અસંખ્ય લોકો પર 'જય શ્રીરામકૃષ્ણ' 'જય શ્રીરામકૃષ્ણ' એમ બોલીને છાંટી રહ્યા છે તેમજ એ લોકોના ચિત્તમાંથી પાપ દૂર થતાં જાય છે. એ દિવ્યદર્શને માતાજીના મન પર એટલી બધી અસર કરેલી કે કેટલાય દિવસ સુધી તો માતાજી ગંગામાં પગ મૂકી શકતાં નહી. કહેતા કે 'એ ઠાકુરનો દેહ, એમાં પગ શી રીતે મૂકું !'

એ ઉપરાંત તીર્થયાત્રા તથા બીજી અનેક જાતની તપસ્યાને પરિણામે અધ્યાત્મ માર્ગની આંટીઘૂંટીઓ બરાબર જાણીને ભવિષ્યમાં શ્રીમાએ જે આધ્યાત્મિક નેતૃત્વ સંભાળવાનું હતું, એ માટે તૈયાર થયાં અને પરમહંસદેવે આરંભેલા લોકકલ્યાણના મહાન કાર્યનો ભાર સંભાળી લેવાને સમર્થ થયાં.

## તીર્થયાત્રા અને શ્રીરામકૃષ્ણ સંઘ માટે પ્રાર્થના

સને ૧૮૮૮ માં માતાજી ફરી પાછા યાત્રાએ નીકળ્યાં. વિષ્ણુતીર્થ ગયાની યાત્રા કરી. ભગવાન બુદ્ધને જ્યાં પરમજ્ઞાન પ્રાપ્ત થયું હતું તે બોધિગયાની યાત્રા પણ કરી. બોધિગયામાં માતાજીએ એક મઠ જોયો. મઠમાં સાધુઓ સુખપૂર્વક રહેતા હતા એ જોઈને માતાજી રાજી થયાં. સાધુઓની બધી જ જરૂરિયાતો અહી સંતોષાતી હતી. જ્યારે શ્રીરામકૃષ્ણદેવના ત્યાગી શિષ્યો પરિવ્રાજકો બની અહી તહી ભટકતા રહેતા હતા. શ્રીશારદાદેવીનું - માનું હૃદય પોતાનાં ત્યાગી સંતાનોની સ્થિતિ જોઈ દ્રવી ઊઠ્યું. યાત્રાએથી પાછા ફર્યાં પછી કહે : 'હું બોધિગયાનો મઠ જોવા ગઈ હતી. મઠમાં જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ હતી. મઠના સાધુઓને ધનના અભાવે અગવડ વેઠવી પડતી ન હતી. આ જોયા પછી હું ઠાકુરની છબી પાસે જઈને રડતી ને પ્રાર્થના કરતી : ''હે દેવ ! મારાં બાળકોને માથું મૂકવાય ક્યાંય સ્થાન નથી. માંડ માંડ પેટપૂરતું ખાવાનું મળે છે. કોળિયો ધાન મેળવવા માટે એમને આંગણે આંગણે ભટકવું પડે છે. એમને માટેય આવું કોઈ સ્થાન આપો, દેવ !'' છેવટે શ્રીરામકૃષ્ણદેવની કૃપાથી બેલુરમઠ સ્થપાયો.'

## વિવેકાનંદને આશીર્વાદ

શ્રીરામકૃષ્ણદેવના પ્રમુખ શિષ્ય નરેન્દ્રનાથ, સ્વામી વિવેકાનંદ થયા. ઠાકુરની મહાસમાધિ પછી, વિવેકાનંદે મોટા ભાગે પગપાળા, સમગ્ર ભારતવર્ષની યાત્રા કરી. દેશના ગરીબો અને શ્રીમંતોને મળ્યા. ભમતાં ભમતાં ભારતના દક્ષિણ છેડે કન્યાકુમારી પહોંચ્યા. અહીં બેસીને પરિભ્રમણ દરમિયાન જે અનુભવો થયા હતા તે વિષે ખૂબ ચિંતન કર્યું. ચિંતનને અંતે નિર્ણય લીધો કે પશ્ચિમનાં દેશોમાં જવું. ભારતવર્ષને જાગ્રત કરવો. જો પશ્ચિમનાં દેશો ભારતીય દર્શનની મહત્તા સ્વીકારશે તો જ આ જાગૃતિ શક્ય બનશે.

૧૮૯૩ ની શરૂઆતમાં તો અમેરિકા જવાનું નક્કી જ કરી નાખ્યું. પણ મનમાં એક પ્રશ્ન ઘોળાતો હતો : 'હું અમેરિકા તો જાઉં છું પણ ઈશ્વરની શી ઈચ્છા છે ?' એકવાર શ્રીરામકૃષ્ણદેવનાં દર્શન થયાં. એમને લાગ્યું : 'શ્રીરામકૃષ્ણદેવ તો સંમત હોય એવું લાગે છે. પણ એ વાતની ખાતરી શી ? હા, માતાજી કલકત્તામાં જ છે. એમને જ લખીને પુછાવી જોઉં.' વિવેકાનંદે માતાજીને પત્ર લખીને આશીર્વાદ માગ્યા.

શારદાદેવી તો અમેરિકા વિશે કશુંય જાણતાં ન હતાં. વિવેકાનંદ આ વખતે ત્રીસ વર્ષના યુવા સાધુ, ને પાસે ફૂટી કોડીય ન મળે. પણ માતાજીને લાગ્યું કે વિવેકાનંદ અમેરિકા જાય એ નિર્વિવાદપણે કોઈ દૈવી સંકેત છે. વિવેકાનંદ સફળ થશે જ એવી માતાજીને સંપૂર્ણ શ્રદ્ધા હતી. એટલે તેમણે પોતાના અંતરના આશીર્વાદ પાઠવ્યા.

સ્વામીજીના બધા સંશયો દૂર થઈ ગયા. કહે : 'હવે વિચારવાનું કેવું ? મારે નીકળવું જ જોઈએ.' અને ૧૮૯૩ ના સપ્ટેમ્બર મહિનામાં શિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લઈ સ્વામીજીએ સમગ્ર જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધું.

## બેલુર મઠમાં માતાજી

સ્વામી વિવેકાનંદે પશ્ચિમના દેશોમાં હિન્દુધર્મના વિજય-પતાકા ફરકાવીને ૧૮૯૭ માં ભારત પાછા ફર્યા. હવે શ્રીરામકૃષ્ણ સંઘનો એક મઠ સ્થાપવા તરફ

એમણે બધું લક્ષ્ય કેન્દ્રિત કર્યું. કલકત્તાની નજીક ગંગા કિનારે બેલુર નામના ગામમાં જમીન ખરીદી. અને ૯મી ડિસેમ્બર, ૧૮૯૮ ના દિવસે સુપ્રસિદ્ધ બેલુરમઠનો સમર્પણવિધિ સ્વામીજીએ કર્યો.

ભગિની નિવેદિતા અને સ્વામીજીના કેટલાક વિદેશી શિષ્યો સાથે ૧૮૯૯ માં માતાજી બેલુર મઠમાં આવ્યાં. માતાજીએ મઠની ભૂમિ ઉપર પગ મૂક્યો એટલે સ્વામીજીએ ભક્તિભાવપૂર્વક એમનો સત્કાર કર્યો. માતાજીએ જાતે જ થોડી જગ્યા સાફ કરીને ત્યાં બેસી શ્રીરામકૃષ્ણદેવની પૂજા કરી. માતાજીના જીવનનો આ પરમ આનંદનો અવસર હતો. સ્વામીજીએ કહ્યું : 'મા, આ હવે આપનું જ ઘર છે. આપ અહીં જ રહો અને નિરાંતે હરોફરો.'

મઠ જે સ્થળે સ્થાપવામાં આવ્યો છે એ સ્થળ વિશે માતાજી કહેતાં : 'આ જમીન ખરીદી એ પહેલાથી જ મને લાગતું હતું કે શ્રીરામકૃષ્ણદેવ આ સ્થળે જ વસે છે.' પછી ખૂબ આનંદપૂર્વક કહે : 'હવે મારાં બાળકો માટે માથું મૂકવાની જગ્યા થઈ. આખરે ઠાકુરની કૃપા એમના ઉપર ઊતરી ખરી.'

## નિવેદિતાની શાળાની મુલાકાતે

ભગિની નિવેદિતા, કુમારી માર્ગારેટ નોબલ નામનાં એક આઈરીશ સન્નારી સ્વામીજીનાં શિષ્યા હતાં. ૧૮૯૮ માં, સ્વામીજીની આજ્ઞાથી એ ભારત આવ્યાં. સ્વામીજીએ એમને ભારતીયજનોની અને ખાસ કરીને ભારતીય મહિલાઓની સેવા કરવાનો આદેશ આપ્યો. ઉત્તર કલકત્તાના બાગબજાર વિસ્તારમાં એક કન્યાશાળા શરૂ કરવી એવી એમની ઇચ્છા હતી. એ દિવસોમાં કન્યાઓ જવલ્લે જ ભણવા જતી પણ સ્વામીજીની ઇચ્છા હતી કે ભારતીય સ્ત્રી પણ પુરુષ જેટલી જ શિક્ષિત બને. એટલે એમણે ભગિની નિવેદિતાને એક કન્યાશાળા શરૂ કરવા આજ્ઞા કરી.

ઉત્તર કલકત્તામાં બોઝપરા શેરીમાં ભગિની નિવેદિતાએ એક મકાન ભાડે લીધું ને માતાજીને આ કન્યાશાળાનું ઉદ્દઘાટન કરવા વિનંતી કરી. ૧૨ નવેમ્બર, ૧૮૯૮ ની સાંજે સ્વામી વિવેકાનંદ, બ્રહ્માનંદ અને શારદાનંદની સાથે માતાજી ઉદ્દઘાટન કરવા પધાર્યાં.

માતાજીએ અહીં શ્રીરામકૃષ્ણદેવની પૂજા કરી, શાળાનું ઉદ્દઘાટન કર્યું.

આમ આ દિવસે ભારતના કન્યા કેળવણીનાં ઈતિહાસનું એક મહત્ત્વનું પ્રકરણ લખાયું !

## ભક્ત જનની

શારદાદેવી બધાં જ ભક્તોનાં મા બનીને રહ્યાં. માતા જેમ બાળકની સંભાળ લે એમ માતાજી બધાં ભક્તોની સાર-સંભાળ લેતાં, બધાનાં સુખ દુઃખની ચિંતા કરતાં ને બધાં પર અપાર વાત્સલ્ય વરસાવતાં. કેટકેટલા ભક્તો માતાજીના દર્શન કરવા જયરામવાટી જતાં. તેમને બધાને પરમ આધ્યાત્મિક શાંતિનો અનુભવ થતો. શારદાદેવી હવે બધાનાં માતા અને ગુરુ બન્યાં. બધાની જરૂરિયાતોની તેઓ કાળજી રાખતાં.

એકવાર પ્રખર નાટ્યકાર અને શ્રીરામકૃષ્ણદેવના શિષ્ય ગિરીશચંદ્ર ઘોષ, માતાજીનાં દર્શને જયરામવાટી ગયા. ગિરીશબાબુએ જોયું કે રોજ રાત્રે એમની પથારી ઉપર સ્વચ્છ ઓછાડ પાથરવામાં આવે છે. એમને ભારે આશ્ચર્ય થયું. એમણે તપાસ કરી તો જોયું કે ખુદ માતાજી જ રોજ ગામનાં તળાવે જતાં ને ઓછાડ તથા ઓશિકાના ગલેફને ધોઈ આવતાં.

શિષ્યો જમી લે પછી કોઈનેય પોતાની પાતળ તેઓ ઉપાડવા દેતાં નહી. આ બાબતમાં કોઈનોય વિરોધ ચાલતો નહી. માતાજી કહેતાં : 'અરે, હું તમારી મા છું. જો મા બાળકોની સંભાળ નહી રાખે તો પછી રાખશે કોણ?'

કોઈ શિષ્ય જયરામવાટીથી વિદાય થાય ત્યારે માતાજી ઉંબરે ઊભાં રહેતાં ને ક્યાંય સુધી દૂર દૂર જતાં બળદગાડાને જોઈ રહેતાં. ગાડું દેખાતું બંધ થાય ત્યાં સુધી ઉબરે ઊભાં રહેતાં અને તેમની આંખમાં આંસુનાં તોરણ બંધાતાં. શિષ્યોનેય લાગતું કે તેઓ જાણે પોતાની જ માથી છૂટા પડે છે !

## માતાજીનું ઘર

માતાજીનાં શિષ્યોની સંખ્યા ખૂબ વધી ગઈ. કલકત્તાથી જયરામવાટી પહોંચવું સહેલું નહોતું. ૭૦ માઈલનો પ્રવાસ કાં તો પગપાળા કરવો પડતો,

અથવા બળદગાડામાં કરવો પડતો. રસ્તામાં ત્રણ તો નદીઓ પાર કરવી પડતી. આ સિવાય બીજા રસ્તે ૧૫૦ માઈલ રેલગાડીમાં પ્રવાસ કર્યા પછી ૨૬ માઈલ ચાલવું પડતું. ઘણાં ભક્તોને આ પ્રવાસ વિકટ લાગતો. આટલો પ્રવાસ કરીને જયરામવાટી પહોંચે તો માતાજી કાં તો રાંધતાં હોય, બધાંને જમાડતાં હોય કે વાસણ સાફ કરતાં હોય !

બધાને થતું કે માતાજી કલકત્તામાં જ રહે તો કેવું સારું ! પણ કલકત્તામાં માતાજી ક્યાં રહે એ પ્રશ્ન હતો. માતાજીને પોતાનાં અતિથિ બનાવીને રાખવા તો ઘણાં તૈયાર હતા. પણ માતાજીનાં અંતેવાસીઓનું શું ?

શ્રીરામકૃષ્ણદેવના શિષ્ય સ્વામી સારદાનંદે આનો ઉપાય શોધી કાઢ્યો. એમણે થોડું ઘણું દાન મેળવ્યું, થોડી રકમ ઉછીની લીધી અને છેવટે ઉત્તર કલકત્તામાં બે માળનું એક નાનું મકાન બંધાવ્યું. મકાનની અગાશીમાંથી ગંગાનાં દર્શન થતાં હતાં. માતાજીને ગંગાસ્નાન બહુ ગમતું.

૨૩ મે, ૧૯૦૯ ના દિવસે માતાજીએ આ મકાનમાં પ્રવેશ કર્યો. પહેલે માળે શ્રીરામકૃષ્ણદેવનું મંદિર કર્યું. સ્વામી સારદાનંદ જેને માતાજી 'શરદ' કહીને બોલાવતાં તેણે આ ઘરમાં માતાજીનું ભક્તિભાવભર્યું સ્વાગત કર્યું. આમ હવે માતાજીનું સતત સાંન્નિધ્ય સાંપડશે અને માતાજી હવે સુખપૂર્વક કલકત્તામાં જ રહેશે એટલે બધાને ખૂબ આનંદ થયો.

## માતાજીનો ડાકુ-પુત્ર આમજાદ

જયરામવાટીની બાજુનાં ગામમાં રેશમનું વણાટકામ કરતા મુસલમાનોની મોટી વસ્તી હતી. પણ પરદેશથી રેશમી કાપડની આયાત થવા માંડી એટલે આ બધાનો ધંધો પડી ભાંગ્યો. પરિણામે મોટા ભાગના તો ચોર અને ડાકુ બની ગયા. જયરામવાટીમાં માતાજી મકાન બંધાવતાં હતાં ત્યારે કેટલાક મુસલમાનો પણ કામ કરવા આવતા. આ બધામાં આમજાદ નામનો એક ભયંકર ડાકુ પણ કામે આવતો. માતાજીએ આ આમજાદને એકવાર જમવા બોલાવ્યો. એ દિવસોમાં ચુસ્ત હિંદુઓ મુસલમાનોથી દૂર રહેતા. એટલે આમજાદ જમવા આવ્યો ત્યારે

માતાજીની ભત્રીજી નલિનીએ એની પાતળમાં ઊંચેથી ખાવાનું પીરસ્યું. માતાજી આ જોઈ ગયાં એટલે નલિનીને કહે : 'જો કોઈને ઉપેક્ષાથી જમાડીએ તો જમનાર જેમ કેવી રીતે ? હવે તું રહેવા દે. આમજાદને હું જ પીરસીને જમાડીશ.'

આમજાદે જમી લીધું એટલે માતાજીએ જાતે જ એ જગ્યા સાફ કરી. નલિનીએ આ જોયું એટલે એની તો રાડ ફાટી ગઇ : 'ફઈબા, તમારી જાત ગઇ !' માતાજી એને ઠપકો આપતાં બોલ્યાં : 'બસ, હવે રાડો પાડ મા. શરદ જેવો મારો દીકરો છે, આમજાદ પણ મારો જ દીકરો છે.' શરદ એટલે શ્રીરામકૃષ્ણદેવના સંન્યાસી શિષ્ય સ્વામી સારદાનંદ અને આમજાદ એટલે લૂંટારો ! પણ 'મા'ના તો બંને દીકરાઓ જ હતા !

## વિષ્ણુપુરનો હમાલ

માતાજી વિશે જેમ જેમ લોકો જાણતા ગયા તેમ તેમ માતાજીનાં દર્શને લોકો દૂર દૂરથી આવવા લાગ્યા. સામાન્ય ને અભણ લોકો પણ માતાજીની પવિત્રતાથી પ્રભાવિત થતા. આ બધામાં વિષ્ણુપુરનો એક હમાલ પણ હતો.

એકવાર કલકત્તા જતાં, માતાજી વિષ્ણુપુરનાં સ્ટેશને ટ્રેઈનની રાહ જોતાં હતાં, એવામાં એક હમાલ તેમની પાસે આવ્યો. આ હમાલ બંગાળી ન હતો. એ રામ-સીતાનો ભક્ત હતો. આ હમાલ માતાજીનાં ચરણે પડ્યો ને કહેવા લાગ્યો : 'મા, તમે જ માતા જાનકી છો. કેટલાય વખતથી હું આપનાં દર્શન ઝંખતો હતો. હું ભાગ્યશાળી છું કે આપનાં દર્શન થયાં.' આમ કહેતાં કહેતાં તો હમાલની આંખમાંથી ચોધાર આંસુ વરસવા લાગ્યાં.

માતાજી આ હમાલની સાચી ભક્તિ ઓળખી ગયાં. માતાજીએ હમાલને આશીર્વાદ આપીને કહ્યું : 'જો, હવે રડ નહીં. જા, ક્યાંકથી ફૂલ લઇ આવ. હું જ તને દીક્ષા આપીશ. તારું મન શાંત થઈ જશે.'

હમાલ ફૂલ લઈ આવ્યો. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર જ માતાજીએ એને મંત્રદીક્ષા આપી. હમાલ સ્વસ્થ થઇને પોતાના કામે ગયો.

## વિદેશનાં ભક્તો સાથે

જુદી જુદી અનેક પ્રકૃતિનાં માણસો સાથે ભાતાજી હળતાં મળતાં. માતાજીને મન તો બધાં એમનાં પોતાનાં સંતાનો હતાં. એમને મન કોઈ અજાણ્યું ન હતું. કોઈ અપરિચિત ન હતું. સ્વામી વિવેકાનંદ પશ્ચિમના દેશોમાં જઈ આવ્યા પછી એમના કેટલાક પાશ્ચાત્ય અનુયાયીઓ પણ ભારતમાં આવવા લાગ્યા. આમાંથી મોટાભાગના અનુયાયીઓ માતાજીનાં દર્શને પણ આવતા. માતાજી સાથેની તેમની મુલાકાતનું ઘણાએ લાગણીભીનું વર્ણન આપ્યું છે.

સ્વામી વિવેકાનંદનાં એક અમેરિકન ભક્ત કુમારી જોસેફીન મેકલીઓડ તો માતાજીને ઘણીવાર મળતાં. એક દિવસ સાંજે કલકત્તામાં માતાજીનાં દર્શન કરી એ બેલુર મઠ પહોંચ્યાં. કોઈ બ્રહ્મચારી બેલુર મઠમાં કુમારી જોસેફીનને એના ઓરડા તરફ દોરી જતા હતા. પણ જોસેફીન તો કોઈ ઊંડા વિચારમાં પડી ગયાં હતાં ને ધીમે ધીમે એક જ વાત રટતાં હતાં : 'મને દર્શન થયાં.... મને દર્શન થયાં.' પેલા બ્રહ્મચારીને પણ કહેવા લાગ્યાં : 'મને માતાજીનાં દર્શન થયાં.' જોસેફીનના શબ્દોથી પેલા બ્રહ્મચારી ખૂબ પ્રભાવિત થયા.

ભગિની નિવેદિતા માતાજીના ઘનિષ્ઠ સંપર્કમાં આવેલાં. એમણે માતાજી વિશે લખ્યું છે : 'માતાજી તો માધુર્યમૂર્તિ છે. કેવાં નમ્ર, કેવાં પ્રેમાળ, અને સાવ નાની બાલિકા જેવાં સરળ !' માતાજીનાં હૃદયમાંથી નિરંતર ઊભરાતું વાત્સલ્ય કોઈ દેશ કે કોઈ ભાષાના સીમાડામાં બંધિયાર ન હતું. પાશ્ચાત્ય મહિલાઓ પણ જ્યારે માતાજીને મળતી ત્યારે આપોઆપ એમના મનમાં મમતા જન્મતી અને માતાના ચરણે નાની બાલિકાઓ રમતી હોય એવા ભાવ અનુભવતી.

## જગત્ જનની

સસરાના નાના ઘરના, ભાઈઓમાં અંદરોઅંદર ભાગ પડી ગયા. વળી ગામમાં મૂર્ખ લોકોની અકારણ ટીકાઓ તથા કુટુંબકલેશ વગેરેને કારણે કામારપુકુરમાં રહેવાનું 'મા'ને આકર્ષણ રહ્યું નહોતું. એટલે માતાજીનો નિવાસ જયરામવાટી અને કલકત્તામાં વહેંચાઈ જતો. તેમાંય કલકત્તામાં માતાજીનો નિવાસ હોય ત્યારે લોકોને તેમની પાસે જવું વધુ અનુકૂળ પડતું. ભારતના દૂર

દૂરના પ્રાંતોમાંથી જ નહી પરંતુ અમેરિકા, ઈંગ્લેન્ડથી પણ નરનારીઓ દર્શનાર્થે તથા દીક્ષા લેવા માટે આવતાં. એટલે પ્રથમ માતાજીના કલકત્તા નિવાસનું એક રોજિંદું ચિત્ર રજૂ કરીશું.

શ્રીમા દક્ષિણેશ્વરમાં રહેતાં ત્યારથી સવારના ત્રણ વાગ્યે વહેલા બ્રાહ્મમૂહૂર્તમાં ઊઠવાની ટેવ પડી ગયેલી, તે આખી જિંદગી સુધી ટકેલી. શરીર સારું ન હોય તો પણ ત્રણ વાગ્યે ઊઠીને હાથમોઢું ધોઈને પથારીમાં પડ્યાં પડ્યાં હરિનામ સ્મરણ કરતાં. શરીર સારું હોય ત્યારે શય્યાત્યાગ કરીને સૌથી પ્રથમ શ્રીરામકૃષ્ણની છબીનાં દર્શન કરતાં. ઊઠતી વખતે ઈશ્વરનાં નામોના ઉચ્ચાર કરતાં, ત્યાર પછી શૌચ-સ્નાન વગેરે પ્રાતઃકર્મ પતાવીને દેવ જગાડતાં. એ વખતે ક્યારેક વળી સૂર કાઢીને ગાતાં :

'ઊઠો લાલજી, ભોર ભયો સુર-નર-મુનિ-હિતકારી;
સ્નાન કરો, દાન દેહું, ગો-ગજ-કનક-સુપારી.'

પછી દેવતાને ધૂપ તથા બાલ્યભોગ ધરાવીને પોતે જપ તથા ધ્યાન કરવા બેસતાં.

સવાર સુધી જપ-ધ્યાન કરીને પછી પૂજા માટેનાં ફૂલ ગોઠવીને થાળમાં મૂકવાં, બીલીનાં પાન, તુલસીદળ ધોવાં, કોઇ ઘસી આપનારું ન હોય ત્યારે ચંદન ઘસવું તથા પૂજાની અન્ય સામગ્રીઓ તૈયાર કરી રાખવી વગેરે કામ કરતાં.

પછી આઠેક વાગ્યે મા પૂજામાં બેસતાં. કલાકેક પૂજા કરીને નૈવેદ્ય ધરાવીને પછી ભક્તોને પ્રસાદ વહેંચવા માટે પતરાળીઓના ટુકડા નાના કરીને તેમાં પ્રસાદનાં ફળ, મીઠાઇ વગેરે ગોઠવીને એકેએક સૌને પ્રસાદ આપતાં. તેમની પ્રસાદ વહેંચણીમાં ઘણી વખત એવું જોવામાં આવતું કે પ્રસાદ લેનારને ગમતું ફળ કે મીઠાઇનો ટુકડો તેનાં પાંદડાંમાં હોવાનો. ત્યાર પછી જમવાની ઘંટી પડે ત્યાં સુધી ખાસ અંગત અને બહુ જ પરિચિત ભક્તો મા પાસે બેસીને સાધના સંબંધે અથવા શ્રીરામકૃષ્ણના જીવનની હકીકતો વિષે પૂછતાં, અને મા સાદી વાતોમાં તેમના ઉત્તર આપતાં, તથા કવચિત્ અન્ય વ્યાવહારિક બાબતોની સૂચનાઓ પણ આપતાં.

બપોરે જમ્યા પછી આરામ લેવા માટે મા પથારીમાં આડાં પડતાં પણ ઊંઘવાનું ઓછું જ બનતું. કારણ કે એ વખતે પોતપોતાનાં ઘરકામથી પરવારેલી

સ્ત્રીભક્તો આવતી. તેમને પાછું ચાર સાડાચાર વાગતામાં ઘેર પહોંચી જવાનું હોય, એટલે એ વખતે મા બિછાનામાં પડ્યાં પડ્યાં જ સૌની સાથે વાતો કરતાં.

સાડા ત્રણ વાગે એટલે મા ઊઠીને પોતાનાં વસ્ત્રો ધોઈ આવતાં, પછી હાથપગ ધોઈને દેવ જગાડતાં. ત્યાં તો બીજી સ્ત્રીભક્તો આવવા લાગતી. મા પોતે માળા લઈને જપ કરવા બેસતાં. કવચિત્ કોઈકના પ્રશ્નનો ખુલાસો કરતાં.

સાડા પાંચ વાગ્યે પુરુષ ભક્તોને માનાં દર્શન માટે બોલાવવામાં આવતા. એ વખતે મા વસ્ત્ર વડે આખું શરીર ઢાંકીને પાટ પર બેસતાં, પગ નીચે ખુલ્લા અને ઝૂલતા રાખતાં. એ વખતે સ્ત્રીભક્તોને ત્યાંથી ચાલ્યું જવું પડતું.

પ્રણામ કરતી વખતે કોઈ કોઈ ભક્તોએ પૂછેલા 'મા, કેમ છો ?' વગેરે કુશળ પ્રશ્નોના ઉત્તર ઘણે ભાગે માથું હલાવીને આપતાં અથવા સાવ ધીમે સાદે એકબે શબ્દોમાં આપતાં. જે ભક્તને ખાસ કંઈક અંગત પૂછવાનું હોય તે સૌથી છેલ્લા રહેતા. ત્યારે જો તે ભક્ત બહુ પરિચિત હોય તો મા પોતે ધીમે અવાજે વાત કરતાં અને જો અપરિચિત હોય તો મા ધીમેથી જે બોલતાં તે બાજુમાં રહેલ સેવક મોટે અવાજે બોલી સંભળાવે.

સંધ્યાકાળ થાય એટલે મા પાછાં જપ કરવા બેસતાં. જપ પૂરો કર્યા પછીથી તે છેક દેવતાને રાત્રિનો ભોગ ધરવાનો સમય થાય ત્યાં સુધી જમીન પર ચટાઈ જેવું કંઈક પાથરીને આરામ કરતાં. માને વાનું દરદ ઓછુંવત્તું હંમેશાં રહ્યા કરતું, એટલે એ વખતે કોઈક સ્ત્રીભક્ત વાનું તેલ માલિશ કરી આપતી. રાત્રે શ્રીરામકૃષ્ણદેવના ફોટાને ભોગ ધરાવીને શયન કરાવતાં દસનો સુમાર થઈ જતો. અને ભોજન કરીને સૂવા જતાં અગિયાર, ક્યારેક સાડાઅગિયાર પણ વાગી જતા.

શ્રીમા જ્યારે જયરામવાટીમાં હોય ત્યારે તેમની સાથે વાતચીતોનો તથા ઘર જેવા વાતાવરણનો સુયોગ કલકત્તા કરતાં વધારે મળતો. જયરામવાટીમાં હોય ત્યારે ભક્ત-સંતાનોના ઉતારાની તથા ખાવાપીવા વગેરેની વ્યવસ્થા મા પોતે જ કરતાં. સવારમાં જપધ્યાનથી નિવૃત્ત થાય એટલે સાત વાગ્યાથી તે નવ વાગ્યા સુધી ઓસરીમાં બેઠાં બેઠાં મા શાકભાજી સમારતાં હોય. એ વખતે તેમની સાથે નજીકમાં બેસીને વાતચીત કરવાનો પ્રસંગ મળતો. એ વખતે માનું સ્વરૂપ એવું તો સ્નેહમાધુર્યથી ભર્યું લાગતું કે જેઓને એક વાર એવી રીતે તેમના સાન્નિધ્યમાં બેસવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું તેઓ માનો નિવાસ કલકત્તામાં

હોય ત્યારે પત્ર દ્વારા પૂછાવતા કે, 'મા દેશમાં પાછાં ક્યારે પધારવાનાં છે ?'

નવેક વાગ્યે મા પોતાના ગામની બહારની નાની નદી 'આમોદર ગંગા'માં સ્નાન કરી આવીને પૂજામાં બેસતાં. અને પૂજા પૂરી થયે પ્રસાદ વહેંચતાં. ત્યાં પ્રસાદ તથા નાસ્તામાં સામાન્ય રીતે મમરા, પૌઆ, ગામડામાં બનતી કોઈક સાધારણ મીઠાઈ હોય, તો કેટલીક વખત વળી શીરો કરી આપતાં. કદીક વળી ગામડામાં મળતું ઋતુ પ્રમાણેનું ફળ-મૂળ કંઈક હોય, અથવા ભક્તો લાવ્યા હોય તે કંઈક હોય.

જયરામવાટીમાં રસોઈ ઘણી વાર મા પોતે જ કરતાં. તેમની રસોઈની એક વિશેષતા હતી કે મીઠું, મરચું, મસાલો વગેરે જરાક ઓછું હોય. પાકી કેરી સહેજ 'ખટુંબડી-મીઠી' માને વધુ પસંદ હતી. પોતાને ત્યાં આવેલાં ભક્ત-સંતાનોને જમાડીને ત્યાર પછી પોતે જમવા બેસતાં. કોઈ કોઈ વાર એવું બનતું કે કોઈક ભક્તને નજીકના ગામમાં કંઈક જરૂરી કામે મોકલ્યો છે અને કંઈક કારણસર સૂર્યાસ્ત થવા આવ્યો છતાં તે ભક્ત આવી પહોંચ્યો નથી. અહીયા શ્રીમા તેની વાટ જોતાં આખો દિવસ જમ્યા વગર બેસી રહ્યાં છે ! મા અંતરથી પોતાનાં ભક્ત-સંતાનો પર આવો ગાઢ સ્નેહ રાખવા છતાં બહારથી બધી બાબતમાં મલાજો, ગંભીરતા અને મર્યાદાપૂર્વક જ વર્તતાં. સામાન્ય રીતે સ્ત્રીભક્તોની હાજરીમાં પુરુષ ભક્તો રહે એ માને પસંદ નહોતું.

રામકૃષ્ણ સંઘના પ્રચાર અને પ્રસારની સાથે શ્રીમા પાસે વિવિધ દેશનાં, વિવિધ ધર્મોમાં જન્મેલાં અનેક નરનારીઓ દીક્ષા લઈને ધન્ય થવા માટે આવતાં. તેમાં માત્ર હિંદુ જ નહી, પરંતુ ખ્રિસ્તી, પારસી તેમ જ મુસલમાન ભક્તો સુદ્ધાં મા પાસેથી દીક્ષામંત્ર લઈને ઈશ્વરને માર્ગે આગળ વધ્યા છે. નવાઈ તો ત્યારે લાગતી કે મા પોતે ગામડાની બંગાળી સિવાય બીજી ભાષા બોલી શકતાં નહી, જ્યારે દીક્ષા લેવા આવનાર બંગાળી ભાષાથી તદ્દન અપરિચિત હોય, તામિલ, કે પોતાની પ્રાંત ભાષા સિવાય બીજી ભાષા જ ન જાણતો હોય ! પરંતુ દીક્ષા લેનારના શબ્દો પાછળનો ભાવ મા બરાબર સમજી જતાં અને પોતે બંગાળીમાં બોલવા છતાં માના કહેવાનો મર્મ શિષ્યને બરાબર હૃદયંગમ થતો. એ વિષે મા કહેતાં : 'કોણ સારું, કોણ ખરાબ, કોણ કેવું એ હું બધું જાણું.' દીક્ષા લેવા આવનારના મનની અંદરના સંસ્કારો માતાજીની પાસે કાચના કબાટની અંદરની વસ્તુ જેવા હતા.

ખૂબ સત્ત્વગુણી અંતઃકરણવાળી વ્યક્તિ જોઈને-પછી ભલે તેની ઉમર નાની હોય અને એ વ્યક્તિએ પોતે દીક્ષા માગી ન હોય, તો પણ ક્વચિત્ માતાજીએ પોતે જ પોતાની મેળે તેને દીક્ષા આપીને સાધનામાર્ગે ચડાવેલ છે. જ્યારે કોઈ કોઈ વાર તો દીક્ષા લેવા આવેલ વ્યક્તિની બહુ બહુ વિનંતી તથા બીજા પરિચિત ભક્તોની ભલામણોને અંગે ન છૂટકે માએ દીક્ષા આપી છે, અને પાછાં ઉપરથી બોલ્યાં છે : 'જપ, ધ્યાન, સાધન, ભજન કરતાં રહેજો; જોજો મને ડુબાડતાં નહી !'

પરંતુ જેનું સહાયક થવા આ દુનિયામાં કોઈ જ તૈયાર નહી એવી દુરાચારી, પાપી વ્યક્તિઓ અંતરના પસ્તાવાપૂર્વક જ્યારે મા પાસે આવીને રડી છે, ત્યારે તેમને તો માએ દીક્ષા પણ આપી છે અને ઉપર બોલ્યાં છે : 'તમારાં સર્વ પાપ મને આપી દો.'

વળી વહેવારનાં લફરાંમાં ગૂંચવાઈ પડીને જપધ્યાન નિયમિત ન કરી શકવાને લીધે ઢીલાં, ઉત્સાહરહિત તથા નિરાશ થઈ પડેલાં ભક્તસંતાનોને અભયદાન આપીને માએ કહ્યું છે : 'બીવું શાને ? હમેશાં યાદ રાખજો કે તમારી પાછળ એક મહાશક્તિ રહેલી છે !'

આમ એ મહાશક્તિનો શક્તિસંચાર કેટકેટલા વરસ સુધી એકધારો ચાલુ રહ્યો. અનેક લોકો આધ્યાત્મિક માર્ગે ચડ્યાં કેટલાય મુક્ત થયા, અસંખ્યને સંસારમાં શાંતિ સાંપડી.

પરંતુ અધ્યાત્મરાજ્યનો એ અવિચળ નિયમ છે કે દીક્ષા વખતે ગુરુની આધ્યાત્મિક શક્તિ શિષ્યમાં જાય અને શિષ્યનાં પાપ દીક્ષા દેનાર ગુરુમાં આવે. શ્રીમાએ તો શિષ્યોનાં પાપ ચાહીચાહીને ખોળો પાથરીને લીધેલાં. એ બધાં એમનાં શરીર પર રોગોરૂપે ભોગવતાં ગયાં. મંદવાડો એક પછી એક માતાજીના શરીરને ઘસતા ગયા અને દેહ જીર્ણશીર્ણ થતો ગયો. એમ લોકોને ઈશ્વરાભિમુખ કરવાના કલ્યાણયજ્ઞમાં હોમ કરતાં કરતાં જ્યારે શરીરમાં કંઈ જ ન રહ્યું ત્યારે માયાનાં સર્વ બંધન છોડી દીધાં. અને કોઈ પણ સગાંવહાલાંને પોતાની પાસે આવવાની કડક મનાઈ કરી દીધી. પોતાના ભક્તોના આધ્યાત્મિક કલ્યાણનો ભાર પોતાના અનન્ય પાર્ષદ સ્વામી સારદાનંદજીના હાથમાં સોંપીને શ્રીમા ઈ.સ.૧૯૨૦ ના જુલાઈની ૨૧ મી તારીખે મહાસમાધિમાં ભગવાન શ્રીરામકૃષ્ણદેવ સાથે મળી ગયાં.

આખા જીવન દરમ્યાન જે આદર્શનું પોતે પાલન કર્યું હતું તે જ આદર્શનો માનવજાતને સંદેશ આપતાં શ્રીમાનાં અંતિમ શબ્દો આ હતા :

'જો શાંતિ ઇચ્છતાં હો તો કોઈના દોષ જોતાં નહિ, દોષ જોજો પોતાના. જગતને પોતાનું કરી લેતાં શીખો. કોઈ પારકું નથી, જગત છે તમારું.'

બેલુર મઠમાં માતાજીના દેહનો જ્યાં અગ્નિસંસ્કાર થયો હતો એ સ્થળ ઉપર આજે એક શુભ્રસુંદર મંદિર ઊભું છે. હજારો યાત્રીઓ દર્શને આવે છે. માતાજીનું ચૈતન્ય સ્વરૂપ આ મંદિરમાં વસે છે ને આશીર્વાદ આપીને કહે છે : 'આ જગતમાં કોઈ પરાયું નથી. કોઈ અપરિચિત નથી.'

## શારદાવાણી

(શ્રીમાના પ્રેરણાદાયી આધ્યાત્મિક ઉપદેશ)

☆ સંસાર અનિત્ય, સંસારમાં જેટલું ન ફસાવાય તેટલું સારું. સંસાર એટલે કામ-કાંચન !

☆ નિવૃત્તિમાર્ગ તરફ જેમની જરા સરખીયે ઇચ્છા હોય, તેમણે વિવાહ ન કરવો એ સારું. જો કે અવિવાહિત જીવનમાં આફતનો સંભવ છે, છતાંય જેની વિવાહ કરવાની ઇચ્છા નથી, તેને વિવાહ કરીને કાયમના ભોગમાં બાંધવો કોઈ રીતે વાજબી નથી.

☆ સંન્યાસી કોઈના વિવાહમાં શા માટે જાય ?

☆ સાધુ, સાવધાન ! સાધુએ હંમેશાં સાવચેત રહેવું. સાધુનો માર્ગ બહુ જ લપસણો. લપસણા રસ્તા પર ચાલતી વખતે દરેક પગલું ઠરાવીને મૂકવું પડે. સાધુએ સ્ત્રી સામે જોવું પણ નહિ.

☆ સાધુમાં રાગદ્વેષ ન જોઈએ; તેણે બધું સહન કરવું જોઈએ.

☆ માંદો પડે તો ય સંન્યાસી ગૃહસ્થને ઘેર શા માટે રહે ? મઠ છે, આશ્રમ છે, ત્યાં રહે. સંન્યાસી ત્યાગનો આદર્શ !

☆ સંન્યાસીની પાસે પૈસો ભેગો થવો ખૂબ ખરાબ. જર હોય તો સો કર. મોજશોખ કરતાં શીખવે. પૈસો ન કરાવે એવી એકે વસ્તુ નથી, પ્રાણઘાત સુધ્ધાં.

☆ તમે જે કંઈ સત્કર્મ કરો તેથી તમારાં પાપ કપાય. ધ્યાન, જપ, ઈશ્વરચિંતનથી પણ પાપ કપાય.

☆ કર્મથી જ સુખદુઃખ મળે. કર્મફળ ભોગવવાં જ પડે. પણ ઈશ્વરનું નામ લેવાથી શૂળીનો ઘા સોયથી સરે; જપ-તપ કરવાથી કર્મો ઘણાં કપાઈ જાય.

☆ જેમ ફૂલને હલાવો તો સુવાસ આવે,ચંદન ઘસતાં ઘસતાં સુગંધ નીકળે, તેમ ભગવત્ તત્ત્વનો વિચાર કરતાં કરતાં તત્ત્વજ્ઞાનનો ઉદય થાય.

☆ દેવદર્શને જવું તો પગે ચાલીને જવું.

☆ શ્રીરામકૃષ્ણની છબી તમારી પાસે રાખજો; અને જાણજો કે ખરેખર શ્રીરામકૃષ્ણ તમારી પાસે રહ્યા છે. તેની પાસે રડીરડીને તમારા મનનું દુઃખ જણાવજો. રુદન કરતાં આકુળવ્યાકુળ ચિત્તે કહેજો : ‘પ્રભુ, મને તમારી પાસે લો, મને શાંતિ આપો.’ એમ કરતાં કરતાં તમારા અંતઃકરણમાં શાંતિ આવવા લાગશે. તમે જોશો કે તમારી ઈચ્છા પૂરી થશે.

☆ જે આતુર થઈને પ્રભુને સાંભળશે, તેને તેનાં દર્શન થશે.

☆ સંધ્યા થાય એટલે સઘળાં કામ મૂકીને ઈશ્વરચિંતન કરવું.

☆ હંમેશાં ઈશ્વરનું સ્મરણ-મનન કરીને પ્રાર્થના કરવી : ‘હે પ્રભુ ! સદ્બુદ્ધિ આપો; મારી દોષદષ્ટિ મટાડી દો.’

☆ માણસની તો વળી કેટલીક બુદ્ધિ ? ઈન્દ્રાસન માગતાં નિદ્રાસન માગી બેસે ! માટે ઈશ્વરના શરણાગત થઈને રહેવું. ઈશ્વર પોતે જ જ્યારે જે વસ્તુની જરૂર હોય ત્યારે તે આપે. સાંસારિક ચીજોની ઈચ્છા ન કરવી. ભક્તિ અને વાસના-રહિતતાની ઈચ્છા રાખવી.

☆ હંમેશાં ઘડિયાળના કાંટાની માફક જપ કરવો.

☆ ઈશ્વરના નામનો જપ કરે તો માણસ પવિત્ર થાય.

☆ ઈશ્વર પર ભરોસો રાખીને પડ્યા રહો, તે પણ એક સાધના.

☆ તમે જો ઈશ્વરને ન સ્મરો તો તેમાં તેને શું ? એ તમારું જ દુર્ભાગ્ય !

☆ જપ-ધ્યાન ઠરાવેલ સમયે આળસ છોડીને કરવાં; એ બાબતમાં પરાણે ટેવ પાડવી.

☆ જેમ તોફાન વાદળાંને ઉડાવી દે, તેમ પ્રભુના નામથી વિષય વાસનારૂપી વાદળાં ઊડી જાય.

☆ સંધિસમયે ઈશ્વરચિંતન કરવું, એ ઉત્તમ. રાત્રિ જાય અને પ્રભાત થાય, દિવસ જાય ને રાત્રિ થાય, એ સંધિસમય; એ વખતે મન શાંત અને પવિત્ર રહે.

☆ જે જેટલું વધારે સાધન-ભજન કરશે, તે તેટલું વહેલું ઈશ્વર દર્શન પામશે.

☆ માતાજી કહેતાં : 'હું વૈકુંઠમાં નારાયણની પાસે લક્ષ્મીરૂપે હતી.'

☆ શ્રીરામકૃષ્ણનો જગતની પ્રત્યેક સ્ત્રી પ્રત્યે માતૃભાવ હતો. આ માતૃભાવ જગતમાં ફેલાવવા માટે મને આ વખતે લાવ્યા છે.

☆ શ્રીરામકૃષ્ણ અને મને અભિન્ન રૂપે જોજો. જ્યારે જે ભાવે દર્શન થાય, ત્યારે તે ભાવે સ્તુતિ, ધ્યાન કરવાં, ધ્યાન થયે પૂજા પૂરી થઈ.

☆ શ્રીરામકૃષ્ણનો એક ઉપદેશ ધારણ કરીને જો કોઈ તે પ્રમાણે બરાબર વર્તી શકે, તો તેની બધી સાધના થઈ જાય.

☆ શ્રીરામકૃષ્ણને જે ભોગ અર્પણ થાય, તેની બધી વસ્તુઓને શ્રીરામકૃષ્ણનાં નેત્રોમાંથી એક અલૌકિક જ્યોતિ બહાર આવીને સ્પર્શ દ્વારા ચાખી જાય છે.

☆ શ્રીરામકૃષ્ણ કહેતા : 'સાચા દિલથી જેઓ મને પુકારશે તેમને માટે મારે અંતકાળે હાજર થવું પડશે.' આ તેમના મુખના શબ્દો !

☆ શ્રીરામકૃષ્ણ હતા એક પ્રત્યક્ષદર્શી પુરુષ. તેમની વાણી વેદવાક્ય છે !

☆ ખરાબમાંથી પણ સારું ગ્રહણ કરવું.

☆ મઠો અથવા જે સ્થાનોમાં સાધુ-સંન્યાસીઓ રહેતા હોય, એ સ્થાનોમાં સ્ત્રીઓની વધુ પડતી આવજા શ્રીમા પસંદ કરતાં નહિ. તે કહેતાં કે : 'જુઓ, ભાઈ, તમે ભલે પવિત્ર, ભક્તિભાવભર્યા અંતરથી ત્યાં જાઓ, પણ તેથી તેમના મનમાં પતન થાય તો એનું પાપ તમને પણ લાગે.'

☆ 'હોય તે આપે, ન હોય તે જપે;' એટલે કે જેની પાસે પૈસાટકા હોય તે ખૂબ દાન કરે, ન હોય તે ખૂબ જપધ્યાન-સાધના કરે.

☆ ઈશ્વરે આંગળીઓ આપી છે તો જપ કરીને તેને સાર્થક કરો.

☆ સહનશીલતાથી મોટો બીજો એકે ગુણ નથી. સંતોષ જેવું બીજું એકે ધન નથી.

☆ ઈશ્વરને અર્પણ કરેલો પ્રસાદ ખાવાથી ચિત્ત શુદ્ધિ થાય.

☆ નદીઘાટે ન્હાવા જાઓ ત્યારે ઘાટ ઉપર મેલું કે કચરો પડેલો હોય તો પાણી રેડીને તે સાફ કરી નાખો. એથી બજા માણસોને જે સુખ સગવડ થશે, તેનું પુણ્ય તમને મળશે.

☆ કળિયુગમાં માણસ કેવળ સત્યને નિષ્ઠાપૂર્વક વળગે તો ઈશ્વરપ્રાપ્તિ થાય. જેણે સત્યને પકડી રાખ્યું છે, તે ઈશ્વરના ખોળામાં સૂતેલ છે.

☆ માગે તે ગરીબ.

☆ કોઈની પાસે એક દોઢિયાને માટે પણ હાથ લાંબો કરતા નહિ. એકવાર હાથ લાંબો થયો, તો પછી તેની પાસે માથું વેંચાયેલું રહેશે.

☆ સર્વ સહન કરો.

☆ સવાર-સાંજ મગજ ઠંડું રાખીને જપધ્યાન કરજો.

☆ દુઃખ-કષ્ટ પામવા છતાં ઈશ્વરને જે વળગી રહે તે જરૂર ઈશ્વરપ્રાપ્તિ કરે.

☆ જો કલ્યાણની ઈચ્છા હોય તો સાચા અંતઃકરણથી ઈશ્વરના શરણાગત થાઓ.

☆ લજ્જા એ જ સ્ત્રીઓનું એક માત્ર આભૂષણ છે. દેવની મૂર્તિને ચરણે ધરવામાં આવે ત્યારે પુષ્પ ધન્યતા અનુભવે છે. નહિ તો પછી ફૂલ છોડ ઉપર કરમાઈ જાય એ જ ઈચ્છવા યોગ્ય છે. આવાં ફૂલોનો ગજરો બનાવીને હું કોઈ અક્કડને સૂંઘતા અને 'વાહ ! કેવી સુગંધ છે', એમ કહેતાં સાંભળું છું, ત્યારે મને ખૂબ જ દુઃખ થાય છે.

☆ સ્ત્રીઓએ આમ સહેલાઈથી મિજાજ ગુમાવી બેસવો ન જોઈએ. તેઓએ સહનશીલ થતાં શીખવું જોઈએ. નાનપણમાં મા-બાપ તેમનાં રક્ષણકર્તા છે અને યુવાનીમાં તેમના પતિ. મોટે ભાગે સ્ત્રીઓ બહુ લાગણીપ્રધાન હોય છે. એકાદ શબ્દથી તેઓ મન પરનો કાબૂ ખોઈ બેસે છે. અને આ જમાનામાં શબ્દો તો બહુ

સસ્તા થઈ ગયા છે ! સ્ત્રીઓએ ધીરજ કેળવવી જોઈએ; મુશ્કેલીઓ હોય છતાં માબાપ અથવા પતિ સાથે સમાધાનથી વર્તવું જોઈએ.

☆ એક દિવસ એક સ્ત્રીભક્તે પોતાની કન્યાને પરણવાની આજ્ઞા કરવા માતાજીને વિનંતી કરી. આ સાંભળી માતાજીએ જવાબમાં કહ્યું: 'જિંદગીભર બીજાની ગુલામી કરવી અને તેની મરજી અનુસાર નાચવું, એ જ દુઃખરૂપ નથી ? એ ખરું કે બ્રહ્મચારિણી તરીકેના જીવનમાં થોડું જોખમ રહેલું છે, તેમ છતાં જો કોઈને સંસારી જીવન ગાળવાની ઇચ્છા ન હોય, તો તેના પર બળજબરી કરી તેને જિંદગીભરની દુનિયાદારીમાં ધકેલી ન દેવી જોઈએ. જે કન્યાઓને સંપૂર્ણ ત્યાગના આદર્શ ઉપર અનુરાગ થયો હોય તેમને બ્રહ્મચારિણીનું જીવન ગાળવાને ઉત્સાહ આપવો જોઈએ.

☆ બેટા ! તું ખૂબ નસીબદાર છે કે તને માનવજન્મ મળ્યો છે. ઈશ્વર ઉપર પ્રગાઢ ભક્તિ રાખીને ખૂબ મહેનત કરવી જોઈએ. પ્રયત્ન વિના કંઈ કેવી રીતે મેળવી શકાય ! ઘરનું કામકાજ દિવસભર હોય તો પણ પ્રાર્થના માટે થોડો સમય ફાજલ પાડવો જોઈએ. હું દક્ષિણેશ્વરમાં રહેતી એ દિવસોમાં કામનો પાર ન હતો; તેમ છતાં મારાં પ્રાર્થના, ધ્યાન ચાલુ જ રહેતાં. મારી ભાભી માનસિક ઉદ્વેગની વાત કરે છે, તો તે પણ એમ જ કરે. વહેલી સવારે ત્રણ વાગે ઊઠે અને ધ્યાનમાં બેસી જાય, અને પછી જોઉં કે આમ કરવા છતાં મનમાં ચિન્તાબિન્તા રહે છે ! એનું દુઃખ શું છે ? બેટા, મેં તો મનનો ઉદ્વેગ કદી જાણ્યો નથી.

☆ પતિ, પુત્ર અને દેહ-બધું માયા છે. એ બધાં માયાનાં બંધન છે. જ્યાં સુધી તમે એમાંથી છૂટો નહિ, ત્યાં સુધી તમને મોક્ષ મળે નહિ. દેહ પરનો મોહ, દેહાત્મભાવ પણ છેવટે જવો જ જોઈએ. બેટા ! આ શરીર શું છે ? (બળી ગયા પછી) એ તો માત્ર શેર રાખ જ છે, તો પછી તેને માટે આટલો ગર્વ શો ? શરીર ગમે તેટલું મોટું હોય, પરંતુ તેનું છેલ્લું પરિણામ તો માત્ર ત્રણ શેર રાખોડી જ છે. અને તેમ છતાં તેના પર માણસોના મોહનો પાર નથી !

☆ અમુક માણસને સાધુ થઈ જવાનું ઉત્તેજન આપવા માટે કોઈ બાઈ માતાજી ઉપર દોષારોપણ કરવા લાગી અને કહેવા લાગી કે, 'પરણવું અને ગૃહસ્થ તરીકે ઠરીઠામ થવું એ પણ ધર્મનું જ અંગ છે.' તેને શ્રીમાએ કહ્યું:

'ધ્યાન રાખ, મ..., આ બધા દેવશિશુઓ છે. વણસૂંઘેલ પુષ્પોની માફક એ બધાં સંસારમાં પૂર્ણ પવિત્ર રહેવાના છે. એનાં કરતાં બીજું વધારે સારું શું ? તેં પોતે તો જોયું છે કે સંસારી જીવનમાં કેવુંક સુખ છે ? આ બધા દવિસોમાં મારી પાસેથી તું શું શીખી છે ? ગૃહસ્થજીવન માટે આટલું બધું આકર્ષણ શા માટે ? પશુભાવ માટે આટલી બધી લોલુપતા શા માટે ? તેમાંથી તને કેવું સુખ મળે છે ? સ્વપ્નમાં પણ તને જીવનના પવિત્ર આદર્શનો વિચાર આવી શકતો નથી ? હજી પણ તારા ધણી સાથે તું ભાઈબહેનની જેમ રહી શકતી નથી ? ભૂંડની જેમ રહેવાની હજી પણ તને કેમ ઇચ્છા થાય છે ? સંસારનાં આ દુઃખો મને તો હાડોહાડમાં ડામ દે છે.'

☆ એક દિવસ કોઈ સંન્યાસીની માએ માતાજીએ કહ્યું કે, 'તમે મારા દીકરાને કહો કે તે સંસારમાં પાછો જાય.' માતાજીએ તેને જવાબ આપ્યો : 'સંન્યાસીની મા થવું એ તો ભારે મોટું ભાગ્ય છે. માણસોને પિત્તળના ઠોબારાનો પણ મોહ છૂટતો નથી, સંસાર છોડવો એ શું સહેલી વાત છે ? શા માટે તું ચિંતા કરે છે ?'

☆ શબ્દો દ્વારા પણ બીજાઓને દુભવવાં નહિ. કારણ વિના અપ્રિય સત્ય બોલીને પણ બીજાઓનું મનદુઃખ કરવું નહિ. કઠોર શબ્દોનો ઉપયોગ કરવાથી પોતાનો સ્વભાવ પણ કઠોર થઈ જાય છે. વાણી ઉપર સંયમ ન હોય તો લાગણીની શક્તિ પણ ચાલી જાય છે. શ્રીરામકૃષ્ણ કહેતા : 'લંગડાને પૂછવું નહિ કે તું કેવી રીતે લંગડો થયો છે.'

☆ ડરશો નહિ, માનવજીવન દુઃખથી ભરેલું છે અને ભગવાનનું નામ લઈને માનવીએ ધીરજથી બધું સહેવાનું છે. કોઈ પણ, અરે માનવદેહમાં ઈશ્વર પણ, શરીર અને મનની યાતનાથી બચી શકે તેમ નથી. અવતારો, સંતો અને સાધુઓને પણ દુઃખની અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. કારણ કે, તેઓ સાધારણ માણસોનાં બંને પ્રકારનાં પાપો - કરવાના કર્મો નહિ કરવાથી અને નહિ કરવાનાં કર્મો કરવાથી લાગતાં પાપો - પોતાના ઉપર લઈ લે છે અને એ રીતે માનવજાતના ભલા માટે પોતાનું બલિદાન આપે છે.

☆ કોઈ બધો વખત યાતના ભોગવી શકે નહિ. પૃથ્વી પર કોઈ આખી

જિંદગી દુઃખમાં કાઢવાનું નથી. દરેક કર્મ તેનું પરિણામ લાવે છે. અને તે પ્રમાણે દરેકને તક મળે છે.

☆ મારું બાળક કાદવથી ખરડાઈ ગયું હોય અથવા તેને ધૂળ ચોંટી ગઈ હોય, તો તેને સાફ કરવાની અને પછી મારા ખોળામાં લેવાની શું મારી ફરજ નથી ?

☆ પરંતુ વત્સ ! ચિંતા કરવી નહિ. આ સાંસારિક સંબંધો ક્ષણિક છે. આજે તે બધા સંબંધો જીવનનું સર્વસ્વ હોય એમ લાગે છે; આવતી કાલે એ બધા ખલાસ થઈ જાય છે. તમારો સાચો સંબંધ તો ઈશ્વર સાથે છે.

☆ મુસીબતો તો આવે. પણ તે કંઈ જિંદગીભર બેઠી રહેતી નથી. તમને માલૂમ પડશે કે એ બધી પૂલ નીચેના પાણીની માફક સડસડાટ ચાલી જાય છે.

☆ અવિવાહિત માણસ ઈશ્વરને પ્રાર્થના કરે કે નહિ, પણ તે અર્ધો મુક્ત છે. તેમના તરફ જરાક આકર્ષણ થાય એટલે તે ઝડપથી આગળ વધવા લાગે છે.

☆ જ્યાં જ્યાં ગુણ કે દોષની ચર્ચા થાય છે ત્યાં હાજર રહેનાર દરેકે તેમાં ઓછે-વત્તે અંશે તેના ભાગીદાર બનવું પડે છે.

☆ ગમેતેવી નાની સૂની હોય, તો પણ કોઈ વસ્તુને નકામી ગણી કાઢવી નહિ. જો તમે વસ્તુને સન્માન આપશો, તો તે વસ્તુ પણ તમને માન આપશે. નાનામાં નાનું કામ પણ સન્માનપૂર્વક કરવું.

☆ એક શિષ્યે શ્રીમાને પૂછ્યું: 'તમે શા માટે બીજાની મદદ લીધા વિના પોતાનાં બધાં જ કર્તવ્યમાં આટલાં બધાં વ્યસ્ત રહો છો ?' ત્યારે શ્રીમાએ જવાબમાં કહ્યું: 'બેટા ! પરિશ્રમી રહેવું સારું છે.'

☆ જે કંઈ ખાઓ તે પહેલાં ઈશ્વરને નૈવેદ્ય રૂપે ધરો. ઈશ્વરને ધરાવ્યા વિના ખાવું નહિ. જેવો તમારો ખોરાક તેવું તમારું લોહી. પવિત્ર ખોરાકમાંથી તમને પવિત્ર લોહી, પવિત્ર મન અને સત્ત્વ પ્રાપ્ત થાય છે. પવિત્ર મનમાં પ્રેમાભક્તિ જન્મે છે.

☆ જ્યાં સુધી માણસમાં વાસનાઓ હોય, ત્યાં સુધી પુનર્જન્મમાંથી છૂટકારો નહિ. વાસનાઓને લીધે તેને એક પછી એક શરીર ધારણ કરવા પડે છે. સાકરનો ગાંગડો ખાવાની ઇચ્છા રહી ગઈ હોય તો પણ દેહ ધરવો પડે.

☆ પૈસાદારે ઈશ્વર અને તેમના ભક્તોની ધન વડે સેવા કરવી. અને ગરીબે ભગવાનના નામનો જપ કરી તેમની આરાધના કરવી.

☆ ઈશ્વર પ્રત્યેના પ્રેમનો આધાર પોતાની આંતરિક લાગણી ઉપર છે. ઈશ્વર પ્રત્યે અનુરાગ એ જ મુખ્ય વાત છે.

☆ એ ખરું છે કે ઈશ્વર જ બધું કરે છે, પરંતુ બહુ જ થોડાને એવી ભાવના રહે છે. અહંકારથી પાગલ બની માણસો ધારે છે કે તેઓ જ બધું કરે છે; ઈશ્વરનો આશ્રય લેતા નથી. જે ઈશ્વર પર આધાર રાખે છે, તેન બધાં સંકટોમાંથી બચાવી લે છે.

☆ તમે પ્રાણાયામનો થોડોક અભ્યાસ કરી શકો પણ વધારે પડતા પ્રાણાયામ કરવા નહિ, તેમ કરવાથી મગજ તપી જાય છે. મન પોતાની મેળે જ શાંત થઈ જતું હોય, તો પછી પ્રાણાયામની શી જરૂર છે ? પ્રાણાયમ અને આસનના અભ્યાસથી ઘણી સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે અને સિદ્ધિઓ માણસને ઊંધે રસ્તે લઈ જાય છે.

☆ છબી એ શું તેમનું પ્રતીક નથી ? તમે જેમ જેમ તેમની પ્રાર્થના કરતા જશો તેમ તેમ તે ઘબી દ્વારા તેમનો આવિર્ભાવ થતો જશે.

☆ સ્મરણાતીત કાળથી અસંખ્ય લોકોએ મૂર્તિઓની પૂજા કરી છે અને તે રીતે મોક્ષ મેળવ્યો છે. શું તેનું કંઈ મહત્ત્વ નથી ? શ્રીરામકૃષ્ણ કદી પણ આવા ભેદભાવના સાંકડા વિચારો ધારણ કરતા નહિ. બ્રહ્મસર્વત્ર વિરાજે છે.

☆ માણસ ગમે તેટલો આધ્યાત્મિક હોય તેમ છતાં શરીરનો ઉપયોગ કરવા બદલ તેને છેક છેલ્લી પાઈ સુધીનો કર ભરવો પડે છે.

☆ મહાન આત્મા અને સાધારણ મનુષ્ય વચ્ચે આટલો ફેર છે; દેહ છોડતી વખતે સાધારણ માણસ રડવા લાગે છે, જ્યારે મહાન આત્મા હસે છે. તેને મન મૃત્યુ રમત વાત છે.

☆ એક ઈશ્વર જ સત્ય છે બીજું બધું ખોટું છે.


☆ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો અને સદા તેમના વિચારોમાં મગ્ન રહેવું, એ જ જીવનનો ઉદ્દેશ છે.



* દુઃખ-કષ્ટ પામવા છતાં ઈશ્વરને જે વળગી રહે તે જરૂર ઈશ્વરપ્રાપ્તિ કરે.
* જો કલ્યાણની ઈચ્છા હોય તો સાચા અંતઃકરણથી ઈશ્વરના શરણાગત થાઓ.
* ઈશ્વરના નામનો જપ કરે તો માણસ પવિત્ર થાય.
* જેમ તોફાન વાદળાંને ઉડાવી દે, તેમ પ્રભુના નામથી વિષયવાસનારૂપી વાદળાં ઊડી જાય.

- શ્રીમા શારદાદેવી

# અમારાં
# પ્રેરણાદાયી પ્રકાશનો




સૂચિપત્ર તથા વિશેષ માહિતી માટે લખો
શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.